દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 121 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 May 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૩ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘સિંદૂર’એ ‘બારુદ’ બનીને પાકને ઘૂંટણિયે પાડ્યું: મોદી

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 87,840/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS



**વિકાસ:** રાજસ્થાનના બિકાનેરમાં વિવિધ વિકાસકાર્યના ઉદ્ઘાટન અથવા શિલાન્યાસ બાદ જાહેરસભાને સંબોધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી.

“મારી નસમાં લોહી નહિ, પણ ગરમ સિંદૂર વહે છે’

અગાઉ શત્રુઓને તેઓના ઘરમાં ઘૂસીને માર્યા, હવે છાતી પર પ્રહાર કર્યો’

દુશ્મન દેશને ભારતનું પાણી નહિ મળે’

શત્રુ દેશ સાથે પીઓકે સિવાય કોઇ મંત્રણા નહિ’

પાકિસ્તાને પાઇ-પાઇ માટે ભીખ માગવી પડશે’

૨૨ મિનિટમાં ત્રાસવાદીઓની નવ છાવણીનો નાશ કરાયો’

પાડોશી દેશના ઍરબેઝને આઇસીયુમાં મુકાયું છે’

બિકાનેર (રાજસ્થાન): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે દેશના દુશ્મનો હવે જાણી ગયા છે કે ‘સિંદૂર’ જ્યારે ‘બારૂદ’ (દારૂગોળો) બને ત્યારે શું થાય છે. ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને ઘૂંટણિયે પડવાની ફરજ પાડી હતી.

જમ્મુ અને કાશ્મીરના પહલગામ હુમલા બાદ પાકિસ્તાન અને ત્યાં છુપાયેલા ત્રાસવાદીઓ સામે હાથ ધરવામાં આવેલા ‘ઑપરેશન સિંદૂર’ બાદ મોદીએ રાજસ્થાનમાં પોતાની પ્રથમ જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે ભારતીય સશસ્ત્ર દળોએ માત્ર ૨૨ મિનિટમાં જ ત્રાસવાદીઓની નવ મોટી છાવણીનો નાશ કર્યો હતો.

પાકિસ્તાનની સરહદે આવેલા બિકાનેરમાંની જાહેરસભાને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે દુનિયાએ અને દુશ્મન દેશે જોઇ લીધું છે કે ‘સિંદૂર’ જ્યારે ‘બારૂદ’ (દારૂગોળો) બને છે ત્યારે શું થાય છે. હવે મોદીની નસ (રક્તવાહિની)માં લોહી નહિ, પણ ‘ગરમ સિંદૂર’ વહે છે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને દરેક ત્રાસવાદી હુમલાની મોટી કિંમત ચૂકવવી પડશે. પાકિસ્તાન સાથે હવે કોઇ વેપાર કે અન્ય મુદ્દે મંત્રણા નહિ કરાય. દુશ્મન દેશ (પાકિસ્તાન) સાથે

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતનાં ૧૮ સહિત ૧૦૩ અમૃત ભારત સ્ટેશનનું ઉદ્ઘાટન

બિકાનેર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૮ સહિત દેશના વિવિધ વિસ્તારમાં ૧૦૩ અમૃત ભારત સ્ટેશનનું ગુરુવારે વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું.

અત્યાધુનિકીકરણ પરત્વેની દેશની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા મોદીએ કહ્યું હતું કે વિકસિત ભારત માટે આધુનિક માળખાકીય સુવિધા ઊભી કરવાના મહાપ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે.

શિલારોપણ અને રૂ. ૨૬,૦૦૦ કરોડની યોજનાઓનું લોકાર્પણ કરતાં તેમણે કહ્યું હતું કે ભારત ટ્રેન નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અત્યાધુનિકીકરણ કરી રહ્યું છે જે દેશની પ્રગતિ તેમ જ નવી ઝડપનું પ્રતિબિંબ પાડે છે. દેશના ૧૮ રાજ્ય

(જુઓ પાનું ૨) ▶▶




## સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું અલર્ટ
# મુખ્ય પ્રધાને કંટ્રોલરૂમ કાર્યરત કરવા સૂચના આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અરબી સમુદ્રમાં સર્જાયેલા લો પ્રેશરને પગલે ગુજરાતમાં સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, અમરેલી અને ભાવનગર જિલ્લામાં પવન ફૂંકાવાની અને વરસાદની આગાહી હવામાન વિભાગે કરી હતી. આ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે હવામાન વિભાગે કરેલી આગાહીને ધ્યાને લેતા, રાજ્યના આ જિલ્લાઓમાં જિલ્લા વહીવટી તંત્રોને સતર્ક અને સજાગ રહેવા તેમજ ૨૪ x ૭ કંટ્રોલરૂમ કાર્યરત કરવા સૂચનાઓ આપી હતી.

મુખ્ય પ્રધાને આ સંભવિત વરસાદ કે ભારે પવન સામે તકેદારી સાથેના સલામતી પગલાઓ માટેના દિશાનિર્દેશો આપ્યા હતા. મુખ્ય પ્રધાને ગાંધીનગરના સ્ટેટ ઇમરજન્સી

(જુઓ પાનું ૨) ▶▶

# ભારત-પાક વચ્ચે સમાધાન કરાવ્યું હોવાનો ટ્રમ્પે ફરી દાવો કર્યો

ન્યૂ યૉર્ક: રાજસ્થાનના બિકાનેરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દુશ્મન દેશ પાકને ઘૂંટણિયે પાડવાનો હુંકાર કર્યો છે ત્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ બાબતે ‘ટ્રેડ’ મારફતે સમાધાન કરાવ્યું હોવાનો અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બુધવારે ફરી દાવો કર્યો હતો.

અમેરિકાની મુલાકાતે ગયેલા દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સાયરિલ રામાફોસા સાથેની બેઠક દરમિયાન ટ્રમ્પે આ દાવો કર્યો હતો.

મારું માનવું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં અમે ‘ટ્રેડ’ મારફતે સમાધાન કરાવ્યું હતું, એમ ટ્રમ્પે કહ્યું હતું. ભારત અને પાકિસ્તાન સાથે અમેરિકાએ મોટો સોદો કર્યો છે અને તમે શું કરી રહ્યા છો? એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે બંને દેશ વચ્ચે પરિસ્થિતિ વણસી રહી હતી, સમસ્યા વધુ મોટી અને ઘેરી બની રહી હતી તેવા સમયે અમે તેમની સાથે વાત કરી હતી અને બંને દેશ વચ્ચે સમાધાન કરાવ્યું હતું. પાકિસ્તાનમાં અમુક ઘણા સારા લોકો અને નેતાઓ છે, ભારત (મોદી) અમારો મિત્ર છે એમ જ્યારે ટ્રમ્પે જણાવ્યું ત્યારે દક્ષિણ આફ્રિકાના પ્રમુખે જવાબ આપ્યો હતો કે અમે પણ પરસ્પર મિત્રો છીએ. મોદી મહાન વ્યક્તિ છે એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે સમાધાન કરાવવા મેં બંને દેશના નેતાઓને ફોન કર્યા હતા. (એજન્સી)■

## સર્વપક્ષી પ્રતિનિધિમંડળે યુએઇ, જાપાનને ઑપરેશન સિંદૂર, પાકપ્રેરિત આતંકવાદ અંગે જાણકારી આપી

અબુધાબી: ભારતે ગુરુવારે વૈશ્વિક સ્તરે પાકપ્રેરિત આતંકવાદ વિરુદ્ધની ઝુંબેશ આરંભી હતી. ભારતના સર્વપક્ષી પ્રતિનિધિમંડળે યુએઈ અને જાપાનને ઑપરેશન સિંદૂર, પાકપ્રેરિત આતંકવાદ તેમ જ ભારતને સ્વબચાવનો અધિકાર હોવા અંગે જાણકારી આપી હતી.

જાપાન પહોંચેલા સર્વપક્ષી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ જેડી (યુ)ના સાંસદ સંજય ઝાએ તો

(જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તર પ્રદેશમાં આંધી-વરસાદનો કાળો કેર: ૧૫નાં મોત

લખનઊ : આંધી અને ભારે વરસાદે ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોને ધમરોળી નાખ્યા હતા અને ઓછામાં ઓછા ૧૫નાં મોત થયાં હતાં. આને લીધે તૂટેલાં વૃક્ષો, ક્ષતિગ્રસ્ત સંપત્તિ અને કારખાનામાં આગ જેવા વિનાશની છાપ જોવા મળી હતી.

બુધવાર અને ગુરુવાર વચ્ચેની રાતમાં તોફાની હવામાનને લીધે થયેલી દુર્ઘટનામાં અનેક જણ મરણ પામ્યાં હતાં. આંધી અને વરસાદને લીધે અનેક જિલ્લામાં વીજળી જતી રહી હતી અને કૃષિમાં મોટું નુકસાન થયું હતું.

મેરઠમાં વરસાદને લીધે થયેલી દુર્ઘટનામાં એક ડૉક્ટર સહિત ત્રણ

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ઇઝરાયલી એલચી કચેરીના બે કર્મચારી ઠાર

વૉશિંગ્ટન ડી.સી.: અહીં યહૂદીઓના એક સંગ્રહાલય ખાતે બુધવારે સાંજે ઇઝરાયલી એલચી કચેરીના બે કર્મચારીને ઠાર મરાયા હતા.

હુમલાખોરની ધરપકડ કરાઇ તેની પહેલાં તેણે ‘પેલેસ્ટાઇનને મુક્ત કરો’ના નારા પોકાર્યા હતા.

મેટ્રોપોલિટન પોલીસ વડાં પામેલા સ્મિથે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વૉશિંગ્ટન ડી.સી.માં આવેલા યહૂદીઓના સંગ્રહાલય ખાતેના ગોળીબારમાં માર્યા ગયેલા ઇઝરાયલી એલચી કચેરીના બે કર્મચારીમાં એક મહિલા અને એક પુરુષ હતા.

તેમણે જણાવ્યું હતું કે પકડાયેલા ૩૦ વર્ષના હુમલાખોરનું નામ ઇલિયાસ રોડ્રિગ્ઝ છે અને તે શિકાગોનો રહેવાસી છે. હુમલાની પહેલાં તે

(જુઓ પાનું ૨) ▶▶












મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોરોના જીવલેણ નથી પણ અર્થતંત્રને ફટકો મારી શકે

**લગભગ** ત્રણ વરસની શાંતિ પછી કાળમુખા કોરોનાના રોગચાળાએ ફરી માથું ઊંચક્યું છે અને ભારત સહિત વિશ્વભરમાં ધડાધડ કોરોના નોંધાવા માંડ્યા છે. ભારતમાં અનેક રાજ્યોમાં કોરોનાના કેસોમાં વધારો થતાં લોકો ચિંતામાં છે. સરકારી આંકડા મુજબ કોરોનાના નવા વેરિયન્ટે દેશની રાજધાની દિલ્હી સહિત કુલ ૧૧ રાજ્યોને ઝપેટમાં લઈ લીધા છે. સરકારી ડેટા મુજબ દેશમાં કોરોનાના નવા વેરિયન્ટના અત્યાર સુધીમાં કુલ ૨૫૭ સક્રિય કેસ નોંધાયા છે તેમાં ૧૬૪ કેસો નવા નોંધવામાં આવ્યા છે.

કોરોનાના સૌથી વધારે કેસ કેરળમાં નોંધાયા છે પણ મહારાષ્ટ્ર માટે ચિંતાનો વિષય એ કહેવાય કે, નવા વેરિયન્ટની વ્યાપક અસર મહારાષ્ટ્રમાં પણ જોવા મળી રહી છે. મુંબઈની કિંગ એડવર્ડ મેમોરિયલ હોસ્પિટલમાં કોરોનાના કારણે બે લોકોનાં મોત થયા છે. સત્તાવાર રીતે બંને લોકોના મોત પાછળ અન્ય કારણો દર્શાવાયાં છે. મૃતકો પૈકી ૫૯ વર્ષિય વૃદ્ધ કેન્સરથી પીડાતા હતા જ્યારે ૧૪ વર્ષની કિશોરી પણ અન્ય સમસ્યાઓથી પીડાતી હોવાનું કહેવાયું છે પણ વાસ્તવમાં મોત કોરોનાના કારણે થયાનું કહેવાય છે.

કોરોનાના નવા વેરિયન્ટના કેરળમાં સૌથી વધુ ૬૯ કેસ નોંધાયા છે અને કુલ સક્રિય દર્દીઓની સંખ્યા ૯૫ પર પહોંચી ગઈ છે. બીજા નંબરે તમિળનાડુમાં નવા ૩૪ પોઝિટિવ કેસ નોંધાતાં કુલ કેસની ૬૬ પર પહોંચી છે. એ પછી મહારાષ્ટ્રમાં ૪૪ નવા કેસ નોંધાયા બાદ કુલ કેસોની સંખ્યા ૫૬ પર પહોંચી છે. ગુજરાતમાં ૬ નવા કેસ નોંધાતાં કુલ કેસ ૭ થયા છે. હરિયાણામાં એક નવો કેસ, રાજધાની દિલ્હીમાં ત્રણ નવા સાથે કુલ પાંચ કોરોના કેસ નોંધાયા છે.

કોરોનાનો વરવો અનુભવ આખી દુનિયાને પહેલાં જ થઈ ચૂક્યો છે તેથી બધા દેશો કોરોનાના નવા કેસો નોંધાતાં જ સતર્ક થઈ ગયા છે. આ વખતે કોરોનાએ સિંગાપોર અને હોંગકોંગને સૌથી વધારે લપેટમાં લીધા છે. સિંગાપોર અને હોંગકોંગમાં વધતા કેસને પગલે ભારત સરકારના આરોગ્ય મંત્રાલયે આરોગ્ય સેવાઓના ડાયરેક્ટરના અધ્યક્ષસ્થાને યોજેલી બેઠકમાં નેશનલ સેન્ટર ફોર ડિસિઝ કન્ટ્રોલ, ઇમર્જન્સી મેડિકલ રિલીફ ડિવિઝન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ, કેન્દ્ર સરકારની હોસ્પિટલોના નિષ્ણાતો હાજર હતા.

આ બેઠકમાં સ્થિતિની સમીક્ષા કરાઈ પછી એવું તારણ કઢાયું છે કે ભારતમાં કોરોના-૧૯ની હાલની સ્થિતિ નિયંત્રણમાં છે. ભારતમાં ૧૯ મેથી અત્યાર સુધીમાં કોવિડના ૨૫૭ કેસ નોંધાયા છે. દેશની વસતીને ધ્યાનમાં રાખતા આ આંકડો બહુ નાનો છે અને મોટા ભાગના કેસ ગંભીર નથી એ જોતાં બહુ ચિંતા કરવા જેવી નથી.

કેન્દ્ર સરકાર ભૂતકાળના અનુભવોને આધારે વહેલી જાગી ગઈ છે એ સારું છે. બેઠકો શરૂ થઈ ગઈ છે અને કોરાનાના દર્દીઓની સારવાર માટેની વ્યવસ્થા પણ કરાઈ રહી છે તેથી ભારતમાં કોરોનાના કેસો ના વધે એવું બને પણ તેના કારણે લોકોએ નચિંત બની જવાની જરૂર નથી. તેનું કારણ એ કે, દુનિયાના બીજા દેશોમાં કોરોનાના કેસોમાં ધડાધડ વધારો થયો છે. હોંગકોંગમાં છેલ્લા બે મહિનામાં જ કોરોનાના કેસમાં ૩૦ ગણો વધારો થયો છે.

હોંગકોંગમાં માર્ચમાં કોરોનાના કેસનો આંકડો ૩૩ હતો. અઠવાડિયા પહેલાં ૯૭૨ કેસ હતા. ૧૫ દિવસ પહેલાં એટલે કે ૧૦ મે ૨૦૨૫ના રોજ એક જ દિવસમાં કોરોનાના કુલ ૧૦૪૨ કેસ નોંધાયા ને પછી કેસ ધડાધડ વધતાં ૧૫ હજારને પાર આંકડો થઈ ગયો છે. એક અઠવાડિયામાં કોરોનાના કેસોમાં સીધો ૩૦ ટકા ઉછાળો આવ્યો છે ને હોસ્પિટલમાં દરરોજે ભરતી થતાં દર્દીઓની સંખ્યા પ્રતિ દિન વધીને ૧૫૦ને પાર થઈ ગઈ છે. સિંગાપોરમાં કોરોનાના કેસ ૨૭ એપ્રિલના રોજ પૂરા થયેલા અઠવાડિયામાં ૧૧,૧૦૦ હતા. ત્રણ અઠવાડિયામાં વધીને ૫૦ હજારને પાર થઈ ગયા છે અને થાઈલેન્ડમાં આ વર્ષે કોરોનાના નવા ૭૧ હજારથી વધારે કેસ નોંધાયા છે અને અને ૧૯ મોત થયાં છે.

ભારતમાં પણ આ સ્થિતિ આવી શકે છે એ જોતાં લોકો સતર્ક રહે એ જરૂરી છે. કોરોનાના કેસોમાં આવેલા ઉછાળા માટે અપાતું કારણ પણ ચિંતા પેદા કરનારું છે. કોરોનાના કેસોમાં આવેલા ઉછાળા પાછળ ઘણાં કારણ અપાય છે પણ મુખ્ય કારણ કોરોનાની વેક્સિનના કારણે મળેલી રોગ પ્રતિકારક શક્તિ ધીમે-ધીમે ખતમ થઈ રહી હોવાનું કહેવાય છે.

અત્યારે દુનિયામાં જે કોવિડ વેરિયન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે તે એલએફ-૭ અને એનબી ૧.૮ છે. આ બંને વેરિયન્ટ જેએન૧ વેરિયન્ટની નેક્સ્ટ જનરેશનના વાયરસ છે. જેએન-૧ વેરિયન્ટનો ઉપયોગ કોવિડ વેક્સીન બનાવવામાં થયો હતો. ભારત સહિતના દેશોમાં કોરોનાની આ વેક્સિન અપાઈ હતી પણ હવે ત્રણ વર્ષ પછી કોરોના વાયરસના નવા વાઇરસ પેદા થયા તેમાં જૂની રસી કારગત નિવડી રહી નથી તેથી કોરોના ફરી ઊથલો મારી રહ્યો છે એવું કહેવાય છે. ભારતમાં પણ આ જ કારણે કોરોનાના કેસો વધી રહ્યા છે એવું ના કહી શકાય પણ ભારતમાં કોરોનાના કેસ આ કારણે વધે એવો ખતરો છે જ.

બીજો ખતરો નવા વેરિયન્ટ ઝડપથી ફેલાવાની ક્ષમતાના કારણે છે. હેલ્થ ઍક્સપર્ટ્સનું કહેવું છે કે કોરોનાના કેસ વધવા પાછળ ઓમિક્રોન વેરિયન્ટનો પેટા વેરિયન્ટ જેએનડોટવન (ઉંગ.૧) જવાબદાર છે. સિંગાપોરમાં અત્યાર સુધીમાં જે સેમ્પલનું જિનોમ સિક્વન્સિંગ કરવામાં આવ્યું તેમાંથી મોટા ભાગના આ જ વેરિયન્ટ છે. આ વેરિયન્ટ સાવ નવો નથી પણ ઓમિક્રોનનો જ સબ વેરિયન્ટ છે અને લાંબા સમય સુધી દુનિયામાં ફેલાયેલો હતો.

સામાન્ય શરદી-તાવ પણ ઘરમાં એક વ્યક્તિને થાય તો બધાંને થઈ શકે છે પણ એટલો ગંભીર નથી કે કોઈનું મોત નિપજી શકે. કોરોના વાઇરસ પણ હવે એવો જ બની ગયો છે. ટૂંકમાં આ વેરિયન્ટ ખતરનાક નથી અને તેનાથી સામાન્ય શરદી-તાવ આવી શકે છે. તેના કારણે આ વેરિયન્ટ અગાઉની જેમ લોકોને મોટા પ્રમાણમાં બીમાર નહીં કરે પણ ઝડપથી ફેલાય છે તેથી ચિંતાજનક છે. આ કારણે ભારતમાં પણ મોટા પ્રમાણમાં કોરોનાના કેસો વધે એવો ખતરો છે.

કોરોનાના કેસો મોટા પ્રમાણમાં નોંધાય તેના કારણે અર્થતંત્રને મોટો ફટકો પડતો હોય છે અને ગંભીર આર્થિક અસરો પડતી હોય છે. આ કારણે ભલે કોરોનાના નવા વેરિયન્ટના કારણે કોઈ મરે નહીં તો પણ કોરોના વધારે પ્રમાણમાં ફેલાય એ દેશના હિતમાં નથી જ. લોકોએ આ કારણે સતર્ક રહેવું જોઈએ અને દેશને આર્થિક નુકસાન થતું રોકવા માટે પણ કોરોનાને ફેલાતો રોકવો જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,
શુક્રવાર, તા. ૨૩-૫-૨૦૨૫, અપરા એકાદશી, પંચક

- ભારતીય દિનાંક ૨, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૬મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સાંજે ક. ૧૬-૦૧ સુધી, પછી રેવતી
- ચંદ્ર મીનમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ભરતીઃ સવારે ક. ૦૮-૪૭, રાત્રે ક. ૨૦-૩૪
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૬ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭ • 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - એકાદશી. અપરા એકાદશી (કાકડી), ભદ્રકાલી એકાદશી (પંજાબ), જલક્રીડા એકાદશી (ઓરિસ્સા), પંચક, બુધ વૃષભમાં બપોરે ક. ૧૩-૦૧. • શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, એકાદશી વ્રત ઉપવાસ, અહિર્બુધ્ન્ય દેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, શુક્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, નવો હોદ્દો સંભાળવો, શ્રી સત્યનારાયણ મંદિર, શ્રી વિષ્ણુ મંદિર, શ્રીકૃષ્ણ મંદિર, શ્રી રામમંદિર, શ્રી વિઠ્ઠલ-રુક્મિણી મંદિર ઈત્યાદિ મંદિરોમાં વિશેષ પૂજા, પાટ-અભિષેક, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, દસ્તાવેજ, દુકાન, નોકરી, નવાં વસ્રો, આભૂષણ, દેવદર્શન, બાળકનું નામકરણ, આભૂષણ નિર્માણ, મિત્રતા કરવી. સ્થાવર મિલકત લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડ, ગાય-બળદની લેવડદેવડ, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર મંગળ ત્રિકોણ ગંભીર સ્વભાવ, ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ આંખોની કાળજી લેવી, ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર મંગળ ત્રિકોણ (તા. ૨૪), ચંદ્ર-સૂર્ય અર્ધચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર યુતિ (તા. ૨૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ/ વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ઈડી બધી મર્યાદા ઓળંગી રહ્યું છેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ગુરુવારે તમિળનાડુમાં દારૂની દુકાનના લાઇસન્સ સંબંધિત ભ્રષ્ટાચાર સામેની કાર્યવાહી સ્થગિત કરતો આદેશ આપતી વખતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ની આકરી ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે ઇડી બધી મર્યાદા ઓળંગી રહ્યું છે.

તમિળનાડુ સરકાર અને તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન દ્વારા કરાયેલી અરજીને પગલે ઇડીને નોટિસ આપતા મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇ અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યોર્જ માસિહની બનેલી બૅન્ચે ઇડી વતી સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત કરી રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુને જણાવ્યું હતું કે ઇડી દરેક મર્યાદા વટાવી રહ્યું છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ ગવઇએ તમિળનાડુ સરકારની સંસ્થા તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન પરના દરોડાના સંબંધમાં ઇડીને વિવિધ સવાલ કર્યા હતા અને જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ વહીવટીતંત્રને લગતી કેન્દ્રીય પ્રણાલીનો ભંગ કરી રહ્યું છે.

દેશના મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતા હેઠળની બૅન્ચે તમિળનાડુ સરકાર અને તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન વતી સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરી રહેલા વકીલો - કપિલ સિબલ અને અમિત આનંદ તિવારીની રજૂઆત સાંભળ્યા બાદ ઇડીની તમિળનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન સામેની તપાસ સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો.

દરમિયાન, એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુને જણાવ્યું હતું કે આ પ્રકરણમાં રૂપિયા ૧,૦૦૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર થયો છે અને ઇડી પોતાની મર્યાદા નથી ઓળંગતું. (એજન્સી) ■

# વક્ફ કેસઃ સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ અનામત રાખ્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે વક્ફ કેસને મામલે વચગાળાનો આદેશ ગુરુવારે અનામત રાખ્યો હતો.

વક્ફ સુધારા કાયદા ૨૦૨૫ની માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે કોર્ટ દ્વારા વક્ફ જાહેર કરવામાં આવેલી મિલકતને ડિનોટિફાય કરવા સહિત વક્ફ બાય યુઝર કે વક્ફ બાય ડીડ સંબંધિત સત્તાને લગતા ત્રણ મુદ્દે વચગાળાનો આદેશ આપવાનું સુપ્રીમ કોર્ટે ગુરુવારે મોકૂફ રાખ્યું હતું.

વચગાળાનો આદેશ અનામત રાખતા અગાઉ મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યૉર્જ માસિહની બનેલી ખંડપીઠે વક્ફ સુધારા કાયદા ૨૦૨૫ની માન્યતાને પડકારનારાં અરજકર્તાઓનું પ્રતિનિધિત્વ કરી રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ, રાજીવ ધવન અને અભિષેક સિંઘવી તેમ જ કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાની દલીલ સતત ત્રણ દિવસ સાંભળી હતી.

કેન્દ્ર સરકારે એમ કહીને વક્ફ સુધારા કાયદા ૨૦૨૫નો બચાવ કર્યો હતો કે આ કાયદો બિનસાંપ્રદાયિક છે અને બંધારણીય છૂટ લઈને તેનાં પર સ્ટે આપી શકાય નહીં.

સિબ્બલે આ કાયદાને બંધારણના સિદ્ધાંતોથી સંપૂર્ણપણે વિમુખ અને ન્યાયી પ્રક્રિયા વિના વક્ફ પર કબજો મેળવવાનો પ્રયાસ લેખાવ્યો હતો. વક્ફની મિલકત પર યોજનાબદ્ધ રીતે કબજો મેળવવાનો આ કેસ હોવાનું તેમણે કહ્યું હતું. વક્ફ સુધારિત કાયદાને મામલે ક્યા મુદ્દા ઉપાડવા અંગે સરકાર આદેશ આપી શકે નહીં.

અરજકર્તાએ હાલ ત્રણ ચાવીરૂપ મુદ્દા પર વચગાળાનો આદેશ આપવાની માગણી કરી છે જેમાં કોર્ટ દ્વારા વક્ફ જાહેર કરવામાં આવેલી મિલકતને ડિનોટિફાય કરવા સહિત વક્ફ બાય યુઝર કે વક્ફ બાય ડીડ સંબંધિત સત્તા જેવા મુદ્દાનો સમાવેશ થાય છે.

અગાઉ અરજકર્તા દ્વારા ઉપાડી લેવામાં આવેલો બીજો મુદ્દો સ્ટેટ વક્ફ બૉર્ડ અને સેન્ટ્રલ વકફ કાઉન્સિલની રચના સંબંધિત હતો જેમાં તેમણે દલીલ કરી હતી કે બૉર્ડનું સંચાલન માત્ર મુસ્લિમ સભ્યો જ કરી શકે.

ત્રીજો મુદ્દો એ સંબંધિત હતો કે પ્રોપર્ટી સરકારી જમીન છે કે નહીં તેની ખાતરી કરવા કલેક્ટર તપાસ હાથ ધરે ત્યારે વકફની પ્રોપર્ટીને વક્ફની ગણવામાં નહીં આવે.

સિબલે કહ્યું હતું કે અગાઉ ૧૭ એપ્રિલે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને બાંયધરી આપી હતી કે સરકાર પાંચમી મે સુધી વક્ફ બાય યુઝર્સ સહિતની વકફ પ્રોપર્ટીને ડિનોટિફાય નહીં કરે તેમ જ સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને બૉર્ડમાં કોઈ નિમણૂક પણ નહીં કરે.

વક્ફ બાય યુઝર્સ સહિતની વકફ પ્રોપટી ના ડિનોટિફિકેશન અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને બૉર્ડમાં બિનમુસ્લિમની નિમણૂક કરવાની પરવાનગી આપતી જોગવાઈ પર સ્ટે આપવાને મામલે વચગાળાનો આદેશ આપવાના સુપ્રીમ કોર્ટના પ્રસ્તાવનો કેન્દ્ર સરકારે વિરોધ કર્યો હતો.

પાંચ એપ્રિલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપ્યા બાદ કેન્દ્ર સરકારે ગયા મહિને વક્ફ સુધારા કાયદો ૨૦૨૫ નોટિફાય કર્યો હતો.

વક્ફ અમેન્ડમેન્ટ બિલને લોકસભામાં ૨૮૮ વિરુદ્ધ ૨૩૨ અને રાજ્યસભામાં ૧૨૮ વિરુદ્ધ ૯૫ મતથી મંજૂરી આપવામાં આવી હતી.

પચીસ એપ્રિલે કેન્દ્રના લઘુમતી બાબતોના ખાતાએ સુધારિત વક્ફ ઍક્ટ ૨૦૨૫નો બચાવ કરતું ૧,૩૩૨ પાનાનું પ્રાથમિક સોગંદનામું દાખલ કર્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### 'સિંદૂર'એ 'બારુદ'

માત્ર તેના કબજા હેઠળનું કાશ્મીર (પીઓકે) પાછું સોંપવાની બાબતમાં જ વાત કરાશે. મોદીએ જણાવ્યું હતું કે ભારત ક્યારેય કોઇની અણુબૉમ્બના હુમલાની ધમકીથી નહિ ડરે. ભારતનું સૈન્ય દેશ પર હુમલો કરનારને દર વખતે જડબાતોડ જવાબ પોતાના સમયે અને પોતાના દ્વારા નક્કી કરાયેલી રીતથી આપશે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારત હવે ક્યારેય હુમલાખોર ત્રાસવાદીઓ અને તેઓને મદદ કરનારા લોકોને અલગ-અલગ નહિ ગણે. પાકિસ્તાન સરકારની કે તેની સહાય મેળવતા ત્રાસવાદીઓની કોઇ પણ 'રમત' ચલાવી નહિ લેવાય. ભારત સરકારે દુશ્મનોની સામે કાર્યવાહી કરવા માટે લશ્કરની ત્રણેય પાંખને છૂટો દોર આપ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને રાજસ્થાનમાંના બિકાનેરના હવાઇ મથક (ઍરબેઝ) પર હુમલાનો કરેલો પ્રયાસ નિષ્ફળ બનાવાયો હતો, જ્યારે ભારતીય લશ્કરે પાકિસ્તાનના રહિમયાર ખાન ઍરબેઝને આઇસીયુમાં ધકેલી દીધું છે અને કોઇને ખબર નથી કે તે ફરી શરૂ થઇ શકશે કે નહિ.

મોદીએ જણાવ્યું હતું કે ભારતીય મહિલાઓના 'સિંદૂર' ભૂંસવા આવનારા લોકોને જ મિટાવી દેવાયા છે. હિંદુસ્તાનના લોકોના વહેલા લોહીના દરેક ટીપાંની કિંમત ચૂકવવી પડશે. 'મા ભારતી'ના સેવક મોદીનું મગજ ભલે શાંત હોય, પણ લોહી ગરમ છે. પાકિસ્તાન જો ત્રાસવાદીઓ મોકલવાનું ચાલુ રાખશે, તો તેણે પાઇ-પાઇ માટે ભીખ માગવી પડશે. (એજન્સી) ■

### અમેરિકામાં

સંગ્રહાલયની બહાર ફરતો દેખાયો હતો અને બાદમાં સંગ્રહાલયની અંદર જઇને ગોળીબાર કરવા લાગ્યો હતો. સંગ્રહાલયના ચોકીદારે તેને પકડ્યો હતો. તેને પકડવામાં આવ્યો ત્યારે તે 'પેલેસ્ટાઇનને મુક્ત કરો'ના નારા લગાવતો હતો. અમેરિકામાં રહેતા યહૂદીઓને હાલમાં કોઇ જોખમ નથી જણાતું.

ઇઝરાયલના વડા પ્રધાન નેતાન્યાહુની ઑફિસે ગુરુવારે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને યહૂદીઓને લક્ષ્ય બનાવીને જ આ ગોળીબાર કરાયો હોવાનો આક્ષેપ કર્યો હતો.

અમેરિકામાંના ઇઝરાયલના રાજદૂત યેચિયેલ લેઇટરે જણાવ્યું હતું કે ગોળીબારમાં મરનારું યુવાન દંપતી હતું. આ ઘટનામાં મરનારા પુરુષે આવતા અઠવાડિયે મહિલાની સમક્ષ જેરુસલેમમાં લગ્નનો પ્રસ્તાવ મૂકવા માટે આ સપ્તાહે વીંટી પણ ખરીદી હતી.

અમેરિકામાંના ભૂતપૂર્વ ઇઝરાયલી રાજદૂત માઇક હર્ઝોગે જણાવ્યું હતું કે મરનારી મહિલા (ઇઝરાયલી એલચી કચેરીમાંની) અમેરિકી કર્મચારી હતી, જ્યારે પુરુષ ઇઝરાયલી હતો. (એજન્સી) ■

### ગુજરાતના

અને કેન્દ્રશાસિત પ્રદેશના ૮૬ જિલ્લામાં ૧૦૩ અમૃત ભારત સ્ટેશનનું રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. દેશના રેવલે સ્ટેશનો અને એરપોર્ટનું અત્યાધુનિકીકરણ કરવા છેલ્લાં ૧૧ વર્ષમાં અસાધારણ કામ કરવામાં આવ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પાછળ સરકાર અગાઉની સરખામણીએ અનેકગણો ખર્ચ કરી રહી છે. વંદે ભારત ટ્રેન દેશના વિવિધ ૭૦ જેટલા રૂટ પર દોડી રહી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે છેલ્લાં ૧૧ વર્ષમાં સેંકડો ઑવર બ્રિજ અને અન્ડર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. નવા ટ્રેક નાખવામાં આવ્યા છે અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પણ પુરજોશમાં ચાલી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. ૧૦૩માંથી ૧૦૦ અમૃત ભારત સ્ટેશનનું કામ પૂરું થઈ ગયું છે. અગાઉની સરખામણીએ હાલનું ચિત્ર કેટલું બદલાઈ ગયું છે તે લોકો સોશ્યલ મીડિયા પર જોઈ રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું. વિકાસ અને વારસાનો મંત્ર અમલી બની રહ્યો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ બાબત સ્થાનિક કલા અને સંસ્કૃતિનું પ્રતીક છે. પ્રત્યેક અમૃત ભારત સ્ટેશન પર તમને ભારતના હજારો વર્ષ જૂના વારસાના દર્શન થશે, એમ તેમણે કહ્યું હતું. અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત અત્યાધુનિક સુવિધા સાથે રિડેવલપ કરવામાં આવેલા ૧,૩૦૦ સ્ટેશન પર પ્રાદેશિક સ્થાપત્યના વારસાનું પ્રતિબિંબ પડે છે. (એજન્સી) ■

### મુખ્ય પ્રધાને

ઓપરેશન સેન્ટરમાં પણ કંટ્રોલરૂમ ૨૪ × ૭ કાર્યરત રહે અને આ જિલ્લાઓ સાથે સતત સંપર્કમાં રહે તેવી સૂચનાઓ આપી હતી.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પૂર્વ મધ્ય અરબ સાગરમાં સાયક્લોનિક સર્કયુલેશન સર્જાયું છે. જે લો પ્રેશર બનવાની અને તેના પછી ડિપ્રેશનમાં ફેરવાય તેવું પૂર્વાનુમાન છે. ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સમય દરમિયાન ભારે પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે. જે માછીમારો દરિયામાં ગયા છે તેમને શુક્રવાર સાંજ સુધીમાં પરત ફરી જવાની સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદની આગાહીના પગલે રાજ્યના અનેક માર્કેટિંગ યાર્ડ તરફથી ખેડૂત અને વેપારીઓને પણ પોતાની જણસી સલામત રીતે લાવવા અને રાખવા જણાવવામાં આવ્યું હતું. શુક્રવાર ૨૩ મેના રોજ અમરેલી, ભાવનગર, નવસારી અને વલસાડમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, જૂનાગઢ, ગીર, સોમનાથ, ભરૂચ, સુરત, નર્મદા, તાપી અને ડાંગમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ૨૪ મેના રોજ જૂનાગઢ, ગીર સોમનાથ, નવસારી, વલસાડમાં ઓરેન્જ એલર્ટ તથા પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, સુરત, તાપી, ડાંગમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ■

### સર્વપક્ષી પ્રતિનિધિમંડળે

યુએઈ ગયેલા પ્રતિનિધિમંડળનું નેતૃત્વ શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ કર્યું હતું.

શિંદેના વડપણ હેઠળનું પ્રતિનિધિમંડળ યુએઈ ફેડરલ નેશનલ કાઉન્સિલના સભ્ય અહમદ મીર ખૂરીને અબુધાબીમાં મળ્યું હતું અને પાકપ્રેરિત આતંકવાદનો જડબાતોડ જવાબ આપવાનો ભારતે દૃઢનિશ્ચય કર્યો હોવાનો સંદેશો આપ્યો હતો.

'ઑપરેશન સિંદૂર'ની સફળતા અંગે અમે ગર્વ અનુભવી રહ્યા છીએ એમ જણાવી શિંદેએ પાકપ્રેરિત આતંકવાદના જોખમ પર પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રતિનિધિમંડળમાં શિવસેનાના શ્રીકાંત શિંદે ઉપરાંત મનનકુમાર મિશ્રા (ભાજપ), સસ્મિત પાત્રા (બીજેડી), ઈ. ટી. મોહમ્મદ બશીર (આઈયુએમએલ), એસ. એ. અહલુવાલિયા (ભાજપ), અતુલ ગર્ગ (ભાજપ), બાંસૂરી સ્વરાજ (ભાજપ), ભૂતપૂર્વ રાજદૂત સૂજન આર. ચિનોય અને યુએઈ ખાતે ભારતના રાજદૂત સંજય સુધીરનો સમાવેશ થતો હતો.

આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને સ્થિરતા સ્થપાય તેમ જ વૈશ્વિક સુરક્ષા માટે અમે મક્કમ વલણ અપનાવ્યું છે, એમ શિંદેએ કહ્યું હતું.

ઑપરેશન સિંદૂરને મામલે ભારતના સર્વપક્ષી પ્રતિનિધિમંડળને આવકારનાર યુએઈ પ્રથમ દેશ છે. આ બાબત બંને દેશ વચ્ચેના મિત્રતાપૂર્ણ અને સઘન સંબંધો પર પ્રકાશ પાડે છે, એમ અહમદ મીરે કહ્યું હતું.

ઝાના વડપણ હેઠળ જાપાન ગયેલા પ્રતિનિધિમંડળમાં સમાવિષ્ટ લોકોમાં ભાજપના સાંસદ અપરાજિતા સારંગી, બ્રિજલાલ પ્રધાન બરુઆ તેમ જ હેમાંગ જોશી ઉપરાંત કૉંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન સલમાન ખુર્શીદ, ટીએમસીના સાંસદ અભિષેક બેનરજી, સામ્યવાદી પક્ષના જૉન બ્રિટાસ અને ભૂતપૂર્વ રાજદૂત મોહનકુમારનો સમાવેશ થાય છે.

જાપાનની મુલાકાત દરમિયાન આ પ્રતિનિધિમંડળ ઑપરેશન સિંદૂર, પાકપ્રેરિત આતંકવાદ તેમ જ ભારતને સ્વબચાવનો અધિકાર હોવા જેવી બાબતો ઉપરાંત સરહદપારના આતંકવાદને મામલે ભારતના મક્કમ વલણ અંગે જાણકારી આપશે. પાકપ્રેરિત આતંકવાદને મામલે ભારતની પ્રતિક્રિયા અને મક્કમ વલણ અંગે વિશ્વના ૩૩ દેશને માહિતગાર કરવા ભારતે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાનો નિર્ણય લીધો છે. (એજન્સી) ■

### ઉત્તર પ્રદેશમાં

જણ મરણ પામ્યાં હતાં અને બીજા આઠ જણ ઘાયલ થયા હતા. પોલીસે માહિતી આપી હતી કે મોદીપુરમના રૂરકી રોડમાં કાર પર એક થાંભલો પડી જતાં ૨૫ વર્ષના સબહાન સૈફીનું મરણ થયું હતું.

બીજા એક બનાવમાં રુહાસા ગામમાં ઝાડ ૩૨ વર્ષના અમિત ચૌધરી પર પડતાં તેનું મરણ થયું હતું. ચૌધરી વરસાદથી બચવા આશરો શોધી રહ્યો હતો. એક રોજી કામદાર મન્સૂર તૂટી ગયેલી દીવાલમાં દટાઈ જતા તેનું મરણ થયું હતું. તેનો મૃતદેહ આજે બહાર કાઢવામા આવ્યો હતો. પવનને લીધે અનેક ઝાડ, હોર્ડિંગ્સ અને યુનિપોલ પડી ગયા હતા.

આંધીને લીધે વીજળીના થાંભલા પણ જમીનદોસ્ત થયા હતા.

સહરાનપુર જિલ્લામાં ૬૫ વર્ષના અનિલ અને તેનો ૩૫ વર્ષનો ભત્રીજો મોહિત (૩૫) ખેતરમાં કામ કરતા હતા ત્યારે વીજળી પડતાં અનિલનું તત્કાળ મૃત્યુ થયું હતું અને મોહિતને ઈજા પહોંચી હતી. કુર્દી ગામમાં પણ ઘરના છાપરા પર વીજળી પડતાં ૩૦ વર્ષના અંકિતનું મરણ થયું હતું. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી તથા શોકગ્રસ્ત કુટુંબો અને ઘાયલોને સરકારી સહાય આપવાની ખાતરી આપી હતી. દરમિયાન બદાયુમાં બુધવારે સાંજે તેલના કારખાનામાં ભીષણ આગ લાગી હતી. અગ્નિશામક દળના લડવૈયાઓ આખી રાત આગ સામે ઝઝૂમ્યા હતા. કારખાનામાં મેન્થા તેલ અને રસાયણો હોવાથી આગ ઓલવવા પાણીને બદલે ફોમનો ઉપયોગ કરવો પડ્યો હતો.

અધિકારીએ કહ્યું હતું કે જોરદાર પવનને લીધે કારખાનાનો એક ભાગ તૂટી પડ્યો હતો. આને લીધે તણખો ઝર્યો હતો અને તે તેલ સાથે સંપર્કમાં આવતા આગ શરૂ થઈ હતી. પરોઢિયે સવાચાર વાગ્યે કારખાનામાં રહેલા હાઈડ્રોજન સિલિન્ડરને લીધે શક્તિશાળી સ્ફોટ થયો હતો અને આખો વિસ્તાર હચમચી ગયો હતો.

જિલ્લા ફાયર અધિકારી રામરાજ યાદવે કહ્યું હતું કે ધડાકામાં કોઈ મરણ પામ્યું નહોતું.

કેન્દ્રના રાજ્યકક્ષાના પ્રધાન બી. એસ. વર્માએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. કોઈ જાનહાનિ થવાના અહેવાલ નથી.

બિજનોરના અફઝલગઢમાં પોલીસ સ્ટેશને બાઈક પર આવી રહેલા કોન્સ્ટેબલનું વાહન તોફાનને લીધે તૂટેલા ઝાડ સાથે અથડાતાં તે મરણ પામ્યો હતો. પોલીસ સર્કલ ઑફિસર (સીઓ) રાજેશ સિંહે કહ્યું હતું કે કોન્સ્ટેબલ પુષ્પેન્દ્ર (૩૫) અફઝલગઢમાં ફરજ બજાવતો હતો. તે બુધવારે રાત્રે જતપુરા સરહદ પર ફરજ બજાવીને પોલીસ સ્ટશન પાછો ફરી રહ્યો હતો. તોફાન અને વરસાદને લીધે એક ઝાડ રોડ પર તૂટી પડ્યું હતું. અંધારામાં તેની બાઈક ઝાડ સાથે ટકરાતાં કોન્સ્ટેબલનું મરણ થયું હતું. તેનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

ઝાંસીમાં લોડર ડ્રાઈવર ચરણ સિંહ (૪૪)ના પાર્ક કરેલા વાહન પર મોટું હોર્ડિંગ પડતાં તે મરણ પામ્યો હતો. ચરણ સિંહ વાહનમાં આરામ કરી રહ્યો હતો. તે આવનારી ટ્રેનમાંથી સામાન આવે એની રાહ જોઈ રહ્યો હતો. જિલ્લાના વિવિધ ગ્રામીણ વિસ્તારમાં ઓચિંતા તોફાનને લીધે અનેક વૃક્ષો તૂટી પડ્યાં હતાં. (એજન્સી) ■

# ૨૮મી મેએ શહેર-પૂર્વ ઉપનગરમાં ૧૫ ટકા પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત થાણે અને ભિવંડી-નિઝામપૂર પાલિકાને પાણીપુરવઠો કરનારા પાંજરાપૂર પંપિંગ સ્ટેશનમાં આવતા અઠવાડિયે ટેક્નિકલ કામ કરવામાં આવવાનું હોવાથી આવતા અઠવાડિયામાં બુધવારે ૧૩ કલાક માટે ૧૫ ટકા પાણીકાપ રહેશે.

મુંબઈ મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ પાંજરાપૂરના પંપિંગ સ્ટેશનમાં ફેઝ-વનમાં નવું એન્ટી સર્જ વેસલ ચાલુ કરવાનું કામ હાથમાં લેવામાં આવવાનું છે. આ કામ બુધવાર ૨૮ મે, ૨૦૨૫ સવારા ૯.૪૫ વાગ્યાથી રાતના ૧૦.૪૫ વાગ્યા સુધી કુલ ૧૩ કલાક માટે કરવામાં આવવાનું છે. તેથી મુંબઈ શહેર અને પૂર્વ ઉપનગરના મોટાભાગના વિસ્તારમાં પાણીપુરવઠાને અસર થશે. આ ૧૩ કલાક માટે ૧૫ ટકા પાણીકાપ રહેશે.

મુંબઈ દ્વારા પાંજરાપૂરમાંથી થાણે મહાનગરપાલિકા અને ભિવંડી-નિઝામપૂર મહાનગરપાલિકાને પણ પાણીપુરવઠો કરવામાં આવે છે. તેથી મુંબઈની સાથે આ બંને શહેરમાં પણ ૧૩ કલાક માટે બુધવારના ૧૫ ટકા પાણીકાપ રહેશે.

દક્ષિણ મુંબઈમાં દાદર, પરેલ લાલબાગ, હિંદમાતાસ માટુંગા, સાયન જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. તો પૂર્વ ઉપનગરમાં મુંલુંડ, ભાંડુપ, નાહૂર, કાંજુરમાર્ગ, વિક્રોલી, ઘાટકોપર, કુલા, ચેંબુર, ગોવંડી વગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. ■



ચોથી પુણ્યતિથિએ...ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

દશા સોરઠીયા વણિક

દ્રષ્ટિ આપની પ્રેરણા બની અમારી
દૃષ્ટાંત આપનુ માર્ગદર્શન બન્યું અમારું
કોઈ ક્ષણ એવી નથી જે તમારાં સંસ્મરણો
થી અલિપ્ત હોય..
કોઈ જગ્યા નથી જ્યાં તમારૂ વાત્સલ્ય ન હોય...
જીવનની દરેક સફળતા આપના
આશીર્વાદ થકી છે....

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ
પ્રાર્થના સાથે આદરભરી હૃદયાંજલિ...

**સ્વ. કાંતિલાલ અમૃતલાલ માંડવિયા**
સ્વ.તા. ૨૩/૦૫/૨૦૨૧

પુત્ર : સ્વ મનોજ માંડવિયા, પુત્રી : ગીતા માંડવિયા,
પુત્ર : કેતન માંડવિયા, પુત્રવધુ : તેજલ કેતન માંડવિયા,
દિકરી: રશ્મિ ચિંતન ઓઝા, જમાઈ : ચિંતન ઓઝા.
પૌત્ર : મયંશ, દોહિત્રી: પ્રાંજલિ, દોહિત્ર: અર્ણવ

J. KANTILAL & CO.


# થાણેમાં લિફ્ટમાં ફસાયેલી બે વર્ષની બાળકી સહિત પાંચનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે (પશ્ચિમ)માં બાળકુમ વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ ૩૮ માળની બહુમાળીય ઈમારતની લિફ્ટમાં બુધવારે મોડી રાતે ફસાઈ ગયેલી બે વર્ષની બાળકી સહિત પાંચ લોકોને ફાયરબ્રિગેડે સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ બાળકુમમાં વૈકુંઠ પિરામલ કૉમ્પ્લેક્સ ગ્રાઉન્ડ પ્લસ ૩૮ માળની વૈરાટ નામની બિલ્ડિંગ આવેલી છે. બુધવારે મોડી રાતના ૧૨.૫૦વાગે બિલ્ડિંગની લિફ્ટમાં ટૅક્નિકલ ખામી સર્જાતા તે ત્રીજા માળા પર ફસાઈ ગઈ હતી. એ સમયે લિફ્ટમાં બે વર્ષની બાળકી તેના માતા-પિતા સહિત અન્ય બે મહિલા એમ કુલ પાંચ લોકો હતા.

ફાયરબ્રિગેડ ઘટના સ્થળે તરત પહોંચી ગઈ હતી અને લગભગ ૨૫ મિનિટની જહેમત બાદ પાંચેય લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. લિફ્ટમાં ફસાઈ ગયેલા લોકોમાં બે વર્ષની બાળકી સહિત તેના ૪૦ વર્ષના પિતા વિકાસ સાબુ તેની પત્ની ૩૭ વર્ષની રેણુ સાબુ સહિત ૨૪ વર્ષની મલ્લિકા જૈન અને ૩૨ વર્ષની સંગીતા નામની મહિલાનો સમાવેશ થાય છે. ■

# મોરા-ભાઉચા ધક્કાનો પ્રવાસ મોંઘો થશે

ઉરણ: મહારાષ્ટ્ર મેરીટાઇમ બૉર્ડે ૨૬મી મેથી ઉરણના મોરાથી મુંબઈમાં ભાઉચા ધક્કા વચ્ચેની દરિયાઈ માર્ગની મુસાફરીમાં ટિકિટના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. મુસાફરોએ એક રાઉન્ડ ટ્રીપ માટે ૮૦ રૂપિયાને બદલે રૂ. ૧૦૫ આપવાના રહેશે. આ ભાવ વધારો ચોમાસામાં ચાર મહિના પૂરતો લાગુ કરાશે, પહેલી સપ્ટેમ્બરથી ટિકિટના દર ફરી રૂ. ૮૦ ચાર્જ કરાશે.

છેલ્લા ઘણા સમયથી ચોમાસા દરમિયાન પણ ઉરણના મોરા અને મુંબઈ વચ્ચે જળ પરિવહન ચાલુ રહે છે, જ્યારે મુંબઈ અને અલીબાગ વચ્ચેની સેવા ચોમાસા દરમિયાન બંધ રહે છે. આવી સ્થિતિમાં પણ મોરા-મુંબઈ સેવા દરિયાના મોજાનો સામનો કરતી રહે છે. ઉરણથી નેરળ બેલાપુર લોકલ સેવા શરૂ કરવામાં આવી છે. તેથી આ રૂટ પર મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે. મુસાફરોની આ ઘટેલી સંખ્યાને કારણે આ વિભાગ પ્રભાવિત થયો છે. જો કે, એવા પ્રવાસીઓ છે જેઓ પરંપરાગત રીતે આ માર્ગે મુસાફરી કરે છે. તેથી આ સેવા ચાલી રહી છે. તેથી આ સેવા માટે ગત વર્ષની જેમ વર્ષે આ વર્ષે પણ રૂ. ૨૫ નો વધારો કર્યો હોવાની માહિતી મોરા પોર્ટ ઓફિસર નીતિન કોલીએ આપી હતી. ■


ઘોઘારી દશાશ્રીમાળી (વૈષ્ણવ)
પ્રાર્થના સભા



અ.સૌ.આશાબેન સુરેશભાઈ દાણી
(ઉ.વ.૭૪)
સ્વર્ગવાસ ૨૦-૦૫-૨૦૨૫

**પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

શ્રધ્ધા સુમન

સુરેશભાઈ ગંગાદાસ દાણી (પતિ),
સ્વ.જયાબેન મનસુખભાઈ દાણી (સાસુ),
બ્રિજેશ અને સ્વાતિ (પુત્ર-પુત્રી)
ઉર્મિલ વિસરીયા (જમાઈ)
સ્વ.હેમલતાબેન હરીલાલ ભગત (માતોશ્રી)
દિનેશભાઈ, ચંદુભાઈ, દિપકભાઈ,
અજયભાઈ દાણી (જેઠ-દિયર),
દિપકભાઈ, કિરિટભાઈ,
હરીલાલ ભગત (ભાઈઓ),
સ્વ. રમાબેન, છાયાબેન,
હર્ષાબેન અને હેમાક્ષીબેન (બહેનો)
શ્લોક અને હ્રિદય (પૌત્ર)

સદ્‌ગતની પ્રાર્થના સભા

તા. ૨૪-૦૫-૨૦૨૫ શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાકે.

સ્થળ

વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૫૬.


# મઢ-વર્સોવા બ્રિજને ૫૮ વર્ષે મંજૂરી મળવાને આરે

મુંબઈ: ૧૯૬૭ના ડેવલપમેન્ટ પ્લાનમાં આયોજન કરવામાં આવેલો મઢ - વર્સોવા બ્રિજ ૫૮ વર્ષ પછી હકીકત બનવાના આરે છે. હાલમાં વન વિભાગ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે અને તેની એનઓસીની રાહ જોવાઈ રહી છે. ત્યારબાદ મુંબઈ મહાનગરપાલિકા બોમ્બે હાઈકોર્ટ પાસે મંજૂરી માંગશે અને ઓક્ટોબર સુધીમાં તેનું બાંધકામ શરૂ કરવાની આશા રાખે છે. ૨.૦૬ કિ.મી.ની લંબાઈ ધરાવતો આ પુલ વર્સોવા અને મઢ જેટીની વચ્ચે વર્સોવા ખાડીને આવરી લેશે. હાલમાં, ખાડી પાર કરવાનો સૌથી ઝડપી રસ્તો બોટ દ્વારા છે, જેમાં પાંચ મિનિટનો સમય લાગે છે અને મુસાફરી માટે ૧૦ - ૧૫ રૂપિયા ચૂકવવા પડે છે. બાઈક લઈને આવનારે થોડા વધુ પૈસા ભરવા પડે છે. ■


પ્રેમાળ સ્મૃતિમાં

**મહેન્દ્ર રતિલાલ મેહતા**



૧૪ એપ્રિલ ૧૯૨૯ - ૨૧ મે ૨૦૨૫

પ્રેમાળ પતિ, પિતા, દાદા અને પરદાદા ભારતમાં વાઈન્ડિંગ વાયરના પાયોનિયર અને સમ્માનિત અનુભવી પ્રિસિઝન વાયર્સ ઈન્ડિયા લિમિટેડના સ્થાપક અને દૂરદ્રષ્ટા ઉદ્યોગપતિ કર્મયોગી

**પ્રાર્થના સભા: સાંજે ૫-૭ વાગ્યે, રવિવાર ૨૫ મે**

ગરવારે સભાગૃહ, ફેલોશિપ ઓફ ધ ફિઝિકલી હેન્ડીકેપ્ડ બિલ્ડિંગ લાલા લજપત રાય માર્ગ, હાજી અલી, મુંબઈ ૪૦૦૦૩૪

શોકાતુર

સ્વ. શ્રીમતી શારદા મહેન્દ્ર મેહતા

દીપક અને સુજાતા : મિલન અને ગીરા
નિર્ભય અને આંચલ : મૈથિલી
નિર્વાણ અને યોહાન : અર્જુન અને ઈરા

પ્રિસિઝન વાયર્સ ઈન્ડિયા લિમિટેડ પરિવાર

PRECISION MILAN WINDING WIRES


# થાણેમાં ૫૦ ફૂટ લાંબી સિક્યોરિટી વોલ તૂટી પડતાં ત્રણ વાહનોને નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે (પશ્ચિમ)માં ભારે વરસાદને પગલે વાગલે એસ્ટેટમાં બુધવારે મોડી રાતે એક ખાનગી કંપનીની સુરક્ષા ભિંત તૂટી પડી હતી, જેમાં ત્રણ વાહનોને નુકસાન થયું હતું.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ વાગલે એસ્ટેટમાં સી.પી. તળાવ પાસે ઈક્વિનોક નામની ખાનગી કંપની આવેલી છે. બુધવારે થાણેમાં ભારે વરસાદ પડયા બાદ મોડી રાતના લગભગ ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આ કંપનીની ૫૦ ફૂટ લાંબી અને છ ફૂટ ઊંચી સુરક્ષા ભિંત રસ્તાની બાજુમાં પાર્ક કરેલા વાહનો પર તૂટી પડી હતી. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું પણ બે ટૂ વ્હીલર સહિત એક ઓટોરીક્ષાને નુકસાન થયું હતું. ■




# ગર્લફ્રેન્ડ સાથેની અંગત તસવીરોથી યુવકને બ્લૅકમેઈલ કરનારો અમદાવાદમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગર્લફ્રેન્ડ સાથેની અંગત તસવીરો યુવકના મોબાઈલ ફોનમાંથી ચોરીછૂપીથી પ્રાપ્ત કર્યા બાદ તેને કથિત બ્લૅકમેઈલ કરી ખંડણી વસૂલનારા આરોપીને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ખંડણી વિરોધી શાખાએ ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરમાંથી પકડી પાડ્યો હતો.

ધરપકડ કરેલા આરોપીની ઓળખ મૂકેશ કાંતિલાલ રાજપુરોહિત (૨૪) તરીકે થઈ હતી. તેને અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી તાબામાં લેવાયો હતો. વધુ કાર્યવાહી માટે તેને ભાયંદરના નવઘર પોલીસ સ્ટેશનના તાબામાં સોંપાયો હતો.

ભાયંદર પૂર્વમાં રહેતા ૨૦ વર્ષના યુવકે આ પ્રકરણે ૧૭ મેના રોજ નવઘર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. દક્ષિણ મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક્સની વસ્તુ વેચવાનો વ્યવસાય ધરાવતા ફરિયાદીને આરોપીએ સૌપ્રથમ જાન્યુઆરીમાં ફોન કર્યો હતો. આરોપીએ બતાવેલાં ઘડિયાળનાં સૅમ્પલ ફરિયાદીને પસંદ પડતાં તેણે અમુક ઘડિયાળનો ઑર્ડર આપ્યો હતો.

કહેવાય છે કે પહેલાં આર્થિક વ્યવહાર યોગ્ય રીતે કરી આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવ્યો હતો. જોકે બાદમાં ફરિયાદીના ત્રણ લાખ રૂપિયા લઈને આરોપીએ માલ મોકલાવ્યો નહોતો. ફેબ્રુઆરીમાં આરોપીએ ફરિયાદીને પોતાના ભાયંદરના ઘરમાં બોલાવ્યો હતો. બીજી સવારે નાણાં પરત કરવાનું કહી એ રાતે ફરિયાદીને પોતાના ફ્લૅટમાં રહેવાનો આગ્રહ કર્યો હતો. ફરિયાદી આરોપીના ફ્લૅટમાં રાત રોકાયો હતો ત્યારે આરોપીએ ચોરીછૂપીથી ફરિયાદીના મોબાઈલ ફોનમાંથી તેની ગર્લફ્રેન્ડ સાથેની અંગત તસવીરો પ્રાપ્ત કરી લીધી હતી.બાદમાં આરોપીએ ફરિયાદીના પરિવારજનો અને મિત્રને તસવીર મોકલી બ્લૅકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. ફરિયાદમાં જણાવાયું હતું કે ૫૦ હજાર રૂપિયા ચૂકવ્યા છતાં આરોપી ફરિયાદી પાસેથી વધુ નાણાંની માગણી કરતો હતો. પરિણામે ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

# બોરીવલી સ્કાય વૉક પર આગ

મુંબઈ: બોરીવલી સ્ટેશન નજીક ગુરુવારે સાંજે નજીવી આગ લાગી હતી, જેના કારણે વિસ્તારમાં થોડો સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. પાલિકા અધિકારીઓ પાસેથી મળેલી પ્રાથમિક માહિતી મુજબ, સાંજે ૭:૪૭ વાગ્યે લાગેલી આગ બોરીવલી (પશ્ચિમ)માં સ્કાયવોકની રેલિંગ સુધી મર્યાદિત હતી. આ ઘટનાની જાણ સૌપ્રથમ પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવી હતી, ત્યારબાદ મુંબઈ ફાયર બ્રિગેડ સ્થાનિક પોલીસ વોર્ડ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. સદ્નસીબે કોઈ ઈજા થઈ નથી, અને આગ પર ઝડપથી કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

# સોના-ચાંદીની દાણચોરીના કેસમાં નાશિકના જ્વેલર્સની ધરપકડ

મુંબઈ: ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના અધિકારીઓએ સોના-ચાંદીની કથિત દાણચોરીના કેસમાં નાશિકના જ્વેલર્સ સહિત બે જણની ગુરુવારે ધરપકડ કરી હતી. આરોપી પાસેથી ૪.૨૬ કરોડ રૂપિયાનું સોનું, ૮૫.૫૭ લાખ રૂપિયાની ચાંદી અને ૭૪ લાખની રોકડ જપ્ત કરવામાં આવી હતી. એક વાહનમાં મુંબઈથી દાણચોરીનું સોનું નાશિક લઈ જવામાં આવતું હોવાની માહિતી ડીઆરઆઈને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ વાહનને આંતરી ડ્રાઈવર એફ. કે. શિકલીકરને તાબામાં લીધો હતો. વાહનમાં પાછલી સીટ નીચે બનાવાયેલા છૂપા ખાનામાંથી ૪.૨૬ કરોડનું સોનું મળી આવ્યું હતું. આ સોનું નાશિકના જ્વેલર્સ એ. એચ. જૈનનું હોવાનું શિકલીકરે જણાવ્યું હતું.

અધિકારીઓએ જૈનને સમન્સ મોકલાવી જપ્ત કરાયેલા સોના સંબંધિત દસ્તાવેજો રજૂ કરવાનું કહ્યું હતું. જૈન દ્વારા કોઈ દસ્તાવેજ રજૂ ન કરાતાં સોનું દાણચોરીથી લવાયું હોવાનું જણાયું હતું. અધિકારીઓએ જૈનની ઑફિસમાં સર્ચ કરતાં ચાંદી અને રોકડ રકમ મળી આવી હતી. આ પ્રકરણે ડીઆરઆઈ વધુ તપાસ કરી રહી છે.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ કાંદિવલી, મુકુંદભાઈ ઠકરાર (ઉં. વ.૭૨) તે સ્વ. સંતોકબેન કરશનદાસ ઠકરારના પુત્ર. નલીનીબેનના પતિ. સ્વ. ગોદાવરીબેન ગોકલદાસભાઇ બથિયાના જમાઈ. કૃનાલ અને મીનલ તથા પાયલ ચિરાગ વસાણીના પિતાશ્રી. સ્વ. જયંતીલાલભાઈ, રમેશભાઈ, ગં. સ્વ. સુશીલાબેન ગોરધનદાસ રતનધારા તથા ગં. સ્વ. લતાબેન હરેશકુમાર તન્નાના ભાઈ તા ૨૧/૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૩/૦૫/૨૫ના સાંજે ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, ૧ લે માળે એસ.વી.રોડ , શંકરમંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણીક**

હાલ મલાડ નિવાસી, દિલીપ પ્રિયકાંતભાઈ શાહ (ઉં. વ. ૭૮) તા ૨૦/૦૫/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે વર્ષાબેનના પતિ. ધવલ તથા હિરલના પિતાશ્રી. ભાર્ગવી અને અજય શાંતિલાલ મેહતાના સસરા. પ્રતિભા દિલીપભાઈ મોદી અને ભારતી રાજુભાઈ કોઠારીના ભાઈ. સ્વ. મેહતા જુગલદાસ વલ્લભદાસ વકીલના જમાઈ. સાદડી અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ જુહુ, વિલેપાર્લે, મુકેશભાઈ દોશી (ઉં.વ. ૭૨) તે સ્વ. જસુમતીબેન અને સ્વ. કનૈયાલાલ વ્રજલાલ દોશીના પુત્ર. તે મીનાબેનના પતિ. દર્શનના પિતાશ્રી. ખુશ્બૂના સસરા. દિવ્યમ અને પર્લનાં દાદા. સ્વ. લક્ષ્મીદાસ મોહનલાલ કાણકિયાના જમાઈ. તા. ૨૦-૫-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**મેઘવાળ**

ગામ કળમોદર તાલુકો-ભાવનગર, સ્વ. ડાહ્યાભાઈ સુરાભાઈ ધારિયાના ધર્મપત્ની સ્વ. મેઘીબાઈ ધારિયા (ઉં.વ. ૯૦) તેઓ સ્વ. ગાંડાભાઈ હક્કાભાઈ મારુ તથા સ્વ. હિરુભાઈ ગાંડાભાઈ મારુના દીકરી. હંસાબેન, મંજુલાબેન, હેમંતભાઈ, નલીનભાઈના માતુશ્રી. કિશોરભાઈ, ભારતીબાઈ, ગીતાબાઈના સાસુ. સંજય, અનિકેત, સ્વ. કિરણકુમાર કિંજલ, પ્રિયંકા પ્રતિકના દાદી. તા. ૧૭-૫-૨૫ના રોજ રામશરણ પામેલ છે. તેમનું કારજ તા. ૨૪-૫-૨૫ના શનિવારે ૫.૦૦. નિવાસ સ્થળ: મહાલક્ષ્મી નવરંગ કો.ઓ.હા. સોસાયટી, એ/૨, ૫૧૧ ડૉ. બાબાસાહેબ આંબેડકર નગર, એપ્રોચ રોડ, તુલશીવાડી, મુંબઈ-૩૪.

**ઘોઘારી દશા શ્રીમાળી (વૈષ્ણવ)**

મહુવા નિવાસી હાલ-અંધેરી, અ.સૌ. આશાબેન સુરેશભાઈ દાણી (ઉં.વ. ૭૪) તા. ૨૦-૫-૨૫, મંગળવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જયાબેન મનસુખલાલ દાણીના પુત્રવધૂ. બ્રિજેશ અને સ્વાતિ ઉર્મિલ વિસારીયાના માતોશ્રી. સ્વ. હેમલતાબેન હરીલાલ ભગતના દીકરી. દિનેશભાઈ ચંદુભાઈ, દીપકભાઈ, અજયભાઈ દાણીના ભાભી. દીપકભાઈ, કિરિટભાઈ, હરીલાલ ભગત, સ્વ. રમાબેન, છાયાબેન, હર્ષાબેન અને હેમાક્ષીબેનના બહેન. શ્લોક અને હ્દિયના નાની. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૪-૫-૨૫ના રોજ ૫.૦૦થી ૬.૩૦. સ્થળ: વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ).

**આતરસુંબા દશા શ્રીમાળી વણિક**

હાલ ઘાટકોપર નિવાસી પરિમલ મધુસુધન મહેતા (ઉં.વ. ૭૦) તા. ૨૨-૫-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. તે શોભનાબેનના પતિ. વિશાલ તથા વૈશાલીના પિતા. પ્રતિકકુમાર તથા પુજાબેનના સસરા. શારવના નાના. ઝિવાના દાદા. પ્રદીપભાઈના ભાઈ. સ્વ. ચંદુલાલ રતનલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૪-૫-૨૫, શનિવારે ૪થી ૬. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોષી લેન, એમ.જી. રોડ, અપોઝિટ રામજીઆસર સ્કૂલ, ઘાટકોપર (ઈસ્ટ).

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

મૂળ દ્વારકા હાલ વસઈ, ગં. સ્વ. મીનાબેન રાજેશ મચ્છર (ઉં. વ. ૫૯) તા. ૨૧/૦૫/૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે આકાશ, વિનિતા જય શાહના માતૃશ્રી. નરેન્દ્ર, નિલેશ, શિલ્પા હેમંત ગોરડિયા, નીતા, ભાવના, કુંજલ, મિત્તલ અને વિરાજના ભાભી. શ્રિયાના નાની, લીના અને લિયામના દાદી. મૂળ જામનગર નિવાસી સ્વ. અરવિંદકુમાર મણિલાલ દાંધડાના સુપુત્રી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ક્ષત્રિય સોઢા**

કચ્છ કોટડી મહાદેવપુરી હાલ ઘાટકોપર સ્વ. ઉર્મિલાબા સોઢા (ઉ.વ. ૮૧) સ્વ. હઠીસંગજી નારાયણજી સોઢાના ધર્મપત્ની તે જયસિંહ હિંમતસિંહ સોઢાના માતા. કુલદીપસિંહ, વનરાજસિંહ, હિતેન્દ્રસિંહ, આરતીબા જાડેજાના દાદી (મુંબઇ) અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૩-૫-૨૫ના ૩થી ૫. ઠે. શક્તિ બેકરી, પંતનગર, ઘાટકોપર (ઇસ્ટ).

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભુપેન્દ્રભાઈ મનશુખલાલ શાહના ધર્મપત્ની. દિનાબેન શાહ (ઉં. વ. ૭૭) તે સત્યેન, વિકીના માતુશ્રી. હેતલબેનના સાસુ. અક્ષના દાદી. થાનગઢ નિવાસી સ્વ. ડાહયાલાલ મોરારજી પારેખના દીકરી. તા.૨૧/૦૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એસ. ટી. એપાર્ટમેન્ટ, બિલ્ડીંગ નંબર ૯/એ/૧૦, સાઈબાબાનગર, બોરીવલી વેસ્ટ.

**ખંભાત વિશા પોરવાડ જૈન**

ખંભાત નિવાસી હાલ મુંબઈ, શાંતિલાલ શાહ (ઉં. વ. ૧૦૩) તે સ્વ પ્રેમચંદ છોટાલાલના પુત્ર. પેટલાદવાળા સ્વ. કેશવલાલ હીરાચંદના જમાઈ. સ્વ. કલાબેનના પતિ. શરદ અને વિભાના પિતા. ભારતી અને પરેશકુમાર ઘીયાના સસરા. વિરલ-પંક્તિ, બિરવા-દેવાંગકુમારના દાદાજી તા. ૨૧ મેના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શેરડીના વસંત ડોસાલાલ દેઢિયા (ઉં. વ. ૭૦), તા. ૨૧-૫-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઇ ડોસાલાલના પુત્ર. કમળાબેનના પતિ. અમિષા, હેતલ, સંભવના પિતા. મીના, નવિનના ભાઇ. ભોજાયના દેવકાબેન મગનલાલ ચાંપશીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં. કરસન લઘુ હોલ, દાદર (વે) સાંજે ૪ થી ૫.૩૦.

દેઢીયાના વીણા વીરજી ગોસર (ઉં. વ. ૬૩) ૨૧-૫-૨૫ના અવસાન પામ્યા છે. ધનબાઇ વીરજી ગોસરના સુપુત્રી. ધ્વનીના માતા. લંડનના જ્યોત્સના અનિલ, નલીયાના મંજુલા સુરેન્દ્ર, ડુમરાના ચંદ્રીકા રતનશી, દેઢીયાના અભય વીરજી અને દીલીન વીરજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધ્વની પ્રભુ, ૮૦૨, એલીના લીવીંગ સોસાયટી, પુણે-૪૧૧૦૬૦.

ગોધરાના મણીલાલ દામજી રાંભીયા (ઉં. વ. ૭૯) તા.૨૦-૫-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. દેવકાબેન દામજીના સુપુત્ર. મણીબેનના પતિ. કેતન, હેતલ, પિયુષના પિતાશ્રી. ગિરીશ, પ્રફુલ્લ, શાંતિલાલ, સ્વ. ચંચલ, ઝવેર, હેમલતા, સ્વ. તારા, જયા, વનિતાના ભાઈ. દેવપુરના સ્વ. લક્ષ્મીબેન નાનજી તેજપારના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મણીલાલ દામજી રાંભીયા એ-૧૦૧/૧૦૨, ગિરીજા નીલકંઠ હાઈટસ, પોખરાણ રોડ નં. ૨, થાણા (વેસ્ટ).

ડોણના રાઘવજી તેજશી વેલજી વીરા (ઉં. વ. ૭૯) તા. ૧૯-૫-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ તેજશીના પુત્ર. કસ્તુરબેનના પતિ. ગીતા, હરેશ, દિવ્યાના પિતા. મેઘજી, રતીલાલ, વસંત, સુરજ, જેઠીબેન દેવરાજ, દેવકાબેન દામજી, નાનબાઇ કુંવરજીના ભાઇ. બાયઠના જેઠીબાઇ/કેસરબાઇ કુંવરજી મોનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરીશ વીરા, ૧લો માળો, ઓંકાર એપાર્ટમેન્ટ, કીશનનગર-૩, વાગલે ઇસ્ટેટ, થાણે (વેસ્ટ).

**ઝાલાવાડી દેરાવાસી દશા જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ સાયન, ભાનુમતીબેન ધીરજલાલ મણિલાલ શાહના સુપુત્ર સ્વ. વિરેન્દ્રભાઈ (ઉં.વ. ૬૬) તેઓ આરતીબેનના પતિ. સેજલબેન, વિરલભાઈના પિતાશ્રી. સ્વ. નિલેશભાઈ, સ્વ. મનીષભાઈ, સ્વ. હર્ષાબેન પ્રવીણચંદ્ર શાહ, નયનાબેન ભરતભાઈ શાહ, સ્વ. પૂર્ણિમાબેન પ્રમોદકુમાર શાહના ભાઈ. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. ચંદ્રાબેન ચંદ્રકાંતભાઈ ખેતશીભાઈના જમાઈ. વિક્રમભાઈના બનેવી. તા. ૨૧-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામું: ૨૨૮/૩, પારેખ બિલ્ડિંગ, માતા લક્ષ્મી હોસ્પિટલ લેન, સાયન (ઈસ્ટ).

**સ્થાનકવાસી જૈન**

વડિયા નિવાસી હાલ પંતનગર ઘાટકોપર મનસુખલાલ અમરચંદ પંચમીઆના ધર્મપત્ની તરુલતા પંચમીયા (ઉં. વ. ૮૧) ગુરુવાર, તા. ૨૨-૫-૨૫ના મૃત્યુ પામ્યા છે. સ્વ. રમણીકલાલ મોહનલાલ દોશીના સુપુત્રી. બિમલ, વિજય તથા ઉર્વશીના માતુશ્રી. દિપ્તી, પૂર્વી અને નીરજ કોઠારીના સાસુ. સ્વ. શારદાબેન, કંચનબેન, મંજુલાબેનના દેરાણી. ચિ. પૂજા, શ્વેતા, ઇશાન, સલોની, આરવ અને પરીસીના દાદી-નાની. મંગલ પ્રાર્થના શનિવાર, તા. ૨૪-૫-૨૫ના, લવંડરબાગ, ૯૦ ફીટ રોડ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ)ના સાંજે ૪.૩૦થી ૬.૩૦.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નોંઘણવદર નિવાસી હાલ ઘાટકોપર બાબુલાલ વનમાળીદાસ શાહના સુપુત્ર સ્વ. અરવિંદભાઇના ધર્મપત્ની ઇન્દુમતીબેન (ઉં. વ. ૮૨) તા. ૨૨-૫-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે અનિલભાઇ-દક્ષાબેન, ખાંતીભાઇ-શોભનાબેન તથા હંસાબેન શરદકુમાર વોરાના ભાભી. નીતાબેન મોહિતકુમાર, શીલાબેન જયેશકુમાર, રાકેશભાઇ-સ્નેહલબેન, જીજ્ઞેશભાઇ-સેજલબેનના માતુશ્રી. મોટી વાવડીવાળા સ્વ. મોહનલાલ નાગજીભાઇ દોશીના સુપુત્રી. સ્વ. મનસુખભાઇ તથા સ્વ. શશીકાંતભાઇના બેન. સાદડી તા. ૨૩-૫-૨૫ના સાંજે ૪થી ૮. ઠે. રાકેશ અરવિંદભાઇ શાહ, ૨૧૫-૬૦૩, દર્શન, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૯૮૩)

### ૧૪. નોકરી ખાલી છે

■ સરકારી, ધંધાદારી નિવૃત્ત ભાઈ/બહેનોને અનલિમિટેડ કમાવાની સુવર્ણ તક SSC પાસ 8169881070. (બી-૧૬૦૦૬)

REQUIRED ACCOUNT ASSistant for Part Time or Full Time Office Work Churchgate Whatsup: 7021831500. (B-16007)

### ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરુમ ૧૧૫૦' અને ૬ બેડરુમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરુમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**140 SQ. FT. OFFICE CARpet area on First Floor Near Vile Parle West Station on Tenancy Right Basis. Contact 9920184440 / 9322269717. (B-16004)**

**NAPEANSEA ROAD**

**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

''પ્રતાપ પેકર્સ-મુવર્સ''

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

### ૧૧મા ધોરણની

પ્રવેશ પ્રક્રિયા ૨૧ મેના રોજ શરૂ થઈ હતી. ૨૧ મેથી ૧૩ જૂન દરમિયાન યોજાનાર પ્રથમ રાઉન્ડ માટે અરજી નોંધણી, પસંદગી ક્રમ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ફાળવણી વગેરે માટેની તારીખો જાહેર કરવામાં આવી હતી. જોકે, ૨૧ મે, ૨૦૨૫ના રોજ ટેકનિકલ કારણોસર સવારથી ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા માટેની વેબસાઇટ ડાઉન હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓને બિનજરૂરી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગુરુવારે સાંજે શિક્ષણ નિયામકમંડળે જાહેરાત કરી કે ૧૧મા પ્રવેશના પ્રથમ રાઉન્ડ માટે વિદ્યાર્થી નોંધણી અને પસંદગી ભરવાની સુવિધા ૨૬ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે શરૂ થશે.

### ‘મેઈડ ઈન પાકિસ્તાન’

ફ્લેગ કંપની અને ધ ફ્લેગ કોર્પોરેશનને નોટિસ ફટકારી છે. જોશીએ કહ્યું હતું કે, આવી બિનસંવેદનશીલતા સહન કરવામાં આવશે નહીં. ઈ-કોમર્સ પ્લેટફોર્મને આવી બધી સામગ્રી તાત્કાલિક દૂર કરવા અને રાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારની નોટિસ પછી એમેઝોન ઇન્ડિયાએ એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે ઈ-કોમર્સ પ્લેટફોર્મ એક ઓનલાઈન માર્કેટપ્લેસ તરીકે કામ કરે છે જ્યાં સ્વતંત્ર તૃતીય-પક્ષ વિક્રેતાઓ તેમના ઉત્પાદનો ઓફર કરે છે અને વેચે છે. તેમાં એમ પણ જણાવ્યું હતું કે, ‘અમે અપેક્ષા રાખીએ છીએ કે વિક્રેતાઓ એવા ઉત્પાદનો ઓફર કરે જે ભારતીય પ્રવર્તમાન કાયદાઓ અને એમેઝોનની નીતિઓનું પાલન કરે.

### હું કેવી રીતે

પોલીસ કમિશનરને ફોન કર્યો અને કડક કાર્યવાહી કરવા કહ્યું હતું... તેમને (રાજેન્દ્ર અને સુશીલ) શોધવા માટે ત્રણ ટીમો બનાવવામાં આવી છે અને જો જરૂર પડે તો મેં પોલીસને વધુ ટીમો તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે,’ એમ પણ અજિત પવારે ઉમેર્યું હતું. નાયબ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મીડિયા કોઈ કારણ વગર આ મામલે તેમનું નામ ખેંચી રહ્યું છે. પવારે કહ્યું હતું કે, આવા લગ્નોમાં, કન્યાના પિતા ઘણીવાર તેમને વરરાજાને કારની ચાવીઓ અથવા અન્ય ભેટો આપવાનું કહે છે. ‘હું પૂછવાનો મુદ્દો ઉઠાવું છું કે ભેટ સ્વેચ્છાએ આપવામાં આવી રહી છે કે દબાણ હેઠળ. મેં ચેતવણી પણ આપી હતી કે જો ભેટની માગણી કરવામાં આવશે, તો હું તે વ્યક્તિને છોડીશ નહીં,’ એમ પણ તેમણે કહ્યું હતું. પવારે એમ પણ કહ્યું કે તેમણે વૈષ્ણવીના પિતા આનંદ કસ્પતે સાથે વાત કરી છે અને પરિવારને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી છે.

### સંપૂર્ણ મામલો શું છે?

અનિલ સાહેબરાવ કસાપટે (૫૧) એ આરોપ લગાવ્યો છે કે લગ્ન સમયે તેમણે તેમની પુત્રીને દહેજ તરીકે ૫૧ તોલા સોનું, ચાંદીના વાસણો અને ફોર્ચ્યુનર એસયુવી આપી હતી. આમ છતાં વૈષ્ણવીના સાસરિયાઓ મિલકત ખરીદવા માટે બીજા બે કરોડ રૂપિયા લાવવા માટે તેના પર માનસિક અને શારીરિક દબાણ કરી રહ્યા હતા. પૈસા ન મળતા, શશાંક તેના સાસરિયાના ઘરે પહોંચ્યો. ત્યાં તેણે વૈષ્ણવીને તેના પિતા પૈસા ન આપે તો તેના આખા પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. એફઆઈઆરમાં વૈષ્ણવીએ તેની માતાને આ વિશે પહેલા જાણ કરી હોવાનો ઉલ્લેખ છે.

એફઆઈઆરમાં વૈષ્ણવીના શરીર પર ઈજાના નિશાન મળી આવ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેના કારણે પરિવાર તેને આત્મહત્યા નહીં પણ આયોજનબદ્ધ હત્યા માની રહ્યો છે. તેમનો આરોપ છે કે આ સુનિયોજિત રીતે કરવામાં આવેલી હત્યા છે.

પોલીસે વૈષ્ણવીના પતિ શશાંક હગવણે, સાસુ લતા હગવણે અને ભાભી કરિશ્મા હગવણેની ધરપકડ કરી છે. જ્યારે એનસીપી નેતા અને સસરા રાજેન્દ્ર હગવણે અને દિયર સુશીલ હગવણે ફરાર છે. બવધન પોલીસનું કહેવું છે કે બંનેની શોધ ચાલુ છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરવામાં આવશે. પિંપરી-ચિંચવડ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ મૃત્યુનું કારણ ફાંસી છે, પરંતુ મૃતક પાસે કોઈ સુસાઈડ નોટ મળી નથી, તેથી અમે તમામ સંભવિત બાજુઓથી કેસની તપાસ કરી રહ્યા છીએ. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ, માત્ર પિંપરી-ચિંચવડ જ નહીં પરંતુ સમગ્ર મહારાષ્ટ્રના રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. રાષ્ટ્રીય પક્ષ સાથે સંકળાયેલા નેતાના પરિવારનું નામ આવતા કાયદો, વ્યવસ્થા અને મહિલા સુરક્ષા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

### પાકિસ્તાનના

સાથેના સંઘર્ષમાં થયેલા નુકસાન વિશે પૂછવું ખોટું છે?

કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ઓપરેશન સિંદૂરને પાકિસ્તાન સામે ‘ચૂટપુટ’ (નાનું) યુદ્ધ કહેવામાં આવ્યું હતું તે અંગેના સવાલના જવાબમાં વડેટ્ટીવારે કહ્યું કે બંને વચ્ચે થયેલા સંઘર્ષમાં દેશ દ્વારા થયેલા નુકસાન અને સૈનિકોના જાનહાનિ વિશે સરકારને સવાલો પૂછવા ખોટા નથી.

શું આપણે પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી દરમિયાન કોઈ રાફેલ જેટ ગુમાવ્યા છે? એમ પણ તેમણે પૂછ્યું હતું.

‘તેઓએ (પાકિસ્તાને) ૫,૦૦૦ ચીની બનાવટના ડ્રોન છોડ્યા જેની કિંમત લગભગ ૧૫,૦૦૦ રૂપિયા હશે, પરંતુ આપણે ૧૫,૦૦૦ રૂપિયાના તે ડ્રોનને નષ્ટ કરવા માટે ૧૫ લાખ રૂપિયાની મિસાઇલો છોડી હતી. તેથી, સરકારે આ પરિબળો અને નુકસાન અંગે સ્પષ્ટતા કરવી જોઈએ,’ એમ વડેટ્ટીવારે કહ્યું હતું.

### ફડણવીસનો જવાબ: મુર્ખાઓને જવાબ આપતો નથી

કોંગ્રેસના વિધાનસભ્ય વિજય વડેટ્ટીવારના ડ્રોન અને મિસાઈલની કિંમત અંગેના વિવાદાસ્પદ નિવેદન પર જવાબ આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું હતું કે હું મૂર્ખાઓને જવાબ આપતો નથી. તેમને ખબર નથી કે લશ્કર દ્વારા યુદ્ધમાં વાપરવામાં આવતા ડ્રોન શું છે. જેમને મિસાઇલ, ડ્રોન અને ખેતી માટે વપરાતા ડ્રોન વચ્ચેનો તફાવત ખબર નથી તેમના વિશે હું શું કહી શકું? તેમને દેશ સાથે કોઈ લેવાદેવા નથી. તેમને ફક્ત વિવાદ કરવો છે.

### સલમાન ખાનના

સલમાનના ફ્લૅટ સુધી પહોંચી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

બાન્દ્રા પોલીસના જણાવ્યા મુજબ બન્ને ઘટના મંગળવાર અને ગુરુવારે બની હતી. અભિનેતાની સુરક્ષા માટે તહેનાત પોલીસ કોન્સ્ટેબલ સંદીપ રંગારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે મંગળવારની સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ છત્તીસગઢના ધુમારધીન દુર્ગ ખાતે રહેતો જિતેન્દ્રકુમાર હરદયાલ સિંહ (૨૩) બાન્દ્ર પશ્ચિમમાં બૅન્ડસ્ટૅન્ડ પાસેની ગૅલેક્સી એપાર્ટમેન્ટ આસપાસ આંટા મારતો નજરે પડ્યો હતો.

ગૅલેક્સી એપાર્ટમેન્ટમાં રહેતા સલમાન ખાનને જાનથી મારવાની વારંવાર ધમકી મળ્યા પછી તેની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પરિણામે સુરક્ષા માટે તહેનાત રંગારી સહિત અન્ય કોન્સ્ટેબલોએ સિંહને બિલ્ડિંગ આસપાસ આંટા મારવાની મનાઈ કરી ત્યાંથી જતા રહેવા સમજાવ્યો હતો. ગુસ્સામાં પોતાનો મોબાઈલ જમીન પર પટકી સિંહ ત્યાંથી જતો રહ્યો હતો.

જોકે સાંજે ૭.૧૫ વાગ્યે સિંહ પાછો બિલ્ડિંગ નજીક આવ્યો હતો. પોલીસ અને સિક્યોરિટીની નજર ચૂકવી બિલ્ડિંગમાં રહેતી એક વ્યક્તિની કારની આડશે તેણે એપાર્ટમેન્ટમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. ફરજ પર હાજર કોન્સ્ટેબલો અને સિક્યોરિટી ગાર્ડે તેને પકડી પાડ્યો હતો અને બાન્દ્રા પોલીસના તાબામાં સોંપ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં સિંહે તે સલમાનનો ફૅન હોવાથી મળવાની ઇચ્છા ધરાવતો હોવાનું કહ્યું હતું. પોલીસે સિંહ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

### આરોપી પિતા-પુત્ર

વૈષ્ણવી (૨૬)એ ૧૬ મેના રોજ પુણે નજીક બાવધન વિસ્તારમાં તેના સાસરિયાંનાં ઘરે કથિત રીતે આત્મહત્યા કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, તેના પતિ શશાંક, સાસુ લતા રાજેન્દ્ર હગવણે, રાજેન્દ્ર હગવણે, ભાભી કરિશ્મા અને દિયર સુશીલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની સંબંધિત કલમો હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરણી અને ઘરેલુ હિંસાના આરોપસર એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

પોલીસે પીડિતાના પતિ, સાસુ અને ભાભીની ધરપકડ કરી છે, જ્યારે રાજેન્દ્ર અને સુશીલ ફરાર છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

### વિધાનસભાની સમિતિને

હેઠળની શિવસેનાના વિધાનસભ્ય છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર બુધવારે રાત્રે એક પોસ્ટમાં રાઉતે આરોપ લગાવ્યો હતો કે ધુળે શહેરના સરકારી રેસ્ટ હાઉસના એક રૂમમાં પાંચ કરોડ રૂપિયાથી વધુ રોકડ મળી આવી હતી.

જ્યારે વિધાનસભા અંદાજ સમિતિએ બુધવારે ધુળે જિલ્લાની મુલાકાત લીધી ત્યારે સમિતિને લાંચ આપવા બદલ ધુળે સરકારી રેસ્ટ હાઉસ ગુલમોહરના રૂમ નંબર ૧૦૨માં લગભગ સાડા પાંચ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા હતા, એવો દાવો રાજ્યસભાના સભ્યે કર્યો હતો. રાઉતે જણાવ્યું હતું કે શિવસેનાના ભૂતપૂર્વ વિધાનસભ્ય અનિલ અન્ના ગોટે અને શિવસેના (યુબીટી)ના સ્થાનિક નેતાઓએ રૂમને તાળું મારી દીધું હતું અને બહાર ચોકી કરી હતી.

જિલ્લા કલેક્ટર, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી)ને જાણ કરવા છતાં ચારથી પાંચ કલાક પછી પણ કોઈ આવ્યું નહોતું. પ્રશાસન તરફથી કોઈ સહકાર મળતો નથી. લાંચનો હેતુ વિકાસ કાર્યોમાં ભ્રષ્ટાચાર અને તેમાં અધિકારીઓની સંડોવણીને દબાવવાનો હતો, એવો ગંભીર આરોપ તેમણે લગાવ્યો હતો. અંદાજ સમિતિને રાજ્યના બજેટમાં ચોક્કસ વિસ્તારને ફાળવવામાં આવેલા ભંડોળના ઉપયોગની તપાસ કરવાની સત્તા છે.

ધૂળેના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ શ્રીકાંત ધિવરેએ પત્રકારોને જણાવ્યું હતું કે આ બાબતની તપાસ કરવામાં આવી રહી છે.

### મુંબઈ-થાણેમાં

મુજબ રવિવાર સુધીમાં રાજ્યના મોટાભાગના જિલ્લામાં ભારે વરસાદ પડવાનો છે, જેમાં ૨૩-૨૪ માટે મુંબઈ, થાણે અને પાલઘરમાં ઓરેન્જ અલર્ટની ચેતવણી આપીને ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો રાયગઢ માટે આજે રેડ એલર્ટ અને આવતી કાલ માટે ઓરેન્જ એલર્ટની તો રત્નાગિરી માટે આજે અને આવતી કાલે બંને દિવસ રેડ એલર્ટ અને શનિવાર અને રવિવાર સુધી ઓરેન્જ એલર્ટ રહેશે. સિંધુદુર્ગ માટે રવિવાર ૨૫ મે સુધી ઓરેન્જ એલર્ટની ચેતવણી આપવામાં આવી છે. નાશિકમાં અને નાશિક ઘાટમાં આજે ઓરેન્જ એલર્ટ, પુણે અને પુણે ઘાટમાં પણ ઓરેન્જ એલર્ટ રહેશે. ઓરેન્જ એલર્ટમાં ભારેથી અતિ ભારે વરસાદ અને અલગ અલગ સ્થળોએ વીજળીની સાથે ભારે પવન સાથે વાવાઝોડાની શક્યતા છે. તો રેડ એલર્ટમાં અલગ અલગ સ્થળોએ વીજળી અને તેજ પવન સાથે ભારે વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે.

#### લો પ્રેશરની અસર હેઠળ વરસાદ

હવામાન વિભાગના અધિકારી શુભાંગી ભુતેના જણાવ્યા મુજબ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે દક્ષિણ કોંકણ અને ગોવાના દરિયાકાંઠે પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર એક લો પ્રેશરનો વિસ્તાર રચાયો છે. આ સિસ્ટમ ઉત્તર તરફ આગળ વધી રહી છે અને ૩૬ કલાકમાં તે ડીપ્રેશનમાં ફેરવાઈને તીવ્ર બનવાની ધારણા છે. તેને કારણે મોટાભાગના વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ૨૨થી ૨૭ મે દરમ્યાન કોંકણ-ગોવા, કર્ણાટકના કિનારપટ્ટીના વિસ્તાર અને મધ્ય મહારાષ્ટ્રના અલગ અલગ સ્થળોએ ભારેથ અતિભારે વરસાદની શકયતા છે.

#### ૨૨થી ૨૪ મે વચ્ચે તીવ્ર વરસાદ

શુભાંગી ભુતેના જણાવ્યા મુજબ ગુરુવાર, ૨૨ મેથી ૨૪ મે, શનિવાર સુધીમાં વરસાદની તીવ્રતા વધુ રહેવાની શશકયતા છે. કોંકણ-ગોવામાં અને ૨૪મેના રોજ કર્ણાટકના કિનારપટ્ટીના વિસ્તાર સહિત મધ્ય મહારાષ્ટ્રમાં વરસાદમાં અલગ-અલગ વિસ્તારમાં વરસાદ રહેશે. આગામી દિવસોમાં પવનની ગતિમાં પણ વધારો થવાની શક્યતા છે. ૨૩ મેના ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, જે ૬૦ કિમી. પ્રતિકલાકે સુધી વધશે.

### મધ્ય મુંબઈમાં

અતિ જોખમી જાહેર કરી છે. એટલે કે આ બિલ્ડિંગ અત્યંત જોખમી હાલતમાં હોવાથી તેને તાત્કાલિક ખાલી કરવાની રહેશે.

મ્હાડાએ બહાર પાડેલી યાદીમાં મોટાભાગની બિલ્ડિંગ દક્ષિણ-મધ્ય મુંબઈમાં આવેલી છે, જેમા મુખ્યત્વે બોરા બાઝાર, મોહમ્મદ અલી રોડ અને ફોકલેન્ડ રોડ, મઝગાંવ, ગિરગાંવ, ખેતવાડી અને દાદર અને માટુંગા વિસ્તારનો સમાવેશ થાય છે.

મ્હાડાના મુંબઈ બિલ્ડિંગ રિપેર ઍન્ડ રિકન્સ્ટ્રકશન બોર્ડ ચોમાસા પહેલા સેસવાળી ઈમારતનો સર્વે કર્યો હતો અને તેમને ત્રણ શ્રેણીમાં વિભાજિત કરી છે. ૯૬ જોખમી બિલ્ડિંગમાં લગબગ ૩,૧૬૨ રહેવાસીઓ અને ભાડૂતો રહે છે.

જોખમી બિલ્ડિંગના લગભગ ૧૮૪ ભાડૂતોને ઘર ખાલી કરવાની નોટિસ આપવામાં આવી છે. નોટિસ ફટકારેલા રહેવાસીઓમાંથી ત્રણ કુટુંબને ટ્રાન્ઝિટ કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. તો નોટિસ આપ્યા બાદ પણ ઘર ખાલી નહીં કરનારા ઘરની સંખ્યા ૧૭૬ જેટલી છે.

મ્હાડાએ અતિજોખમી ઈમારતના રહેવાસીઓને સૂચના મુજબ બિલ્ડિંગ ખાલી કરવા માટે સહકાર્ય કરવાની અપીલ કરી છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# માલશેજ ઘાટમાં ભેખડો ધસી પડી, ટ્રાફિક જૅમ થયો

બદલાપુરઃ કલ્યાણ-અહિલ્યાનગર નેશનલ હાઈવે પર આવેલ માલશેજ ઘાટમાં વરસાદને કારણે ભેખડ ધસી પડી હતી, જેના કારણે વાહનવ્યવહારને અમુક અંશે અસર થઈ હતી. ઘાટમાંથી પસાર થતો એક માર્ગ થોડા સમય બાદ ખોલવામાં આવ્યો હતો. તહસીલદાર કચેરીએ માહિતી આપી હતી કે ભેખડ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. અને ટૂંક સમયમાં તમામ રસ્તાઓ ખુલ્લા કરી દેવામાં આવ્યા હતા. ભૂસ્ખલનની ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિ કે નુકસાન થયું નહોતું.

જોકે ઘટના દરમિયાન મોટા પથ્થરો સીધા ખાડામાં પડ્યા હતાં. આ માહિતી મળતાની સાથે જ અહીં હાઈવે ઓથોરિટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી ભેખડ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ઘાટમાં અહિલ્યાનગર તરફ જતો માર્ગ બપોરે એક વાગ્યા સુધીમાં શરૂ કરવામાં આવ્યો હતો. રોડનો મોટો ભાગ વાહન વ્યવહાર માટે ખુલ્લો કરી દેવામાં આવ્યો છે.

માલશેજ ઘાટ દ્વારા દૂધ, કૃષિ સામાન અને અન્ય માલસામાનનું પરિવહન થાય છે. આ હાઇવે મુસાફરોની અવરજવર માટે પણ મહત્ત્વનો છે. આ માર્ગ થાણે, અહિલ્યાનગર અને બંને જિલ્લાના બજારોને જોડે છે.

ચોમાસા દરમિયાન આ માર્ગ જોખમી બની જાય છે. આ માલશેજ ઘાટમાં વરસાદને કારણે વારંવાર ભૂસ્ખલન થાય છે. નેશનલ હાઈવે ઓથોરિટી આ યોજનાને સતત અમલમાં મૂકી રહી છે. ■

## અંબોલી ઘાટમાં પણ ભૂસ્ખલન

સાવંતવાડીઃ કમોસમી વરસાદને કારણે સાવંતવાડી તાલુકામાં ગુરુવારે સવારે અંબોલી ઘાટમાં ભૂસ્ખલન થતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. આ ઘટના વાસ મંદિરથી સાવંતવાડી તરફ થોડા અંતરે બની હતી. પહાડો પરથી માટી અને પથ્થરો રસ્તા પર આવી જતાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જોકે, તરત જ વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો.

ઘટનાની જાણ થતા જાહેર બાંધકામ વિભાગે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી યુદ્ધના ધોરણે પથ્થરો હટાવવાની કામગીરી શરૂ કરી હતી અને વાહનવ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો હતો. પહેલા વરસાદમાં જ આ પરિસ્થિતિ સર્જાતા વાહન ચાલકો અને સ્થાનિક નાગરિકો પરેશાન છે. જોકે, જાહેર બાંધકામ વિભાગે પ્રવાસીઓ અને વાહનચાલકોને ચિંતા ન કરવાની અપીલ કરી છે.

દરમિયાન, આંબોલી ઘાટ હવે નેશનલ હાઇવે વિભાગને તબદીલ કરવામાં આવ્યો છે અને વિભાગે તાજેતરમાં ઘાટનું નવીનીકરણ કર્યું છે. આમ છતાં ભૂસ્ખલન થવાને કારણે આંબોલીના નાગરિકોએ ચિંતા વ્યક્ત કરી છે. તેમના મતે, જ્યાં ભૂસ્ખલન થયું છે અથવા થવાની સંભાવના છે તેવા જોખમી વિસ્તારોના સર્વેક્ષણ માટે પૂરતો સમય અને ધ્યાન આપવાની જરૂર છે.

# વરસાદને કારણે કેરીના ભાવ ગબડ્યા

થાણેઃ વાતાવરણમાં આવેલા ફેરફારોને કારણે કોંકણમાં હાપુસ પાક પર અસરને કારણે આ વર્ષે હાપુસની સિઝન પૂરી થઈ ગઈ છે ત્યારે પુણેના આંબેગાંવ અને જુન્નર તાલુકામાંથી આવતી કેરીને પણ કમોસમી વરસાદના કારણે ભારે ફટકો પડ્યો છે. મુખ્યત્વે મેના પ્રથમ સપ્તાહ પછી, પુણેના કેટલાક તાલુકામાંથી કેરી બજારમાં આવે છે, પરંતુ કેટલાક દિવસોથી વરસી રહેલા વરસાદને કારણે કેરીને સીધી અસર થઈ છે અને ભાવમાં ધરખમ ઘટાડો થયો છે. ઉપરાંત બજારમાં વેચાણ માટે આવતી કેરીઓ બગડવાનું પ્રમાણ પણ વધ્યું છે.

હાલ મુંબઈ સહિત રાજ્યના મુખ્ય બજારોમાં હાપુસનું આગમન લગભગ બંધ થઈ ગયું છે. કોંકણની હાપુસ કેરી મેના અંત સુધી બજારમાં મળી રહે છે. કોંકણની હાપુસ કેરીની સિઝન પૂરી થયા બાદ પુણે અને કર્ણાટકની કેરીની સિઝન શરૂ થાય છે. જોકે, રવિવારથી રાજ્યમાં સર્વત્ર શરૂ થયેલા વરસાદને કારણે કેરીના પાક પર અસર થઈ છે. વરસાદના કારણે મોટાભાગના ફળ ધોવાઈ ગયા હતા. પરિવહન માટે બોક્સમાં પેક કરેલા ફળોમાં પાણી પડવાથી કારણે કેરીની શેલ્ફ લાઇફ ઘટી છે, જેના કારણે વેપારીઓને પણ હાલાકી ભોગવવી પડી છે.

પુણે જિલ્લાના શિનવલી, ઘોડેગાંવ, જુન્નર, આંબેગાંવ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં કેરીનું ઉત્પાદન થાય છે. મે મહિનામાં આ કેરીને મુંબઈ, પુણે અને રાજ્યના બજારોમાં વેચવામાં આવે છે. ગયા અઠવાડિયે પુણેથી આવતી હાપુસ કેરી ૫૦૦ થી ૬૦૦ રૂપિયા પ્રતિ ડઝનના ભાવે વેચાઈ રહી હતી. પરંતુ આ વરસાદથી થયેલા નુકસાનને કારણે કેરીના ભાવ ગગડી ગયા છે અને રૂ.૨૦૦ થી ૪૦૦ના ભાવે અને અન્ય જાતની કેરીઓ પણ ૫૦ થી ૭૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે.■

# થાણેમાં સરેરાશ ૫૧ ટકા નાળાસફાઈ પૂરી

થાણેઃ મુંબઈમાં સરેરાશ ૬૫.૭૬ ટકા નાળાસફાઈ થઈ છે, તેની સામે થાણેમાં માંડ ૫૧ ટકા નાળાસફાઈ પૂરી થઈ છે. ચોમાસું નજીક છે ત્યારે અધૂરી નાળાસફાઈને કારણે પાણી ભરાઈ જાય નહીં તેની ચિંતા નાગરિકોને સતાવી રહી છે ત્યારે થાણે પાલિકાએ ૩૧મે, ૨૦૨૫ સુધી તમામ નાળાઓની સફાઈ પૂરી થઈ જશે એવો દાવો કર્યો છે. થાણે પાલિકા પ્રશાસનના જણાવ્યા મુજબ થાણેમાં સરેરાશ ૫૧ ટકા નાળાસફાઈ થઈ છે અને ચોમાસા પહેલા તમામ નાળા અને ગટરોની સફાઈ પૂરી થશે. તેમ જ મશીનની મદદથી મોટા નાળાની સફાઈ કરવામાં આવી રહી છે, તેમાં અત્યાર સુધી ૯૦ ટકા કરતા વધુ સફાઈ થઈ ગઈ છે અને જ્યાં મોટા મશીન જઈ શકતા નથી તેવા નાના નાળાની સફાઈ ચાલી રહી છે. થાણે પાલિકાના નવ વોર્ડમાં નાના-મોટા કુલ ૨૭૮ કિલોમીટર લંબાઈના નાળા છે. તેમાંથી મોટા નાળાની મશીનથી સફાઈ કરવામાં આવી રહી છે અને મોટાભાગની સફાઈ થઈ ગઈ છે. ■

# સવાબે કરોડના મેફેડ્રોન સાથે નાઈજીરિયન મહિલા પકડાઇ

મુંબઈઃ નાલાસોપારા પૂર્વમાં સવાબે કરોડ રૂપિયાની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ વેચવા માટે આવેલી નાઇજીરિયન મહિલાને પોલીસે પકડી પાડી હતી. તુલિંજ પોલીસ સ્ટેશનનો સ્ટાફ બુધવારે પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે તેમને માહિતી મળી હતી કે નાઇજીરિયન મહિલા નાલાસોપારા પૂર્વના મોરેગાવ ખાતે પ્રિયંકા અપાર્ટમેન્ટ નજીક આવવાની છે. આથી પોલીસ ટીમે ત્યાં છટકું ગોઠવ્યું હતું. દરમિયાન ઉપરોક્ત સ્થળે આવેલી નાઇજીરિયન મહિલાને પોલીસે તાબામાં લીધા બાદ તેની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી સવાબે કરોડ રૂપિયાની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી મહિલા વિરુદ્ધ તુલિંજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# નવી મુંબઈના વેપારીએ ઑનલાઇન ગેમિંગ સ્કૅમમાં ૨.૭૪ કરોડ ગુમાવ્યા

થાણેઃ ૪૨ વર્ષના વેપારીને ઑનલાઇન ગેમિંગ પ્લેટફોર્મ સાથે જોડાવા માટે મનાવીને સાયબર ગુનેગારોએ તેની સાથે ૨.૭૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. આ પ્રકરણે ૨૦ મેના રોજ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું સાયબર ક્રાઇમ સેલના અધિકારીએ કહ્યું હતું.

પોલીસ ફરિયાદ મુજબ કોપરખૈરાણે વિસ્તારમાં રહેતા વેપારીને આરોપીઓએ ડિસેમ્બર, ૨૦૨૨થી એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન ગેમિંગ પ્લેટફોર્મમાં ૩.૨૪ કરોડ રૂપિયા ડિપોઝિટ કરવાનું કહ્યું હતું અને ઑનલાઇન ગેમ્સમાં ભાગ લેવા બદલ આકર્ષક ઇનામ આપવાની લાલચ આપી હતી.

વેપારીને અલગ અલગ બેન્ક એકાઉન્ટ નંબર આપવામાં આવ્યા હતા અને તેમાં રૂપિયા ડિપોઝિટ કરવાનું કહેવામાં આવ્યું હતું.

દરમિયાન વેપારી ઇનામ જીતી શક્યો નહીં, ત્યારે તેને ખ્યાલ આવ્યો કે કંઇક ખોટું થઇ રહ્યું છે. તે ૫૦ લાખ રૂપિયા ઉપાડવામાં સફળ રહ્યો હતો, પણ બાકીના રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. તેણે ગેમિંગ ઍપ્લિકેશન કંપનીનો પણ સંપર્ક સાધ્યો હતો, પણ કોઇ ફાયદો થયો નહોતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઈ)■

# ૨.૨૫ કરોડના ડ્રગ્સની જપ્તિના કેસમાં ફરાર મહિલા પકડાઇ

મુંબઈઃ ૨.૨૫ કરોડ રૂપિયાના ડ્રગ્સની જપ્તિના કેસમાં છેલ્લા ત્રણ મહિનાથી ફરાર પચાસ વર્ષની મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી નિલોફર શેરઅલી સેન્ડોલે બુધવારે બાંદ્રાથી મુંબ્રા આવી રહી હતી ત્યારે થાણે પોલીસના એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ની ટીમે વિક્રોલી વિસ્તારમાંથી તેને તાબામાં લીધી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. થાણે એએનસીના અધિકારીઓએ ફેબ્રુઆરીમાં મળેલી માહિતીને આધારે શિળ ડાયઘર વિસ્તારમાં ઇમારતના ફ્લેટમાં રેઇડ પાડી હતી અને ૨.૨૫ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ પ્રકરણે ઇલિયાસાન (૧૯), અમન કમાલ ખાન (૨૧) અને આસિફ ખાન (૨૫)ની ધરપકડ કરવામાં આવી હતી. એ ફ્લેટ નિલોફર સેન્ડોલેનો હતો અને આરોપીઓ તેને ડ્રગ્સ પહોંચાડવાના હતા. દરમિયાન નિલોફર ફરાર થઇ ગઇ હતી, પણ તેણે બાંદ્રા મ્હાડા ગ્રાઉન્ડ વિસ્તારમાં ડ્રગ્સ સપ્લાય કરવા લાગી હતી. નિલોફર વિરુદ્ધ અનેક ગુના દાખલ છે. (પીટીઆઈ) ■





# કોલ્હાપુરમાં પૂર માટે અલમટ્ટી બંધને જવાબદાર ઠેરવતા તપાસનો આદેશ

મુંબઈઃ કર્ણાટકના અલમટ્ટી બંધને કોલ્હાપુર-સાંગલી વિસ્તારમાં પૂરનું કારણ બની રહ્યો હોવાનો સ્થાનિક એક્ટિવિસ્ટ દ્વારા દાવો કરવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના જળ સંસાધન પ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલે અધિકારીઓને પુરાવાઓનો અભ્યાસ કરવા જણાવ્યું છે. દક્ષિણ મહારાષ્ટ્રના બે જિલ્લાઓમાં પૂર અંગે ચર્ચા કરવા માટે કોલ્હાપુરમાં બુધવારે બેઠક બોલાવવામાં આવી હતી. સરકારે શરૂઆતમાં કહ્યું હતું કે પૂર માટે ડેમ જવાબદાર નથી. મહારાષ્ટ્ર સરકાર કૃષ્ણા નદી પરના અલમટ્ટી બંધની ઊંચાઈમાં સૂચિત વધારાનો વિરોધ કરે અને કેન્દ્રીય જળ આયોગની પૂર વ્યવસ્થાપન માર્ગદર્શિકાનું પાલનની બાંયધરી આપે એવી માંગણી કૃષ્ણા ફ્લડ કમિટી અને ઇરિગેશન ફેડરેશનના સભ્યો સહિત સ્થાનિક વિધાનસભ્યો અને કાર્યકરોએ કરી હતી. વિખે-પાટીલે સિંચાઈ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી કે એક્ટિવિસ્ટોએ રજૂ કરેલા પુરાવાઓનો અભ્યાસ કરીને આગામી બેઠકમાં રિપોર્ટ રજૂ કરે. (પીટીઆઈ) ■

# શીના બોરા મર્ડર કેસ : ૬૫ સાક્ષીની બાદબાકી કરાઈ

મુંબઈઃ શીના બોરા મર્ડર કેસમાં કેન્દ્રીય તપાસ બ્યુરોએ ગુરુવારે એક વિશેષ અદાલત સમક્ષ ૬૫ નામ રજૂ કર્યા છે જેમને કેસના સાક્ષીની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. આ ૬૫ નામમાં પીટર મુખર્જીની પૂર્વ પત્ની શબનમ સિંહનો પણ સમાવેશ થાય છે. શીના બોરાની માતા ઈન્દ્રાણી મુખરજી આ કેસમાં મુખ્ય આરોપી છે. ઈન્દ્રાણીના પૂર્વ પતિ પીટર મુખર્જી પણ આ કેસમાં આરોપી છે.

આ વર્ષે માર્ચમાં સીબીઆઇએ ૧૨૫ સાક્ષીઓની અંતિમ યાદી રજૂ કરી ઇન્દ્રાણી મુખર્જી અને પૂર્વ પતિ અને સહ-આરોપી સંજીવ ખન્નાની પુત્રી વિધી મુખરજીનો પણ તેમાં સમાવેશ થાય છે એ વાતની પુષ્ટિ કરી હતી. આ યાદીમાં કેટલાક પોલીસ કર્મચારીઓ હતા જેઓ તપાસમાં સામેલ હતા, શબનમ સિંહ, શીનાની બહેનપણીઓ સંજના ફુકન રક્તિમ અને પ્રણામી ગોસ્વામીનો પણ સમાવેશ હતો. ફરિયાદ પક્ષે હવે આ કેસમાં શબનમ સિંઘને સાક્ષી તરીકે દૂર કર્યા છે. આ કેસની સુનાવણી દૈનિક ધોરણે ચાલી રહી છે અને હાલ સાક્ષીઓની તપાસ ચાલી રહી છે. (પીટીઆઈ)■








સતત પચીસ વર્ષ સફળતાપૂર્વક મરાઠી ભાષામાં ભજવાયેલું સૌથી વિસ્ફોટક અને ચર્ચાસ્પદ નાટક હિંદી, અંગ્રેજી અને હવે ગુજરાતીમાં...

## 'નથુરામ ગોડસેએ મરવું જ પડશે' શુભારંભ આજથી



પરિતોષ પેઇન્ટર અને આસિફ પટેલ પ્રસ્તુત, સેજલ દીપક પેઇન્ટર નિર્મિત, ભરત દાભોલકર દિગ્દર્શિત તેમ જ મૂળ પ્રદિપ દળવી દ્વારા લખાયેલ અને ગોપાલ ગોડસેના ''મે ઇટ પ્લીઝ યોર ઓનર'' પર આધારિત આઇકોનિક મરાઠી નાટક ''મી નથુરામ ગોડસે બોલતોય''થી પ્રેરિત, આ શક્તિશાળી નાટકનું ગુજરાતી સશક્ત રૂપાંતરણ કર્યું છે ચિંતન નરેશ શાહે.

આ ઐતિહાસિક નાટક ભારતના રાજકીય ઇતિહાસના સૌથી વિવાદાસ્પદ પ્રકરણોમાંના એકને જીવંત કરે છે.

ચકાસાયેલ ઐતિહાસિક કૃતિ રેકોર્ડ્સ, કોર્ટ ટ્રાન્સક્રિપ્ટ્સ અને અધિકૃત સંદર્ભોનો ઉપયોગ કરીને એક આકર્ષક કોર્ટરૂમ કથા અહીં રજૂ કરવામાં આવી છે. જે કોઈપણ વિચારધારાને સમર્થન આપતું નથી અથવા કોઈપણ કૃત્યને માફ કરતું નથી - તે ફક્ત એક અવાજ પ્રદાન કરે છે જે દફનાવવામાં આવ્યો હતો, જે પ્રેક્ષકોને વિરોધી દૃષ્ટિકોણથી સંતુલિત દૃષ્ટિકોણ થકી જોવાની તક આપે છે. આનું નાટયમંચન અનુભવી કલાકારો અને અવિશ્વસનીય ભજવણી દ્વારા ઘટનાઓને જીવંત બનાવે છે.

આ માત્ર નાટક નથી - એક અનુભવ છે. એ અનુભવ જે પડકારે છે... ઉશ્કેરે છે...

જૂની પેઢીએ અચૂક જોવા જેવું અને Gen Z (નવી પેઢી)ને જાગ્રત કરનારું.

ગુજરાતી થિયેટર અને ઓટીટી પ્લેટફોર્મ્સમાંથી નિપુણ કલાકારો અને ફોર્બ્સ-વિશિષ્ટ મ્યુઝિક ડાયરેક્ટર જોડી સાઈ-પિયુષ દ્વારા આત્માને ઉત્તેજિત કરનાર સંગીતના સ્કોર સાથે, આ નાટક નિર્માણ દૃષ્ટિની અને ભાવનાત્મક રીતે મનમોહક છે.

એક ભારતીય તરીકે, આ એક એવી ઘટના છે જેનાં તમે સાક્ષી બનો છો. નથુરામ ગોડસે વિશેના આ વિસ્ફોટક નાટકમાં ઇતિહાસનો સાક્ષી છે. દરેક ભારતીય માટે આવશ્યક છે.

કલાકારઃ ઓજસ રાવલ, ભરત દાભોલકર, પૂર્વી મહેતા, નેલ ગગનાની, પિન્ટુ કુમાર ગોસ્વામી, હિનેશ પરમાર અને તરલ અલમૌલા.

**શુક્રવાર ૨૩ મે રાત્રે ૮, બાલગંધર્વ ઓડિટોરિયમ, બાંદ્રા અને શનિવાર ૨૪મી મે -રાત્રે ૮ રોયલ ઓપેરા હાઉસ ખાતે ભજવાશે.**

# કરમસદ રેલવે સ્ટેશનની ૧૦૦ મીટરની દીવાલ પર સરદાર પટેલના જીવનની ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના કુલ ૧૦૩ સહિત ગુજરાતના ૧૮ પુનર્વિકસિત અમૃત રેલવે સ્ટેશન્સનું લોકાર્પણ કર્યું હતું. અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આ રેલવે સ્ટેશનોની રૂ.૧૧૦૦ કરોડના ખર્ચે કાયાપલટ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ એવા આણંદ જિલ્લાના કરમસદ રેલવે સ્ટેશનનો અંદાજે રૂ.સાત કરોડના ખર્ચે પુનર્વિકાસ કરવામાં આવ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે આ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી કરમસદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. કરમસદ રેલવે સ્ટેશનની ૧૦૦ મીટરની દીવાલ પર સરદાર સાહેબના જીવનની ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કરમસદ રેલવે સ્ટેશન ખાતે યોજાયેલા સમારોહમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'મેઈક ઈન ઈન્ડિયા' દ્વારા દેશમાં દરેક ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. વિદેશોમાં જે શ્રેષ્ઠ છે તેનું ભારતમાં નિર્માણ થઈ રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યપાલે જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વમાં ભારતમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો એક નવો યુગ શરૂ થયો છે. દેશની ચારે દિશામાં આજે તમામ ક્ષેત્રોમાં વિકાસ થઈ રહ્યો છે. વંદે ભારત ટ્રેન આજે દેશની શોભા વધારી રહી છે.

આગામી સમયમાં ગુજરાત-મહારાષ્ટ્રને જોડતી બુલેટ ટ્રેનની સુવિધાઓ પણ ઉપલબ્ધ થવાની છે. દેશમાં રોડ નેટવર્ક, એરપોર્ટ અને રેલવેનો આધુનિક વિકાસ કરવામાં આવી રહ્યો છે. ભાવિ પેઢીને આપણા ભવ્ય વારસાનો પરિચય સતત રહે તેથી દેશમાં રેલવે સ્ટેશનના વિકાસમાં પરંપરા, વિરાસત અને મહાનુભાવોના વારસાનો સમાવેશ કરાયો છે. ■

# સુરતની પલસાણા ગ્રામ પંચાયતની નેશનલ ઈ-ગવર્નન્સ એવૉર્ડ માટે પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પલસાણા ગ્રામ પંચાયતે સુરત જિલ્લા સહિત સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું. ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ દેશની ૧.૪૪ લાખ ગ્રામ પંચાયતોમાંથી ગુજરાતની પલસાણા ગ્રામ પંચાયતની નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ માટે પસંદગી થઇ હતી. ગુજરાત અને સમગ્ર દેશમાં ઈ-ગવર્નન્સમાં અનેરી સિદ્ધિ હાંસલ કરનાર પલસાણા ગ્રામ પંચાયતને વિશેષ શ્રેણી માટે આ એવોર્ડ આપવામાં આવશે. વિશાખાપટ્ટનમ ખાતે યોજાનાર ૨૮મી નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ દરમિયાન કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં એવોર્ડ એનાયત કરવામાં આવશે.

પલસાણા ગ્રામ પંચાયતે લોકસેવા પહોંચાડવાની પદ્ધતિમાં ડિજિટલ રૂપાંતર લાવીને પારદર્શિતા, ઝડપ અને કાર્યક્ષમતા વધારવાનું કાર્ય કર્યું છે. ઈ-ગવર્નન્સના માધ્યમથી સ્થાનિક નાગરિકોને સુગમ અને અસરકારક સેવાઓ સુલભ બનાવી છે, જેને કારણે આ ગામ દેશભરમાં ઉદાહરણરૂપ બન્યું છે. પલસાણા ગ્રામ પંચાયત દ્વારા ૧૦૦ ટકા વેરા વસૂલાતની કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. વધુમાં ગ્રામ પંચાયત કક્ષાએ વી.સી.ઈ. અને તલાટી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન અંદાજિત ૧૭,૪૮૪ જેટલી ઓનલાઈન સેવાઓ ગ્રામજનોને પૂરી પાડવામાં આવી હતી.

સિક્યોર પલસાણા અંતર્ગત પલસાણા ગ્રામ પંચાયતે ગામમાં વિવિધ જગ્યાએ અંદાજે ૭૫ જેટલા સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરી છે. ગ્રામ પંચાયત દ્વારા ડોર -ટુ-ડોર વેસ્ટ કલેક્શનની કામગીરી નમૂનેદાર છે. ગ્રામજનો માટે હાલમાં ઈ-લાયબ્રેરીનું નિર્માણ થઈ રહ્યું છે. સરપંચ,ઉપસરપંચના અથાગ પ્રયત્નો તેમજ ગ્રામજનોના હિતને સર્વોપરી રાખીને કામ કરવાની ભાવના થકી ગ્રામ પંચાયત પલસાણા આ એવોર્ડ માટે હક્કદાર બન્યું હતું.

આ એવાર્ડ માટે પલસાણા ગ્રામ પંચાયતને તાલુકા-જિલ્લા-રાજ્યકક્ષાની ચકાસણી કમિટીની કસોટીમાંથી પસાર થયા બાદ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધત્વ કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની કમિટીએ પલસાણાની પ્રત્યક્ષ મુલાકાત લઈને મૂલ્યાંકન કર્યું હતું. ત્યારબાદ ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટીવ રિફોર્મ અને પબ્લિક ગ્રીવન્સ-ન્યુ દિલ્હી રચિત રાષ્ટ્રીય કક્ષાની જ્યુરી પેનલ સમક્ષ પલસાણા ગ્રામ પંચાયતની કામગીરીનું મૂલ્યાંકન થયું જેમાં દેશની ૧.૪૪ લાખ ગ્રામ પંચાયતોમાંથી ગુજરાતની પલસાણા ગ્રામ પંચાયતે બાજી મારી હતી. ■

# અમૃત સ્ટેશન યોજના અંતર્ગત પુનર્વિકસિત થયેલા ગુજરાતના ૧૮ સ્ટેશનોનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર નિર્માણ અને તેમના વિઝનના સંકલ્પના પરિણામે દેશને અમૃત સ્ટેશન યોજનાની ભેટ મળી હતી. આ યોજનામાં દેશના ૧૩૦૦ થી વધુ સ્ટેશનોનો કાયાકલ્પ કરીને તેનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના ૮૭ સ્ટેશનોનું પણ ૬૩૦૩ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિકીકરણ થઈ રહ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ. ૧૬૪ કરોડના ખર્ચે ગુજરાતના પુનર્વિકસિત થઈ ગયેલા ૧૮ રેલવે સ્ટેશનના વર્ચ્યુઅલ લોકાર્પણ રાજસ્થાનના બિકાનેર ખાતે આયોજિત કાર્યક્રમમાં કર્યા હતા.

અમૃત સ્ટેશન યોજના અન્વયે ગુજરાતના જે ૧૮ સ્ટેશનોને પુનર્વિકસિત કરવાની કામગીરી પૂર્ણ થઈ અને વડા પ્રધાને વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યા તેમાં શિહોર જંક્શન, ઉતરાણ, ડાકોર, ડેરોલ, હાપા, જામજોધપુર, જામવંથલી, કાનાલુસ જંક્શન, કરમસદ, કોસંબા જંક્શન, લીંબડી, મહુવા, મીઠાપુર, મોરબી, ઓખા, પાલીતાણા, રાજુલા જંક્શન અને સામખિયાળી સ્ટેશનનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અમૃત સ્ટેશન યોજનામાં નવીનીકરણ થયેલા લીંબડી સ્ટેશનના લોકાર્પણ અવસરમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ પ્રસંગે કહ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારથી સેનાથી લઈને સામાન્ય માનવીની સુવિધા, સજ્જતા અને સુખાકારી માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિકીકરણને પ્રાથમિકતા આપી છે. રેલવેનો કાયાકલ્પ, સ્ટેશનોના આધુનિકીકરણ અને યાત્રી સુવિધાના નવતર આયામો આગવા વિઝન અને રાષ્ટ્રનિર્માણ માટેના સંકલ્પ સાથે વડા પ્રધાને શરૂ કર્યા છે.

મુખ્ય પ્રધાને સ્પષ્ટપણે જણાવ્યું કે, જો લોકોની સારી સેવા કરવાની ઈચ્છાશક્તિ અને વિકાસની રાજનીતિની પ્રતિબદ્ધતા હોય તો સુશાસન દ્વારા રેલવે સેવાઓમાં કેવા ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તે વડા પ્રધાન મોદીએ દુનિયાને બતાવ્યું છે. આ સંદર્ભમાં તેમણે ગુજરાતને રેલવે સેવાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની મળેલી ભેટની વિગતો આપતા કહ્યું કે, વડા પ્રધાનના દિશા દર્શનમાં ૨૦૧૪ થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૩૧૪૪ કિલોમીટર રેલવે લાઇનનું વિદ્યુતીકરણ થયું છે તે સાથે ગુજરાતમાં ૯૭ ટકા રેલવે રૂટ વિદ્યુતકૃત થઈ ગયા છે. એટલું જ નહીં, ૨૦૨૫-૨૬માં રેલવે બજેટમાં ગુજરાત માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયા ફાળવાયા છે. તે અગાઉના ૨૦૦૯ થી ૨૦૧૪ સુધીના સમયમાં ફાળવાયેલા બજેટ કરતાં સરેરાશ ૨૯ ગણા છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે દેશમાં વડા પ્રધાનના વિઝનથી વંદે ભારત ટ્રેનોનું જે નેટવર્ક ઊભું થયું છે તેમાં ગુજરાતને ચાર વંદે ભારત ટ્રેનની ભેટ મળી છે. તેનો ઉલ્લેખ કરતા ઉમેર્યુ કે, વિશ્વના અગ્રણી પ્રવાસન સ્થળ સ્ટેચ્યૂ ઓફ યુનિટી-એકતાનગર સુધી દેશ-દુનિયાના યાત્રિકો સરળતાથી પહોંચી શકે તે માટે રેલવે સેવાઓ વિસ્તારવામાં આવી છે. મુખ્ય પ્રધાને ગુજરાતનાં ૧૮ સ્ટેશનોના પુનર્વિકાસ પછી તેનું વડા પ્રધાન દ્વારા થયેલું લોકાર્પણ રાજ્યમાં રેલવે સુવિધાઓ અને પેસેન્જર એમેનીટીઝને વધુ સુગમ બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ■

# ગુજરાત સરકારના પાણીપુરવઠા ગ્રીડ મારફત રાજ્યમાં દૈનિક ૩૨૦ કરોડ લિટર પાણી વિતરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉનાળા દરમિયાન રાજ્યના દરેક પરિવાર, દરેક નાગરિક સુધી પીવા માટેનું પૂરતું પાણી મળી રહે તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. પાણીપુરવઠા-જળ સંપત્તિ પ્રધાન કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ અંતર્ગત કુલ ૩,૨૫૦ કિ.મી બલ્ક પાઇપલાઇન અને ૧.૨૦ લાખ કિ.મી.થી વધુ લંબાઇની પાણી વિતરણ પાઇપલાઇન દ્વારા રાજ્યના ૧૫,૭૨૦થી વધુ ગામો અને ૨૫૧ શહેરી વિસ્તારોને દૈનિક ૩૨૦ કરોડ લીટર પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતના કુલ ૧૮,૧૫૨ ગામો પૈકી ૧૫,૭૨૦ ગામોને ૩૭૨ જુથ પાણી પુરવઠા યોજના મારફતે સરફેસ સોર્સ આધારિત બલ્ક પાઇપલાઇન તેમજ નવીન-સુધારણા જૂથ પાણીપુરવઠા યોજનાઓ હેઠળ પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨ ગામોને સ્થાનિક સોર્સ આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના મારફતે પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. બાકીના તમામ ગામોને પણ જૂથ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે, જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

જૂથ યોજના મારફત ગ્રામ્ય વિસ્તારોમાં પીવા લાયક પાણી પહોંચાડવા માટે રાજ્યના કુલ ૭૪ જેટલા ડેમમાંથી પીવા માટે પાણીનો જથ્થો આરક્ષિત રાખવામાં આવ્યો છે, જ્યાંથી જરૂરિયાત મુજબ પાણી ઉપાડી શુદ્ધીકરણ કરી લાભાર્થી ગામો સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત જૂથ યોજનાઓમાં કેટલીક વાર લીકેજ અને પંપિંગ મશીનરી વગેરે જેવા પ્રશ્નો ઉપસ્થિત થતાં જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામોમાં પાણીની ઘટ ન પડે તથા ઉનાળાની સીઝનમાં પશુઓની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે અનિવાર્ય સંજોગોમાં ટેન્કરો દ્વારા જરૂરિયાત મુજબ પાણી પહોંચાડવામાં આવે છે.

રાજ્યમાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલીવાળા ગામોનો સર્વે કરવામાં આવ્યો છે. આ ગામોમાં ઉનાળામાં મુશ્કેલી ન થાય તે માટે જરૂરી આયોજનના ભાગરૂપે વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓ દ્વારા મુશ્કેલીવાળા ગામોને દત્તક લેવામાં આવ્યા છે. આ અધિકારીઓ દ્વારા વિવિધ માધ્યમોથી ગામમાં પાણીની જરૂરિયાત અંગેનું સઘન મોનિટરિંગ કરવામાં આવે છે. આટલું જ નહિ, પાણીપૂરવઠા સંબંધિત ફરિયાદોના નિવારણ માટે ગ્રીવેન્સ રિડ્રેસલ સિસ્ટમ કાર્યરત છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે ૨૪ × ૭ કલાકનો કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે, જેમાં ૧૯૧૬ ટોલ ફ્રી નંબરથી પીવાના પાણીને લગતી તમામ ફરિયાદો નોંધવામાં આવે છે. આ ઉપરાંત પાણીપુરવઠા બોર્ડની વડી કચેરી ખાતે પ્રોએક્ટિવ કોલસેન્ટર જલસંપર્ક કાર્યરત કરવામાં આવ્યું છે. આ કોલ સેન્ટરના માધ્યમથી અત્યાર સુધીમાં ૫૨,૦૦૦થી વધુ લોકોનો સંપર્ક કર્યો હતો, જે પૈકી ૯૯.૫૦ ટકા લોકોના હકારાત્મક પ્રતિભાવ મળ્યા છે. ગ્રામ્ય કક્ષાએ પાઇપલાઈન લીકેજ સહિતની મરામત અને નિભાવણીની કામગીરી સુચારુરૂપે થાય તે માટે અત્યાર સુધીમાં કુલ ૧૩,૭૦૦ ઓપરેટર, સરપંચ, રિસોર્સ પર્શનને તાલીમ આપવામાં આવી છે. દરેક જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીઓ તથા કલેક્ટરને તેમના જિલ્લાની પીવાના પાણીને લગતી પરિસ્થિતિ તેમજ ફરિયાદો અંગે નિયમિત સમીક્ષા કરવા જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની નિયમિત બેઠક થાય તે મુજબ સૂચન પણ કરવામાં આવે છે. ■

# ગુજરાતમાં કોરોનાએ સ્પીડ પકડીઃ અમદાવાદમાં ૨૪ કલાકમાં ચાર નવા કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં ૨૪ કલાકમાં કોરોનાના ચાર નવા કેસ નોંધાયા હતા. કડીમાં પણ એક યુવકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કલ્યાણપુરા રોડ પર દડી સર્કલ પાસે રહેતો એક યુવક પશુપાલનનો વ્યવસાય કરે છે. તેની તબિયત લથડતા તેને કડી શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. યુવકને તાવ અને શરદીનાં લક્ષણો જોવા મળ્યા હતા. ડોક્ટરને શંકા જતાં કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

ગુજરાતમાં મે મહિનામાં કોરોના વાઇરસના ૩૮ કેસ નોંધાયા છે. જે પૈકી ૩૧ એક્ટિવ કેસ છે. શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એસવીપી, શારદાબેન, એલ.જી.હોસ્પિટલમાં આઇસોલેશન વોર્ડ ઊભા કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં કોરોનાના વધી રહેલા કેસને લઈ આરોગ્ય વિભાગ પણ સક્રિય થયું હતું. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં આઇસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સાથે જ ઓક્સિજન ટેંક, પીપીઈ કિટ, વેન્ટિલેટર, દવાઓ સહિતની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૧૨૦૦ બેડ, ૨૦ હજારની બે ઓક્સિજન ટેંક તૈયાર કરવામાં આવી હતી. રાજકોટ સિવિલમાં ૨૦ બેડનો અને વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૨૨ બેડનો આઇસોલેશન વોર્ડ ઊભો કરવામાં આવ્યો હતો. ■

# અમદાવાદના ગુરુકુળ વિસ્તારમાં એસીનું કોમ્પ્રેસર ફાટતાં આગ લાગીઃ ૨૦થી વધુ લોકોને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ગુરુકુળ વિસ્તારમાં આવેલા પૂર્વી ટાવરના ૮મા માળે એસીનું કોમ્પ્રેસર ફાટતાં આગ લાગી હતી. ઘરમાં રહેલા ગેસના બે બાટલા ફાટતા આગ વધુ વિકરાળ બની હતી. આગ ફેલાઈને નવમા માળ ઉપર આવેલા અન્ય એક મકાન સુધી પણ પહોંચી ગઈ હતી. કુલ બે મકાનમાં આગ લાગી હતી. આગ લાગતાં ઘરમાં રહેલા લોકો સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા. નવમા અને દસમા માળ પર જેટલા લોકો હતા તે તમામને રેસ્ક્યૂ કરીને ધાબા પર લઈ જવાયા હતા.

બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ આવી પહોંચી હતી. ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. બનાવના સ્થળે પોલીસ-બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. સ્થાનિક પીઆઇ, એસીપી અને ડીસીપી સહિત અન્ય સ્ટાફ તહેનાત કરાયો હતો. ટ્રાફિકની ટીમ દ્વારા રોડને બંધ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ ફાયરબ્રિગેડ દ્વારા હાઇડ્રોલિક પ્લેટફોર્મ કમ સ્નોર્કેલ વડે ૮ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૨થી ૧૫ લોકોને સીડી વડે નીચે ઉતારવામાં આવ્યા હતા.

કુલ ૨૦થી વધારે લોકોને ફાયરબ્રિગેડની ટીમ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નહોતી. ■

# અમદાવાદમાં વીજ કેબલની ચોરી થતાં મેટ્રો સેવા પ્રભાવિત થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની લાઇફ લાઇન ગણાતી અમદાવાદ મેટ્રોને વીજ પુરવઠો પૂરો પાડતા કેબલની ચોરી થવાના કારણે મેટ્રો સર્વિસ પ્રભાવિત થઈ હતી. મળતી વિગત પ્રમાણે, અમદાવાદ મેટ્રોના ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં શાહપુરથી જૂની હાઈ કોર્ટ સેક્શન વચ્ચે બુધવારે મોડી રાત્રે કેબલ ચોરી થવાના કારણે ગુરુવારે વહેલી સવારથી જ એપરલ પાર્કથી જૂની હાઈ કોર્ટ વચ્ચે ટ્રેન સેવા પ્રભાવિત થઈ હતી. જોકે, વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક અને જૂની હાઈ કોર્ટથી થલતેજ ગામ સુધીની ટ્રેન સેવા પણ ટેક્નિકલ ખામીના કારણે બંધ કરવામાં આવી હતી. ઉત્તર-દક્ષિણ કોરિડોરમાં ટ્રેને સેવાને કોઈ અસર થઈ ન હતી. અમદાવાદ પોલીસ અને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના સ્ટાફની મદદથી કર્મચારીઓએ ગુરુવારે બપોરે કેબલ બદલી પૂર્વ-પશ્ચિમ મેટ્રો ટ્રેન સેવાને રાબેતા મુજબ શરૂ કરી હતી. થલતેજથી વસ્ત્રાલ અને વસ્ત્રાલથી થલતેજ તરફ જતી મેટ્રો ટ્રેનનો રૂટ ગુરુવારે વહેલી સવારથી બંધ કરવામાં આવ્યો હતો. આ અંગે માઇક દ્વારા મુસાફરોને જાહેરાત કરવામાં આવી હતી કે, ટેક્નિકલ ખામીના કારણે થલતેજ ગામનો રૂટ અસ્થાયી રૂપે બંધ રહેશે. જોકે, વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક અને એપરલ પાર્કથી વસ્ત્રાલ ગામ સુધીની સેવા રાબેતા મુજબ ચાલુ રહેશે. મેટ્રો ટ્રેન બંધ થતાં ઓફિસ તથા કામ ધંધે જવા નીકળેલા લોકો હેરાન પરેશાન થયા હતા અને ખાનગી વાહનોમાં મુસાફરી કરવાની ફરજ પડી હતી. ■

# ગુજરાત સરકારે વિકસિત ભારત ૨૦૪૭ માટે ઔદ્યોગિક નીતિઓમાં સુધારાના ઉદ્દેશથી ૧૨ ટાસ્કફોર્સ સમિતિની રચના કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ઔદ્યોગિક વિકાસના એન્જિન તરીકે ગુજરાતની ભૂમિકા વધુ મજબૂત થવા જઈ રહી છે. ગુજરાત સરકારે વિકસિત ભારત ૨૦૪૭ના સંદર્ભમાં તેની ઔદ્યોગિક નીતિની રૂપરેખાની સમીક્ષા અને તેમાં સુધારો કરવા માટે મહત્ત્વની પહેલ હાથ ધરી છે, જે ભારતને ૨૦૪૭ સુધીમાં એક વિકસિત દેશ બનાવવાના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપશે.

આ પહેલનો ઉદ્દેશ એક ડેટા-આધારિત, અત્યાધુનિક પૉલિસી ફ્રેમવર્ક (નીતિ માળખું) સ્થાપિત કરવાનો છે, જે રોકાણને અનુકૂળ હોય, નવીનતાને પ્રોત્સાહન આપે અને લાંબા ગાળાના સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપે. આ લક્ષ્યને સાકાર કરવા માટે સરકારે ૧૨ વિશિષ્ટ ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના કરી છે. આ સમિતિઓ વર્તમાન નીતિઓની સમીક્ષા કરશે, વૈશ્વિક ધોરણો સાથે સરખાવીને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશે અને ઊભરતા આર્થિક અને તકનિકી વલણોને સંબોધવા માટે વ્યૂહરચનાઓ તૈયાર કરશે.

આ ૧૨ સમિતિમાં ૧ - સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્ર વિકાસ માટેની સમિતિ, ૨ - ઔદ્યોગિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને જમીન સંબંધિત બાબતોના વિકાસની સમિતિ, ૩- પર્યાવરણીય સંરક્ષણ અને ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રણ સમિતિ, ૪- વેપાર, વાણિજ્ય અને સેવા ક્ષેત્રના વિકાસની સમિતિ, ૫ - ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્ય વિકાસ અને રોજગાર સર્જન માટેની સમિતિ, ૬ - રાજ્યમાં પ્રાથમિક ક્ષેત્રો અને મુખ્ય ઉદ્યોગોના વિકાસ માટેની સમિતિ, ૭ - જોખમમાં મુકાયેલા એકમોના પુનરુત્થાન અને પુનઃસ્થાપન માટેની સમિતિ, ૮ - એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્ર માટેની સમિતિ, ૯ - સ્ટાર્ટઅપ સમિતિ, ૧૦ - સંશોધન અને વિકાસ પર કેન્દ્રિત સમિતિ, ૧૧ - ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ સમિતિ અને ૧૨ - રાજ્ય સ્તરની ટાસ્ક ફોર્સ સમિતિનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, એક વ્યાપક અને સહભાગી નીતિની રચના કરવા માટે દરેક સમિતિમાં ઉદ્યોગ સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, ચેમ્બર ઑફ કોમર્સ અને સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ■

# ગુજરાતમાં પાંચ વર્ષ બાદ ફરી વાઘ જોવા મળ્યોઃ કેમેરાથી રાખવામાં આવી રહી છે નજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ૧૬મી સિંહ વસ્તી અંદાજના આંકડા જાહેર થવાની સાથે અન્ય એક સારા સમાચાર આવ્યા હતા. છેલ્લા ચાર મહિનાથી દેવગઢ બારિયાના જંગલમાં વાઘ હોવાનું સામે આવ્યું હતું. પાંચ થી છ મહિનાની વય ધરાવતો નર વાઘ સંપૂર્ણ તંદુરસ્ત છે અને આસપાસના જંગલ વિસ્તારમાં ફરી રહ્યો છે. વાઘ માત્ર જંગલ વિસ્તારમાં જ ફરી રહ્યો હોવાથી સ્થાનિકોએ ભયભીત થવાની જરૂર ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ચાર મહિના પહેલાં વાઘ જેવા પ્રાણીના ફૂટમાર્ક જંગલમાં જોવા મળ્યા હતા. જે બાદ ટ્રેપ કેમેરા ગોઠવીને વાઘ હોવાનું કન્ફર્મ થતાં તેના પર સતત ૨૪ કલાક ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. વાઘને ખોરાક તથા પાણી નજીકમાં સરળતાથી મળી રહે તે માટે પણ કાળજી રાખવામાં આવી રહી છે. મધ્ય પ્રદેશના ઈન્દોર - ઝાબુઆ વચ્ચેના જંગલ વિસ્તારમાંથી આ વાઘ આવ્યો હોવાનું અનુમાન છે.

વનવિભાગનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે, છેલ્લે રાજ્યમાં ૨૦૧૯માં મહીસાગર જિલ્લામાં વાઘ જોવા મળ્યો હતો. આ વખતે મોબાઈલથી તેની તસવીર લેવામાં આવી હતી અને વન વિભાગે પણ પુષ્ટિ કરી હતી. આ પહેલાં ૧૯૮૫માં ડાંગ જિલ્લામાં એક વાઘ જોવા મળ્યો હતો અને થોડા સમય બાદ અકસ્માતમાં મોત થયું હતું. દાયકાઓ પહેલાં રાજ્યના વલસાડથી લઈને અંબાજી સુધીના ટ્રાઈબલ પટ્ટાના જંગલોમાં વાઘ વિચરતા હોવાનો ઈતિહાસ છે. ■

# અમદાવાદ પાસપોર્ટ ઓફિસના ડિસ્પેચ ડિપાર્ટમેન્ટના બારકોડિંગ સિસ્ટમમાં ખામી સર્જાતા ૧,૮૦૦ પાસપોર્ટ અટવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં આવેલી પ્રાદેશિક પાસપોર્ટ કચેરીમાં તાજેતરમાં નવું વર્ઝન અમલી બનાવવામાં આવ્યું હતું. જે બાદ તેના ડિસ્પેચ ડિપાર્ટમેન્ટના બારકોડિંગ સિસ્ટમમાં ટેક્નિકલ ખામી સર્જાતા ૧૮૦૦ પાસપોર્ટ અટવાયા હતા. જે અરજદારોએ તત્કાલ પાસપોર્ટ માટે અરજી કરી હતી તેમને પણ ચારથી પાંચ દિવસે પાસપોર્ટ મળ્યા હતા. જેના કારણે ઓન એરાઇવલ વિઝા લઇ ફરવા જનારા અરજદારો મુશ્કેલીમાં મુકાયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, ડિસ્પેચ વિભાગ સ્પીડ પોસ્ટ મારફતે પાસપોર્ટ મોકલે છે. પાસપોર્ટનું નવું વર્ઝન અપડેટ થઈ રહ્યું છે ત્યારે ૧૮૦૦ જેટલા અરજદારોના પાસપોર્ટના કવર પર એડ્રેસ બારકોડ લગાવાયા હતા. જેમાં ભૂલ જણાઈ હતી. જેના કારણે અરજદારોના સાચા સરનામે પાસપોર્ટ ડિસ્પેચ થયા નહોતા. અરજદારો પાસપોર્ટ સ્ટેટસ ચેક કરતા હતા ત્યારે અમદાવાદના બદલે બહાર ગામનું બતાવતા હતા, જેથી તેઓ પણ મૂંઝાયા હતા.

સૂત્રોના કહેવા પ્રમાણે, પોસ્ટ વિભાગે ૧૮૦૦ પાસપોર્ટ અમદાવાદ પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ ખાતે મોકલી આપ્યા હતા અને તેના પર સાચું સરનામું છે કે નહીં તે ચેક કરવામાં આવી રહ્યું છે. પાસપોર્ટ કચેરીના ડિસ્પેચ ડિપાર્ટમેન્ટની બારકોડિંગ સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાતાં અનેક લોકોએ તેમના વિદેશ પ્રવાસ કેન્સલ અથવા રિશિડ્યૂલ કરવાની ફરજ પડી હતી. ■

# કલોલ તાલુકાના ડિંગુચા ગામના યુવકની અમેરિકામાં ગોળી મારીને હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યાનો બનાવ બન્યો હતો. મૂળ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ડિંગુચા ગામના એક યુવકની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. ટેનેસીના લિવિસબર્ગમાં બનેલી આ ઘટનામાં મોતને ભેટેલા ગુજરાતી યુવકની ઓળખ પરેશ પટેલ (ઉં.વ.૩૦) તરીકે થઈ હતી. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પરેશ પટેલ એક સ્ટોરમાં કામ કરતો હતો ત્યારે લૂંટના ઈરાદે આવેલા હુમલાખોરે આડેધડ ફાયરિંગ કરતાં તે ત્યાં જ ઢળી પડ્યો હતો. હાલ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે પરેશ છેલ્લા ૧૦ વર્ષથી અમેરિકામાં રહેતો હતો અને ત્યાં જ નોકરી કરતો હતો. ઘટનાની જાણ થતાં સમગ્ર પંથકમાં સોંપો પડી ગયો હતો. પરિવારજનો પણ આઘાતમાં સરી ગયા હતા. ઘટના દરમિયાન, એક વ્યક્તિ ગ્રાહકના રૂપમાં સ્ટોરમાં આવ્યો હતો. તેણે પહેલા કેટલીક ખરીદી કરી અને ત્યારબાદ પરેશ પટેલ પર ફાયરિંગ કર્યું હતું.


મૃતક પરેશ પટેલ ૫ વર્ષની દીકરી અને પત્ની સાથે રહેતો હતો. આકસ્મિક મોતથી તેના ફેમિલીએ એક માત્ર સહારો ગુમાવ્યો હતો. ટેનેસીની પોલીસે પરેશ પટેલની હત્યાના કરવાના ગુનામાં એકની ધરપકડ કરી હતી. પરેશને શૂટ કરીને નાસી ગયેલા ડેવિડ હેમિલ્ટન નામના યુવકને શોધવા પોલીસે ૧૦ હજાર ડૉલરના ઈનામની જાહેરાત કરી હતી અને ગણતરીના કલાકોમાં જ તેની ધરપકડ કરવામાં સફળતા મળી હતી.

થોડાક મહિના પહેલા ડિંગુચાનો એક પરિવાર અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરતી વખતે ડૂબી જવાથી મોતને ભેટ્યો હતો ત્યારે પણ ગામ શોકમગ્ન થઈ ગયું હતું. જે બાદ આ ઘટના પછી ગામમાં ફરી એકવાર શોકનો માહોલ છવાઈ ગયો હતો. ■

# મેટિની

# ‘હેરાફેરી’માં આ તે કેવી હેરાફેરી...

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


અક્ષય કુમાર - પરેશ રાવલ - સુનીલ શેટ્ટી

શબ્દકોશમાં ‘હેરાફેરી’ શબ્દનો એક અર્થ છે અદલાબદલી અને બીજો અર્થ છે વારંવાર આવન-જાવન થવી એ...

૨૫ વર્ષ પહેલાં આવેલી- ગાજેલી ને વખણાયેલી ‘હેરાફેરી’ ફિલ્મના આ ત્રીજા ભાગની ‘હેરાફેરી ૩’ પણ જાણે ફિલ્મના શાબ્દિક અર્થને સાર્થક કરતી હોય એવું જોવા મળી રહ્યું છે.

ફિલ્મમાંથી બાબુભૈયા - બાબુરાવ ગણપતરાવ આપટેના રોલમાં પારાવાર પ્રેમ - પ્રશંસા મેળવનાર એક્ટર પરેશ રાવલએ અચાનક અને અણધારી એક્ઝિટ લીધી હોવાથી ચર્ચાનો જાણે કે મિની જ્વાળામુખી ફાટ્યો હોય એવું વાતાવરણ સર્જાયું છે.

**આ ફિલ્મમાંથી પરેશ રાવલની અચાનક અને અણધારી એક્ઝિટ ચર્ચામાં છે, પણ આ ત્રીજા ભાગમાં પણ અગાઉ આગમન - વિદાય જોવા મળ્યા છે**

કોઈના દિલ- દિમાગમાં શું રમતું હોય એ સમજવું મુશ્કેલ જ નહીં નામુમકિન છે, પણ પરેશભાઈએ સત્તાવાર ખુલાસો કર્યો છે કે ‘પ્રિયદર્શન સાથે કોઈ ક્રિએટિવ મતભેદ નથી કે નથી મહેનતાણાની કોઈ સમસ્યા. એમને માટે ખૂબ આદર છે. ભૂતકાળમાં એમની સાથે ફિલ્મો કરી છે અને ભવિષ્યમાં પણ કરીશ.

‘હેરાફેરી૩’માં કામ કરવા માટે કોઈ ઉમળકો નથી અને એટલે જ ખસી જવાનું નક્કી કર્યું છે.’ સતત કશુંક નવું કરવા તલપાપડ રહેતા પરેશ રાવલ કક્ષાના એક્ટર આવી ઝંખના ધરાવતા હોય છે એટલે આ દલીલમાં દમ તો છે. થોડા દિવસો પહેલા એક વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યૂમાં પરેશભાઈએ બાબુભૈયાના રોલમાં ટાઈપ કાસ્ટ થયા હોવાની હૈયાવરાળ પણ કાઢી હતી....એ રોલનો જાણે ભાર વર્તાતો હોય હોય એવું લાગે છે.

જોકે, ઘણી વાર વાત દેખાય એટલી સીધીસટ નથી હોતી. અગાઉ પરેશ રાવલે અક્ષય કુમારની ‘ઓએમજી ૨’ ફિલ્મ પણ છોડી દીધી હતી. ૨૦૧૨માં આવેલી ‘ઓહ માય ગોડ’માં અક્ષય કુમાર સાથે પરેશભાઈ હતા. ફિલ્મ દર્શકોને પસંદ પડી હતી અને બોક્સ ઓફિસ પર પણ એને સારોઆવકાર મળ્યો હતો. ‘ઓએમજી ૨’ની રૂપરેખા નક્કી કરવામાં આવી ત્યારે અક્ષય કુમાર સાથે પરેશ રાવલના નામ નક્કી હતા. ‘ફિલ્મની સ્ક્રિપ્ટ પસંદ નથી પડી...’ એવું કારણ આપી પરેશભાઈ ખસી ગયા હતા અને પછી એ રોલ માટે પંકજ ત્રિપાઠીની પસંદગી કરવામાં આવી હતી.

આ ઉપરાંત મહેનતાણું ઓછું લાગવાથી પરેશભાઈએ ‘ઓએમજી ૨’ અને ‘હેરાફેરી ૩’માં કામ નહીં કરવાનો નિર્ણય લીધો હોવાની અટકળો સુધ્ધાં વહેતી થઈ છે. જોકે, આવી અટકળોને સત્તાવાર સમર્થન મળે નહીં અને પરેશ રાવલે પૈસા ઓછાના મુદ્દાને રદિયો આપ્યો હોવાથી એ વાત અત્યારે તો સ્વીકારી લેવી જોઈએ.

પરેશ રાવલ અને અક્ષય કુમાર વચ્ચે કોઈ મતભેદ સર્જાયા હોવાની વાતો પણ વહેતી થઈ છે. (એક ઈન્ટરવ્યૂમાં પરેશભાઈએ તો અક્ષયકુમારને ‘દોસ્ત ’ નહીં, પણ માત્ર ‘સહયોગી’ તરીકે ઓળખાવ્યો છે ! )

અક્ષય કુમાર ‘બાબુભાઈ’ના આવા અચાનક ‘બાયબાય’થી ગિન્નાયો છે. ફિલ્મના રાઈટ્સ ફિરોઝ નડિયાદવાલા પાસેથી ખરીદી અક્ષય કુમારએ ‘હેરાફેરી ૩’માં પૈસાનું રોકાણ કર્યું છે. પરેશ રાવલની અણધારી એક્ઝિટને કરારભંગ અને નોન પ્રોફેશનલ વર્તણૂક લેખાવી અક્ષયે ૨૫ કરોડનો કાનૂની દાવો પરેશ રાવલ પર ફટકાર્યો છે.

‘હેરાફેરી ૩’ના દિગ્દર્શક પ્રિયદર્શને પણ પરેશ રાવલના નિર્ણય બદલ દુઃખ વ્યક્ત કરી અક્ષયના કાનૂની પગલાંને યોગ્ય ગણાવ્યું છે. બંને ‘હેરાફેરી’માં ઘનશ્યામનો રોલ કરનારા એક્ટર સુનીલ શેટ્ટીએ પરેશ રાવલના નિર્ણય અંગે આશ્ચર્ય - આઘાત વ્યક્ત કરી ‘બાબુ ભૈયા વિના આ ફિલ્મ બની જ ન શકે’ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. ટૂંકમાં વાતાવરણ એકદમ ડહોળાઈ ગયું છે.

જાણવા જેવી વાત એ પણ છે કે ‘હેરાફેરી ૩’માં પરેશ ભાઈ ઉપરાંત અન્ય અડધો ડઝન અભિનેતાની હેરાફેરી થઈ ચૂકી છે. ૧૦ વર્ષ પહેલા ૨૦૧૫માં ‘હેરાફેરી ૩’ની ઘોષણા થઈ હતી ત્યારે પહેલી બે ફિલ્મના કલાકારોમાંથી કેવળ પરેશ રાવલને જાળવી રાખવામાં આવ્યા હતા અને અક્ષય કુમાર - સુનીલ શેટ્ટીને બદલે ‘દોસ્તાના’ની હિટ જોડી અભિષેક બચ્ચન - જોન અબ્રાહમની પસંદગી કરી પોસ્ટર પણ તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે, પછી વાત એક ડગલુંય આગળ ન ચાલી.

એ વખતે બીજું નામ હતું આલા દરજ્જાના અભિનેતા ઈરફાન ખાનનું. ‘હેરાફેરી ૨’નો ડિરેક્ટર નીરજ વોરા ‘હેરાફેરી ૩’ બનાવશે એવી વાત હતી અને એક ઈન્ટરવ્યૂમાં નીરજે ઈરફાન ખાન માટે એક સ્પેશિયલ રોલ લખાઈ રહ્યો છે એવો ઈશારો પણ કર્યો હતો.

જોકે, ઈરફાન બહુ બિઝી હોવાથી બાત બની નહીં અને એ રોલ અફલાતૂન અભિનેતા કે કે મેનન કરશે એવી વાત વહેતી થઈ હતી. પણ આ બધું પ્લાનિંગ કાગળ પર શરૂ થઈ કાગળ પર જ ખતમ થઈ ગયું.

એક તબક્કે તો આ ફિલ્મ પર કાયમ માટે પડદો પડી ગયો હોય એવી પરિસ્થિતિ હતી. કોવિડ - ૧૯ મહામારી પછી ‘હેરાફેરી ૩’માં નવા પ્રાણનો સંચાર થયો અને ફિલ્મની ઓરિજિનલ કાસ્ટ અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટી સાથે જ ફિલ્મ બનશે એ દિશામાં ચક્રો ગતિમાન થયાં હતાં, પણ ફિલ્મની સ્ટોરી પસંદ નહીં હોવાનું કારણ આપી ત્યારે અક્ષય કુમાર જ ખસી ગયો હતો. ત્યારબાદ એન્ટ્રી થઈ ‘ભૂલભૂલૈયા ૨’માં અક્ષય કુમારની જગ્યા લેનારા કાર્તિક આર્યનની. અલબત્ત, કાર્તિક અક્ષયનો રાજુનો રોલ નહોતો કરવાનો પણ એક અલગ પાત્રમાં જોવા મળશે એવી રજૂઆત થઈ હતી.

આ વાત પણ હવામાં ઓગળી ગઈ. છેવટે ગયા વર્ષે અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનીલ શેટ્ટીનું પાકું થયા પછી હવે પરેશ રાવલે નવો ધડાકો કરતાં હવે શું થાય છે એ જાણવું રસપ્રદ રહેશે. ■

# દેશભક્ત નાઝીર હુસૈનઃ ‘ટિપિકલ બાપ’ની બહાદુરીની વાત...



સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ



નાઝીર હુસૈનની પહેલી ભોજપુરી ફિલ્મ

અમુક લોકો જન્મજાત જ એક ચોક્કસ પ્રકારના ચહેરા અને હાવભાવવાળા હોય. ૮૦ના દાયકાની હીરોઇન અનીતા રાજના પિતા જગદીશ રાજે ૪૦૦ જેટલી ફિલ્મમાં પોલીસ ઈન્સપેક્ટરનો જ રોલ સતત ભજવેલો. એ જગદીશ રાજ માટે ફિલ્મ લાઇનમાં એક જોક ફેમસ હતો કે જગદીશ રાજ જન્મેલા ત્યારે ડોક્ટરે મા - બાપને કહેલુંઃ

‘મુબારક હો આપ કે વહાં ઇન્સપેક્ટર પૈદા હુઆ હૈ!’

કારણ કે ૯ મહિનાનો બાળ જગદીશ પોલીસની વર્દીમાં જ જન્મેલો...આ તો એક જોક છે. જોકે, અમુક લોકો જન્મે જ વૃદ્ધ પ્રૌઢ કે મેચ્યોર જ લાગે. બલરાજ સહાની અદ્ભુત અભિનેતા, પણ રોમેંટિક કે એક્શન કે કોમેડીમાં ના જ જામે. બીજવર કે પ્રોફેસર કે પોલીસ, વકીલ, ગરીબ મજૂર કે વૃદ્ધ બાપ તરીકે જ જામે. ‘શોલે’ કે ‘નમકહરામ’ જેવી ફિલ્મના કલાકાર એ.કે.હંગલ જુવાન હતા ત્યારથી બાપના કે પછી ગરીબ ટીચરના રોલ જ કરે. એમને જુવાન કહી જ શકાય નહીં. એ જ રીતે લલિતા પવાર ને લુચ્ચી સાસુ કે મંથરા તરીકે જ જોવામાં મજા આવે. (રાજ કપૂરની ‘આવારા’ ફિલ્મમાં ‘મિસિઝ ડિસૂઝા’નાં અપવાદને બાદ કરતાં.) એ જ રીતે અનુપમ ખેરને ૨૮મે વરસે ‘સારાંશ’ ફિલ્મ મળેલી, કારણ કે એમનો ચહેરો જ બાપછાપ! આવાં ટિપિકલ પાત્રોનાં કાસ્ટિંગ માટે ફિલ્મી ભાષામાં ‘ટાઇપકાસ્ટ’ કહેવાય છે.

આજે આવા ટાઇપ કાસ્ટ પણ અદ્ભુત અદાકારની વાત કરવી છે.

એક બુઢ્ઢો માણસ શાલ ઓઢીને મોટા બંગલા પર દાદરો ઊતરતા ઊતરતા દીકરીના છાનાં પ્રેમપ્રકરણના કે દીકરીના ભાગી જવાના જેવા કોઇ આઘાતના સમાચાર સાંભળે કે તરત જ કાયમ એને દાદરાના પગથિયા પર હાર્ટ એટેક આવે જ આવે ને પછી દુઃખતી છાતી પર હાથ મૂકીને ઢળી પડે કે ગડથોલિયા ખાઇને ઊથલી પડે! એ બૂઢા બાપને એવા સીનમાં લોકોએ એટલી વાર જોયા કે એમને પગથિયા ચડતાં જોઇને જ લોકો તાળી પાડવા માંડતાં : ‘જો જો હોં, હમણાં આ તો ગયો!’

એ ચરિત્ર અભિનેતા કોણ? એ ભાવુક ચેહરાવાળો, હંમેશાં દુઃખી બાપનો રોલ કરનાર ચરિત્ર અભિનેતા હતા કલાકાર ‘નાઝીર હુસૈન’! આ નાઝીર હુસૈન એટલે આમિરના કાકા અને ‘હમ કિસી સે કમ નહિ’ જેવી ફિલ્મના ડાયરેક્ટર નહીં. પણ હિન્દી સિનેમાના પીઢ અભિનેતા નાઝીર હુસૈન.

હમણાં ૧૫ મેના રોજ એમનો જન્મદિવસ હતો. નાઝીર હુસૈને ફિલ્મોમાં પોતાનાં પાત્રો દ્વારા અમીટ છાપ છોડી, પણ એ ઉપરાંત એક નવી વાત એ કરવી છે કે નાઝીર માત્ર એક અચ્છા અભિનેતા જ નહીં, પણ એક સારા લેખક પણ હતા. આ ઉપરાંત એ એક સાચા દેશભક્ત પણ હતા. ઉત્તર પ્રદેશના ઉસિયા ગામમાં જન્મેલા નાઝીર હુસૈનના પિતા ભારતીય રેલવેમાં કામ કરતા હતા. પિતાની ઓળખાણથી નાઝીરને પણ રેલવેમાં નોકરી મળી. પણ નાઝીરને નોકરીમાં રસ નહોતો એટલે નોકરી છોડી એ બ્રિટિશ આર્મીમાં જોડાયા. આ દરમિયાન બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. અંગ્રેજો ભારતીય સૈનિકોનો યુદ્ધમાં ઉપયોગ કરતા. એ વખતે નાઝીર હુસૈન મલેશિયા અને સિંગાપોરમાં પોસ્ટેડ હતા. ભારતીય સૈનિકોમાં અંગ્રેજોના નિર્દયી વર્તન પ્રત્યે અસંતોષ વધવા લાગ્યો અને ઘણા ભારતીય સૈનિકોએ અંગ્રેજોનો વિરોધ કર્યો. નાઝીર હુસૈન પણ એમાંનાં એક હતા. અંગ્રેજોએ નાઝીર હુસૈન અને એમનાં સાથીઓને પકડીને જેલમાં ધકેલી દીધા હતા. જોકે, એ પછી નાઝીર સહિત બધાને મહિનાઓ બાદ છોડી મૂકવામાં આવ્યા હતા. આજે કોઇ વિચારી શકે કે ક્રૂર અંગ્રેજ સરકાર સામે ફિલ્મોનો આ ‘લાચાર બાપ’ ક્યારેક બહાદુરીથી લડી શક્યો હશે?

નાઝીર હુસૈન ભારત પાછા ફર્યા અને નેતાજી સુભાષચંદ્ર બોઝ સાથે ‘આઝાદ હિંદ ફોજ’ માં જોડાયા. એમને વાંચન અને લેખનનો શોખ હતો. નેતાજીએ એમની પ્રતિભાને ઓળખી અને ‘આઝાદ હિંદ ફોજ’ના પ્રચાર માટે લેખનની જવાબદારી નાઝીર હુસૈન સાહેબને સોંપી હતી.

એકવાર નાઝીર હુસૈન અને ‘આઝાદ હિંદ ફોજ’ના બીજા સાથીઓએ અંગ્રેજોનો વિરોધ કર્યો ત્યારે પણ એમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા અને નાઝીરને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી. નાઝીર હુસૈનને લાલ કિલ્લામાં ફાંસી આપવાના હતા, પણ નાઝીર હુસૈનના મિત્રોએ એમને અંગ્રેજોને છેતરીને બચાવી લીધા. સજામાંથી બચી ગયા પછી પણ નાઝીરે દેશ માટે કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. દેશને આઝાદી મળી પછી નાઝીર હુસૈન પાસે કોઈ કામ નહોતું. એમણે નાટકોમાં કામ કરવાનું શરૂ કર્યું. એમના કામથી પ્રભાવિત થઈને બી.એન.સરકારે એમને ‘કલકત્તા ‘ન્યુ થિએટર’માં કામ માટે બોલાવ્યા. એ નાટકો લખતા અને સાથે સાથે અભિનય પણ કરતા હતા. એક વાર બિમલ રોય નાઝીરનું એક નાટક જોઈ બહુ પ્રભાવિત થયા અને નાઝીર હુસૈનને ૧૯૫૦માં સુભાષ ચંદ્ર બોઝ પર બનેલી ફિલ્મ ‘પહલા આદમી’ માટે વાર્તા લખવાનું કામ સોંપ્યું. ત્યાર પછી નાઝીરએ ‘દો બીઘા જમીન’, ‘દેવદાસ’, ‘નયા દૌર’ જેવી સામાજિક ફિલ્મોમાં કામ કર્યું. ૧૯૫૫માં નાઝીરે દેવ આનંદ સાથે ‘મુનિમજી’ ફિલ્મમાં અભિનેતા તરીકે કામ કર્યું અને એ ફિલ્મની પટકથા ને ડાયલોગ પણ એમણે લખ્યા હતા. દેવ આનંદની ‘પેઈંગ ગેસ્ટ’ની સ્ટોરી ને ડાયલોગ પણ નાઝીર હુસૈને લખ્યા છે. નાઝીર હુસૈને લગભગ ૫૦૦ જેટલી હિન્દી ફિલ્મોમાં કામ કર્યું છે. મોટેભાગે એ ફિલ્મોમાં માત્ર સહાયક ભૂમિકાઓમાં જ દેખાયા છે. કેટલીક ફિલ્મોમાં એ પિતા તો કેટલીકમાં કાકા અને કેટલીકમાં પોલીસમેનની ભૂમિકા ભજવતા જોવા મળે છે.

આ બધા વચ્ચે કોઇને આજે યાદ પણ નહીં હોય કે નાઝીર હુસૈને એક ગુજરાતી ફિલ્મ ‘ભાભી’માં મુખ્ય ભૂમિકામાં, ઓલમોસ્ટ હીરો કહી શકાય એવી રીતે કામ પણ કરેલું... !

નાઝીર ભોજપુરી ભાષા પણ ખૂબ સારી રીતે બોલતા હતા. જ્યારે એ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદને મળ્યા ત્યારે એમણે નાઝીરને ભોજપુરી ફિલ્મ બનાવવાની સલાહ આપી. ત્યાર પછી ૧૯૬૩માં નાઝીર હુસૈને પહેલી ભોજપુરી ફિલ્મ ‘ગંગા મૈયા તોહે પિયારી ચડાઈબો’ બનાવી. આમ અહીંથી ભોજપુરી સિનેમાની શરૂઆત થઈ. નાઝીરસાહેબે અનેક સફળ ભોજપુરી ફિલ્મો બનાવી, અભિનય કર્યો , જેના કારણે એ ‘ભોજપુરી સિનેમાના પિતામહ ’ તરીકે જાણીતા થયા. જો કે, દુઃખની વાત છે કે ૪૪ વર્ષના કરિયરમાં ૫૦૦ હિન્દી ફિલ્મો કરનાર અને ભોજપુરી સિનેમા શરૂ કરનાર નાઝીર હુસૈનને ક્યારેય કોઈ સન્માન આપવામાં આવ્યું નહીં.

અમુક ચહેરા ઓડિયન્સ તરીકે પાંચ પાંચ દાયકાઓ સુધી લોકોનાં મનમાં અમીટ છાપ મૂકી જાય છે, પણ ઇતિહાસનાં પૃષ્ઠો પરથી સાવ અદ્રશ્ય રહે છે.

ચાલતી ફિલ્મો, બોક્સ ઓફિસની સફળ ફિલ્મો, સ્ટાર હીરોહીરોઇનો અને ચાલુ ગોસિપો પર તો બધાં વાત કરે છે, પણ સિને જગતનાં અંધાર ખૂણાંમાં છુપાયેલા આવા અણમોલ રત્નો વિશે આપણે ભાગ્યે જ વિચારીએ છીએ એટલે જ તો સિનેમાને ‘ના સમજાય, ના કળાય’ એવી માયાવી દુનિયા કહેવાય ગણાય છે. ■

# અરીસો કમજોર ભલે હોય, પણ એ સાચું બતાવવાથી ગભરાતો નથી...



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

આમ બંને નાટક ખૂબ ચાલતાં રહ્યાં. ‘બે દુની...’ને તો પ્રાયોજિત શો મળતા હતાં , પણ ‘મા.મા.લ.પા’ (માણસ માત્ર લફરાને પાત્ર ). બોલ્ડ હોવાથી સંસ્થાઓ દૂર રહેતી. રવિવાર હોય કે આડોવાર ‘મા.મા.લ.પા.’ ખૂબ ચાલતું.

‘બે દુની..’ જાણીતી સંસ્થાનું જાણીતું નાટક હતું. એના શો થોડા નબળા પડતા આ નાટકના મુખ્ય કલાકાર દીપક ઘીવાલાએ રાજેન્દ્ર બુટાલાનું નવું નાટક ‘તથાસ્તુ’ હાથમાં લીધું. ઓફકોર્સ, ‘બે દુની..’ દીપક ઘીવાલા માટે પહેલું...આમ છતાં,. તથાસ્તુનાં રિલીઝ માટે આઈ.એન.ટી. મગનું નામ મરી નહોતી પાડી શકતી. એક રવિવાર મળે તો ‘તથાસ્તુ’ રિલીઝ કરી શકાય. છેવટે કંટાળીને જયારે આઈ.એન.ટીની તારીખ અગાઉથી નહોતી મળી એ તારીખે બુધવારે બુટાલાએ પોતાનાં નવા નાટકની પ્રથમ પ્રયોગની બુકિંગની જા.ખ. આપી દીધી તો ગુરુવારે આઈ.એન.ટી.ની ‘બે દુની...’ નાટકની જા.ખ. જયહિન્દ કોલેજના થિયેટર માટે આવી ગઈ. શો પણ એ જ સમયનો. પછી તો કોર્ટમાં કેસ પણ થયો, જેમાં દીપક ઘીવાલા જીતી ગયા. અરીસો કમજોર ભલે હોય પણ સાચું બતાવવાથી ગભરાતો નથી. એ પછી ‘ બે દુની..’ બંધ થયું, પણ ‘મા.મા.લ.પા.’ ચાલતું રહ્યું. મતદાનનો દિવસ હોય કે ‘મુંબઈ બંધ’ હોય ત્યારે પણ આ નાટકનાં શો રખાતા અને હાઉસફૂલ જતા.

‘બે દુની...’ નું મારું અભિનેતા તરીકેનું કવર બંધ થયું. ‘તથાસ્તુ’ ખૂબ સારું રહ્યું. દીપક ઘીવાલા સાથે મેં ગુજરાતી સિરિયલ ‘દેરાણી- જેઠાણી’ પણ કરેલી. આમેય અમારી વચ્ચે સારું ટ્યુનિંગ. આનંદ એ વાતનો હતો કે જે વ્યક્તિ મને ગમતી હતી એની જીત થઈ હતી. ખરેખર, સત્ય એક સર્જરી જેવું છે, થોડું દર્દ આપે પણ રાહત તો મળે જ, જ્યારે જુઠ એક પેઈન કિલર જેવું છે તમને હંગામી રાહત આપે પણ એની આડઅસર કાયમ રહે... આ બધા સાથે મારે નિસ્બત તો માત્ર કલાકાર તરીકે. ભલે મેં આઈ.એન.ટી. સંસ્થામાં બીજું નાટક ન કર્યું, પણ સુરેશ રાજડા સાથે એ પછી ઘણાં નાટકો કર્યા. મેં આ ‘ખટલા’માં ભાગ નહોતો લીધો અને કલાકારે એમાં પડવું પણ ન જોઈએ. ‘અસત્ય’ સામે ‘સત્ય’ હોવાં છતાં મેં મારું મગજ અને ‘જીભ’ શાંત રાખ્યાં. શાંત મગજ એ કળિયુગનું બ્રહ્માસ્ત્ર છે.

અભિનય ફરી શરૂ કરું ત્યાં સુધી મારું ધ્યાન ‘મા.મા.લ.પા’. નાટક પર કેન્દ્રિત કર્યું. ડાયરેક્ટર તરીકે મારે હજી પણ સલાહ-સૂચનો આપવા પડતા જેથી કલાકારો નાટકનો ‘શેપ’ બગાડે નહીં. હા, અમદાવાદનાં શો માટે ડોલર-સુભાષની મીઠી કચકચ ચાલુ રહેતી. હું નકાર્યા કરતો, પણ એમાં મારી લોકપ્રિયતા પણ સીમિત બની જતી. આમ પણ જે વ્યક્તિ સાચું બોલે છે એ લોકપ્રિય નથી બનતી.


બીજી તરફ, અમદાવાદની જીદ માથે ચડી ગઈ હતી. ‘કવર’ તો મને પણ મળવાનું હતું. નિર્માતા માટે મારો સ્વાર્થ એટલો જ કે એમની થયેલી કમાણી ઓછી ન થાય.એવું નહોતું કે નાટક અહીં ચાલતું નહોતું,. ધમધોકાર ચાલતું હતું. ‘ગુજરાતી થઈને ગુજરાત તો ઘમરોળવું જોઈએ.’ એવી ડોલરની જીદ. સુભાષ તો નવો હતો. એણે બધું ડોલર ઉપર છોડી દીધું હતું. મારી સાચી વાત માનવા ડોલર તૈયાર નહોતો. અસત્યનું મૂલ્ય જે સમજે છે સમય એને અમૂલ્ય બનાવી દે પણ...

ખેર, છેવટે અમદાવાદનાં શો માટે ‘પરફોર્મિંગ લાઈસન્સ’ની ફરી રજૂઆત કરી તો મારા નામનું માત્ર ૧૦ શો માટેની પરમિશન મળી સાથે આપેલાં બધાં કટ્સ પાળવાનું પણ કહેવામાં આવ્યું. નરહરી જાનીનાં અમુક જેસ્ચર એવા હતા કે સંવાદને થોડા બીભસ્ત બનાવી દેશે એવું લાગતા જાનીને સંયમ રાખવા કહ્યું.

અમદાવાદના પ્રેમાબાઈ હોલમાં બધા શો નક્કી થયા હતા. રોજ એક જ થિયેટરમાં શો સારા જશે કે નહીં એની આશંકા તો હતી. ડોલર તો રાજી રાજી. અન્ય કલાકારો પણ આંશિક રાજી જ હતા. એક સાથે ૧૦-૧૦ કવર મળશે એ આશાએ. ૩૫/- નાં સીલિંન્ગમાં ડોલર કેમ છેડા મેળવશે એ ચિંતા મારા સ્વભાવ મુજબ મને જ હતી. એટલે જ કદાચ હું ‘મા.મા.લ.પા.’ કરવા અમદાવાદ જાઉં છું એ કહી નહોતો શકતો. દિવાળી ક્યાં કરવાનાં છો એ પૂછી શકાય, પણ હોળી ક્યાં કરવાના છો એવું થોડું પૂછાય? મારી હાલત લગભગ એવી જ હતી કે ‘અમદાવાદ કેવું રહેશે? એ કોઈને પૂછી પણ નહોતો શકતો.

૧૦ શો માટે અમદાવાદનું પ્રેમાબાઈ હોલ- ભદ્રકાળી મંદિરની સામે, બુક થઈ ગયું. જે દિવસે પહેલો શો હતો એના આગલા દિવસે મુલુંડમાં શો હતો. સવારની ટ્રેન પકડવાને બદલે મુલુંડમાં શો પતાવી રાતે બસમાં જ અમદાવાદ જવા નીકળી જવું એવું નક્કી થયું. કલાકારોને ‘લગેજ’ સાથે આવવા જણાવી દીધું. મારી ડાયરેક્ટર તરીકે કે ઈમ્તિયાઝની લેખક તરીકે સાથે જવાની કોઈ જરૂર નહોતી. એક તો થોડો ‘હટી’ને વિષય અને ત્યાં સેન્સરબોર્ડનાં અધિકારીઓ નાટકને જોઈ વધુ શો માટે પરમિશન આપવાનાં હતાં એટલે ડોલર અને સુભાષે અમને પણ સાથે આવવા કહ્યું. મેં થોડી આનાકાની કરી પણ ઈમ્તિયાઝનું પહેલું નાટક હતું એટલે એને જવાનો તરવરાટ હોય એ સમજી શકાય. છેવટે ડોલર-ઈમ્તિયાઝની જીદને લઈ મેં પણ જવાનું સ્વીકાર્યું. થયું, પથ્થર બનીને ઠેસ પહોંચાડવા કરતાં એકબીજાનું પગથિયું બનીને ઠેઠ પહોંચાડીએ. વિષય જુદો હતો, સેન્સરબોર્ડનાં અધિકારીઓ આવવાના હતાં. એમનાં સવાલો જુદા હશે અને આ આખી નવોદિત ટીમ સીધા જવાબ આપી શકશે? એમને મુંજારો ન થાય અને કામ હેમખેમ પાર પડે, પડશે કે નહી એ માટે મને પણ શંકા તો હતી અને એ માટે પણ મારે જવું જોઈએ.

મુલુંડનો હાઉસફૂલ શો પૂરો થયો. અમે મોડી રાતે દોઢ વાગે બસમાં અમદાવાદ જવા રવાના થયાં.... ■



**ડબલ રિચાર્જ**

હેડ માસ્તરઃ તમારો છોકરો સ્કૂલમાં બહુ તોફાન કરે છે... સ્કૂલે આવી જાવ

છોકરાનો બાપઃ : એ તો ઘરમાં પણ તોફાન કરે છે. અમે કોઈ દિવસ તમને ઘરે બોલાવ્યા?!




# ‘પારસમણિ’ના ગીત આજે પણ સ્મરણમાં છે...

## લક્ષ્મીકાંત - પ્યારેલાલના સ્વરાંકનમાં પ્રિલ્યુડ - ઈન્ટરલ્યુડ - પોસ્ટલ્યુડનો પ્રભાવ હતો જેનો ગીતોની લોકપ્રિયતામાં મોટો ફાળો રહ્યો છે




ફિલ્મ પત્રકારત્વના દિવસો દરમિયાન કેટલીક સિને સેલિબ્રિટીને નજીકથી નિહાળવાનો મોકો મળ્યો. અલબત્ત, અહીં કોઈ બાહ્ય દેખાવની વાત નથી, બલકે એ વ્યક્તિની કાર્યશૈલીને વ્યક્તિગત સ્વરૂપે જાણવા- સમજવાનો મોકો મળ્યો. આવી લેવડદેવડમાં વિશિષ્ટ માહિતી - જાણકારી મળવા ઉપરાંત કેટલીક બાબત વ્યક્તિગત વિકાસમાં નિમિત્ત બને છે. ‘એલપી’ તરીકે ખ્યાતનામ એવા લક્ષ્મીકાંત - પ્યારેલાલ સંગીત બેલડીના લક્ષ્મીકાંત કુડાળકરને એમના નિવાસસ્થાન ‘પારસમણિ’ પર મળવાનું થયું અને એ મુલાકાત અનન્ય સંભારણું બનવાની સાથે સંગીતની સમજણ વિકસાવવામાં મદદરૂપ થઈ. આ રવિવારે લક્ષ્મીકાંતજીની પુણ્યતિથિ છે ત્યારે એમની પ્રથમ ફિલ્મ ‘પારસમણિ’નાં અવિસ્મરણીય ગીતો અને એમણે જ કહેલી અન્ય કેટલીક મજેદાર વાત અહીં પેશ છે....

અલગ અલગ સંગીત દિગ્દર્શકો માટે રેકોર્ડિંગ કર્યા પછી ઈન્ડસ્ટ્રીમાં કાબેલ મ્યુઝિશિયન્સ તરીકે લક્ષ્મી - પ્યારેની ખ્યાતિ પ્રસરી રહી હતી. વારાફરતી બે ફિલ્મમાં સંગીત દિગ્દર્શક બનવાની ઓફર મળી. એક હતી ‘હમ તુમ ઔર વો’ (૧૯૭૧ની આ નામવાળી ફિલ્મ અલગ હતી, જેમાં સંગીત કલ્યાણજી - આનંદજીનું હતું) અને બીજી હતી ‘પિયા લોગ ક્યા કહેંગે’. આ બંને ફિલ્મ શૂટિંગ શરૂ થવા પહેલા જ ડબ્બામાં બંધ થઈ ગઈ. જોકે, ટાઈટલ સોંગ ‘પિયા લોગ ક્યા કહેંગે’ની ધૂનનો ઉપયોગ ‘દોસ્તી’ ફિલ્મના અવિસ્મરણીય ગીત ‘ચાહુંગા મૈં તુજે સાંજ સવેરે’ ગીતમાં કર્યો હતો. ફિલ્મ ‘પારસમણિ’નાં ગીતો સ્વરબદ્ધ કર્યા એ પહેલાં એમણે ‘છૈલા બાબુ’ (૧૯૬૭)ના ગીત રેકોર્ડ કર્યા હતા, પણ ‘પારસમણિ’ પહેલા રિલીઝ થઈ હતી. જે થયું એ સારું થયું, કારણ કે ‘પારસમણિ’નાં ગીતોને ધૂમ લોકપ્રિયતા મળી અને પહેલી જ ફિલ્મથી નામના મળી. ‘છૈલા બાબુ’ પહેલી આવી હોત તો એવું ન થયું હોત.

બાબુભાઈ મિસ્ત્રીની ‘પારસમણિ’માં કુલ છ ગીત હતાં અને ફિલ્મ રિલીઝ થઈ ત્યારે છ એ છ ગીત લોકપ્રિય થઈ ગયા. ખાસ ઉલ્લેખ કરવો જોઈએ લતાદીદીના ‘ઉઈ માં ઉઈ માં યે ક્યા હો ગયા, ઉન કી ગલી મેં દિલ ખો ગયા, બિંદિયા હો તો ઢૂંઢ ભી લૂં મૈં, દિલ ના ઢૂંઢા જાય’ ગીતનો. ગીતનું ફિલ્માંકન મુખ્યત્વે હેલન પર કરવામાં આવ્યું છે. હેલનનું નામ પડતા કેબ્રે ડાન્સ અને ઓછાં વસ્ત્રોમાં સજ્જ ડાન્સર જ નજર સામે તરવરે. જોકે, આ ગીત અપવાદ છે. ગીતનું સ્વરાંકન શાસ્ત્રીય રાગમાં થયું છે અને સર સે પાંવ તક ગ્રામીણ પરિવેશમાં સજ્જ હેલને લોકનૃત્ય કર્યું છે. લતાદીદીની મીઠાશ, હેલનનું નૃત્ય અને એલપીના સ્વરાંકનના વિશિષ્ટ ત્રિવેણી સંગમે ગીતને ચાર ચાંદ લગાવી દીધા છે. ગીતની શરૂઆતમાં લગભગ એક મિનિટનું પ્રીલ્યુડ (ગીત શરૂ થતા પૂર્વે વાગતું સંગીત) એવો સમા બાંધી દે છે કે ભાવક ગીતમાં તણાઈ જાય છે અને પોણા પાંચ મિનિટ લાંબા ગીતને માણીને આનંદવિભોર થઈ જાય છે. ગીત સાંભળશો તો વાયોલિન, ગિટાર, ફ્લુટ અને સંગીતકાર જોડીનો ટ્રેડમાર્ક બની ગયેલા ઢોલકનો ઉપયોગ તમને પ્રસન્ન ચિત્ત કરી દેશે. ગીતના ઈન્ટરલ્યુડ (ગીતના શબ્દોને વિરામ આપતું સંગીત)માં પણ વાયોલિન, ગિટાર અને ફ્લુટનું સુંદર સંયોજન જોવા મળે છે. સિવાય આ જોડીનાં ગીતોમાં પોસ્ટલ્યુડ (ગીતના સમાપન વખતની વિશિષ્ટ તરજ) પણ નામના ધરાવે છે.

લક્ષ્મીકાંત - પ્યારેલાલની જોડીએ અનેક વાર રફી - લતા માટે અહોભાવ પ્રગટ કર્યો છે. જ્યારે એલપીની સ્વતંત્ર મ્યુઝિક ડિરેક્ટર તરીકે કોઈ ઓળખ નહોતી બની એ સમયમાં એમના સ્વરાંકનમાં ગીત ગાવાની તૈયારી એ સમયના આ બંને ટોચના ગાયકોએ બતાવી હતી અને એ પણ પોતાના રેગ્યુલર વળતર-મહેનતાણામાં કાપ મૂકીને!. ‘પારસમણિ’માં રફી - લતાનું એક યુગલ ગીત (વો જબ યાદ આયે, બહોત યાદ આયે) આજે પણ લોકજીભે રમે છે એમાં બંને ગાયકના યોગદાન ઉપરાંત ગીતકાર અસદ ભોપાલીની કલમ


લક્ષ્મીકાંત - પ્યારેલાલ

(ગમ - એ - ઝિંદગી કે અંધેરે મેં હમને ચિરાગ - એ - મોહબ્બત જલાયે, બુઝાયે)ની કમાલ સાથે સ્વરાંકનમાં સિતાર, વાયોલિન અને તબલા - ઢોલકનો ઈસ્તેમાલથી ગીત સદાબહાર બન્યું છે. ઢોલક તો લક્ષ્મીકાંત - પ્યારેલાલના કમ્પોઝીશનનો પ્રાણ બની ગયું. લક્ષ્મીકાંતજી ગુલામ હૈદર અને ગુલામ મોહમ્મદના સ્વરાંકનથી પ્રભાવિત હતા. હિન્દી ફિલ્મ સંગીતમાં ઢોલકના વ્યાપક ઉપયોગની શરૂઆત ગુલામ હૈદર અને ગુલામ મોહમ્મદનાં ગીતોથી શરૂ થઈ હતી.

‘પારસમણિ’ રિલીઝ થઈ ત્યારે લક્ષ્મી - પ્યારેના ‘હસતા હુઆ નુરાની ચેહરા’ને સૌથી વધુ ખ્યાતિ મળી. એલપીએ ફિલ્મ માટે સ્વરબદ્ધ કરેલું આ પ્રથમ ગીત હતું અને ગીતકાર હતા ફારૂક કૈસર. ભારતીય શાસ્ત્રીય સંગીત અને વેસ્ટર્ન હાર્મનીનું સુંદર સંયોજન અહીં જોવા મળે છે. એકોર્ડિયન અને ગિટારમાં પશ્ચિમી ધૂન અને તબલા તેમજ હાર્મોનિયમની સંગતમાં ભારતીય શૈલીનું મ્યુઝિક સંગીતપ્રેમીઓને રસતરબોળ કરી દે છે. હિન્દી ફિલ્મોનાં અવિસ્મરણીય ગીતોની યાદીમાં આ ગીત આવે જ અને છ દાયકા પછી પણ લોકો નહીં ભૂલ્યા હોય. આજે ફિલ્મ કે એના કલાકાર વિશે ભાગ્યે જ કોઈને કશું યાદ હશે, પણ લક્ષ્મીકાંત પ્યારેલાલનાં અનેક ગીત હોઠ પર ચોક્કસ રમતા હશે.

‘દોસ્તી’ની ધૂંઆધાર સફળતા પછી નામ - કામ અને દામ મળવા લાગ્યા એ હકીકતથી સહુ કોઈ વાકેફ છે. જોકે, તારાચંદ બડજાત્યા શરૂઆતમાં અન્ય સંગીતકાર સાથે કામ કરવા ઉત્સુક હતા. તો લક્ષ્મી - પ્યારેને આ ફિલ્મ મળી કેવી રીતે? જાણીએ લક્ષ્મીકાન્તજીના જ શબ્દોમાં....

‘રાજશ્રી પ્રોડક્શન બે કિશોરની મૈત્રી પર એક ફિલ્મ બનાવવા ઉત્સુક હતું. તારાચંદ બડજાત્યાને બંગાળી ફિલ્મ ‘લાલુ ભૂલુ’ બહુ પસંદ પડી હતી અને ‘દોસ્તી’ આ બંગાળી ફિલ્મની રિ-મેક હતી. બડજાત્યા સાહેબ સંગીતકાર તરીકે રોશનને લેવા ઉત્સુક હતા. જોકે, ફિલ્મની વાર્તા સાંભળી રોશનજી નિરાશ થયા અને બહાનું કાઢી ફિલ્મ સ્વીકારી નહીં. એટલે રાજશ્રીએ અમારો સંપર્ક કર્યો. અમે તરત હા પાડી દીધી, કારણ કે ફિલ્મમાં ગીત - સંગીતને ખાસ્સો અવકાશ હોવાનો ખ્યાલ મને આવી ગયો હતો, પણ એક મુશ્કેલી આવીને ઊભી રહી. ગીતકાર મજરૂહ સુલતાનપુરી અમારા જેવા નવાસવા સંગીતકાર સાથે કામ કરવા ઉત્સુક નહોતા. બડજાત્યાની સમજાવટ પછી તૈયાર થયા અને અમારી કરિયરની પ્રથમ હિટ ફિલ્મ અમને મળી. પછી તો મજરૂહ સાથે અમારું ટ્યુનિંગ એવું જામ્યું કે બીજી ૪૫ ફિલ્મમાં અમે સાથે કામ કર્યું.! ’

૧૯૬૦ના દાયકામાં જ્યુબિલી સ્ટારનો ટ્રેડમાર્ક ધરાવતા રાજેન્દ્ર કુમારની ફિલ્મોને સાંપડેલી સફળતામાં ગીત - સંગીતનો ફાળો મહત્તમ રહ્યો છે. એમનાં ગીતો સાંભળો તો તમને મુખ્યત્વે મોહમ્મદ રફી સાહેબનો જ સ્વર સંભળાશે. અપવાદરૂપે મુકેશ કે મહેન્દ્ર કપૂરનો અવાજ સાંભળવા મળે ખરો. પણ, કિશોર કુમાર? ધોળે ધરમેય ન ચાલે એવી દલીલ કરાય.

જોકે, રાજેન્દ્ર કુમારની ‘આપ આયે બહાર આયી’ ફિલ્મમાં લક્ષ્મીકાંતજીના આગ્રહથી જ લતા મંગેશકરના એક યુગલ ગીતમાં કિશોર કુમારએ પ્લેબેક આપ્યું છે. દિગ્દર્શક, પ્યારેલાલ અને ખુદ રાજેન્દ્ર કુમાર રફીના આગ્રહી હતા, પણ લક્ષ્મીકાંતજીની દલીલ હતી કે મસ્તીખોર - ચંચળ ગીત છે (તુમ કો ભી તો, ઐસા હી કુછ) અને એવા ગીત માટે કિશોર કુમાર જ જોઈએ. અને એ ગીત ખાસ્સું લોકપ્રિય થયું હતું. ■

## ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

### હેં....શહેનશાહની જગ્યાએ ભાઈજાન બનાવશે કરોડપતિ?



લગભગ અઢી દાયકા જેટલા સમયથી લોકપ્રિય એવા ‘કૌન બનેગા કરોડપતિ’ શોના હોસ્ટ બદલાઈ રહ્યા છે. જોકે, આ નવું નથી. શો ની બે સિઝન બાદ જ અમિતાભ બચ્ચનને સ્થાને શાહરુખ ખાન હોસ્ટ બન્યા હતા, પરંતુ, એ સિઝન નબળી ગઈ એટલે પછી ફરીથી અમિતાભ બચ્ચને પોતાનું સ્થાન સંભાળી લીધું હતું.

હવે ‘બોલિવૂડ હંગામા’ જેવી જાણીતી વેબસાઈટ એવા ‘બ્રેકિંગ ન્યૂઝ’ આપી રહી છે ‘કેબીસી’ની આગામી સિઝન માટે સલમાન ખાનને આ લોકપ્રિય શોના હોસ્ટ બનાવવાની વાત ચાલી રહી છે !

સલમાન ખાનનો ‘દસ કા દમ’ શો જે કેબીસીની જ કોપી હતો અને સલમાન બિગબોસના હોસ્ટ તરીકે સફળતા જોઈ ચૂક્યો છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું અમિતજી ખરેખર ‘કેબીસી’ છોડી દેશે? કારણ કે આગામી ‘કેબીસી’ શોનું આ સિલ્વર જ્યુબિલી વર્ષ છે અને ખુદ અમિતજીએ એ શોના તૈયારીને લઈને પોતાના બ્લોગમાં વાત પણ કરી છે .

આમ છતાં,ઘડી ભર માટે માની લઈએ કે એ શો હવેથી સલમાન સંભાળી લે છે તો શું એ અમિતાભની લોકપ્રિયતાને સ્પર્શ કરી શકશે ખરો ?

‘કેબીસી’ શરૂઆતમાં કરોડપતિ બનવાની ઈચ્છા માટે આવતા સ્પર્ધકો માટે જાણીતો હતો, પરંતુ થોડા જ વર્ષો બાદ તેમાં ભાગ લેનારાઓ માટે એટલું આશ્વાસન પૂરતું હતું કે એમને અમિતાભ સાથે વાત કરવા કે એમની સાથે હાથ મેળવવાની તક મળતી હતી.... ફેન્સની આવી ઈચ્છાની ચરમસીમાને સલમાન પામી શકે એટલો એ સક્ષમ છે ખરો?

ડાઉટ હૈ!

### ‘હાઉસફૂલ પાંચ’ હવે ક્યારે થશે હાઉસ ફૂલ?




જાણીતા કોરિયોગ્રાફર અહમદ ખાન હવે ‘હાઉસફૂલ પાંચ’ નું નિર્દેશન કરવામાં વ્યસ્ત છે એમનું કહેવું છે કે એમની આ ફિલ્મનું શૂટિંગ શેડ્યૂલ ધાર્યા કરતાં વધુ મોડું થઈ રહ્યું છે તેની એમને તેમજ પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાને જાણ છે ને તેનાથી એમને કોઈજ વાંધો નથી. અહમદ ખાનના કહેવા અનુસાર આ ફિલ્મમાં કલાકારોનો જબરો જમાવડો છે એટલે અમુક વાત ખાસ ધ્યાનમાં લેવી પડે, જેને કારણે મોડું થઈ રહ્યું છે. .

ફિલ્મ ‘હાઉસફૂલ પાંચ’ આ વર્ષે જ રિલીઝ થશે કે આવતા વર્ષે એ પણ ચોક્કસપણે એ કહી શકે તેમ નથી. જોકે, અહમદ ખાને એક બહુ મહત્ત્વની વાત એ કરી કે એવા ઘણાં ડિરેક્ટર છે જેઓ કોઈ ખાસ તારીખનો લાભ ઉઠાવવા માગતા હોય છે, જેમકે દિવાળી-ઈદ- હોળી વગેરે. એ લોકો રિલીઝ ડેટ જાહેર કરીને શૂટિંગ શરૂ કરે છે. આથી ફિલ્મ બનાવવામાં ઉતાવળ કરવી પડે છે. એને કારણે ફિલ્મની ક્વોલિટી ઉપર અસર પડે છે અને પછી એ ફિલ્મ લોકોને ગમશે જ એની કોઈ જ ગેરેન્ટી હોતી નથી...માટે અહમદ ખાન આવું રિસ્ક લીધા વગર પોતાનો સમય લઈને પોતાની રીતે ‘હાઉસફૂલનો પાંચ’ બનાવી રહ્યા છે, જેથી એ રજૂ થાય ત્યારે ખરા અર્થમાં હાઉસ ફૂલ સાબિત થાય !

### -અને દીપિકાએ આપ્યો આઘાત!



‘એનિમલ’ ફેઈમ સંદીપ રેડ્ડી વંગા પ્રભાસ અને દીપિકા પદુકોણને લઈને ‘સ્પિરિટ’ નામની ફિલ્મ બનાવવા જઈ રહ્યા હતા, પરંતુ દીપિકાએ આ સંદીપભાઈને એવો તો જબરો આઘાત આપ્યો કે એની કળ હજી સુધી એમને વળી નથી.

વાત એમ બની છે કે દીપિકાએ ફિલ્મ તો સ્વીકારી લીધી પરંતુ ત્યારબાદ એક એવી શરત મૂકી કે તે જાણીને સંદીપ રેડ્ડી સાવ ડઘાઈ જ ગયા. દીપિકાની શરત એ હતી કે એ દિવસના છ કલાકથી વધુ કામ નહીં જ કરે. આટલું ઓછું હોય તેમ એણે ઓલરેડી સાઈન કરેલા કોન્ટ્રેક્ટમાં એ સુધારો કરાવવાનો પ્રયાસ કર્યો કે એ ફક્ત સો દિવસ કામ કરશે. જો સો દિવસથી વધુ શૂટિંગ કરવાનું થશે તો પ્રતિ દિન તે વધારાના નાણાં ચાર્જ કરશે.

સ્વાભાવિક છે કે સંદીપ રેડ્ડી વંગાને આ વાત સ્વીકાર્ય ન જ હોય. એટલે એમણે દીપિકાને જ ફિલ્મમાંથી ‘વિદાય ’ કરી દીધી છે અને હવે કોઈ અન્ય અભિનેત્રીની શોધ એમણે ચાલુ કરી દીધી છે. ‘સ્પિરિટ’ ફિલ્મ એ કોપ થ્રીલર છે. સંદીપ અને પ્રભાસ પહેલી વખત એક સાથે કોઈ ફિલ્મ કરી રહ્યા છે. આ બંનેનો જબરદસ્ત ફેન સમુદાય સમગ્ર ભારતમાં છે એટલે આ ફિલ્મની સફળતા વિષે કોઈને શંકા હોય જ નહીં તો પછી શું દીપિકા એની આગામી હિટની આ ટ્રેન ચૂકી ગઈ છે? ■

**કટ એન્ડ ઓકે..**

ફિલ્મ ‘હેરાફેરી ૩’ પરેશ રાવલે છોડી પછી એક મુલાકાતમાં :

‘અક્ષય કુમાર મારો મિત્ર નથી.. એ માત્ર સહયોગી છે...!’

-પરેશ રાવલ

# ફિલ્મો થકી ફુગાવાનો અંદાજ આવે ખરો?!




મહેશ નાણાવટી




સરકાર ફુગાવાના ઈન્ડેક્સો બહાર પાડીને બહુ કોશિશ કરે છે એ દેખાડવાની કે મોંઘવારી કાબૂમાં છે. બીજી તરફ , વિપક્ષો સોશિયલ મીડિયામાં ચાર્ટ વહેતો મૂકીને કહે છે કે જુઓ, ડૉલરની સરખામણીમાં રૂપિયો ગબડતો ગબડતો આજે કેટલો તળિયે પહોંચી ગયો છે!

જોકે, રૂપિયાની કિંમત અગાઉ કેટલી હતી અને આજે કેટલી છે એ જાણવા માટે હિન્દી ફિલ્મો બેસ્ટ ફૂટપટ્ટી સમાન છે,

જેમકે....

‘ચલતી કા નામ ગાડી’ ફિલ્મ (૧૯૫૮)માં એક ગાયન હતુંઃ

‘દે દો મેરા પાંચ રૂપૈયા બારા આના...!’

હવે જસ્ટ વિચાર કરો, એ ગાયન ગાનારા કિશોરકુમારે તો બિલકુલ મોડી રાત્રે, ભર વરસાદમાં બંધ પડી ગયેલી મધુબાલાની કાર (ગાયન ગાતાં ગાતાં) રિપેર કરી આપી હતી, છતાં એનું બિલ માત્ર પાંચ રૂપિયા અને ૧૨ આના અર્થાત પંચોતેર પૈસા જ હતું! એમાંય રિપેરિંગ કરતાં કરતાં કિશોરકુમારે જે મસ્ત ગીત સંભળાવ્યું હતું એનો તો એક પૈસો પણ એક્સ્ટ્રા ચાર્જ લગાડ્યો નહોતો!

અત્યારે ભલે પાંચ રૂપિયા ને પંચોત્તેર પૈસા સાવ મામૂલી સીન લાગે, પણ ‘ગૂગલ’બાબાને પૂછો તો જવાબ મળે છે કે એ વખતે પેટ્રોલની કિંમત માત્ર ૨૫ થી ૨૭ પૈસા હતી!

૧૯૪૭ના ‘કિસ્મત’ નામની એક સુપરહિટ ફિલ્મ આવી હતી, જે કોલકત્તાના એક ગુજરાતી માલિકના સિનેમા હોલ ‘રોક્ષી’માં સળંગ ત્રણ વરસ ચાલી હતી. આજે એ ફિલ્મનો ટોટલ વકરો આજની કિંમત મુજબ કાઢો તો કંઈ ૫૦૦ કરોડની ઉપરનો હિસાબ બતાડે છે! પણ યાદ છે, એમાં અશોકકુમાર એક ઘડિયાળ ચોરે છે? એ વેચીને એ ઘડિયાળનો મુફલિસ માલિક એક ભવ્ય લાઈવ મ્યુઝિકલ ઓપેરાની ટિકિટ ખરીદવા માગતો હતો તો એ જમાનામાં એ ઘડિયાળની કિંમત કેટલી હશે? કમ સે કમ ‘પાંચ’ રૂપિયા!

જૂની ફિલ્મોમાં હીરોની માને હંમેશાં ‘ટીબી’ થતો હતો, જેના ઈલાજની કિંમત ફિલ્મના રિલીઝ થવાના વર્ષ મુજબ બદલાતી રહેતી હતી. ૫૦ના દાયકામાં ‘બેટા, ઈલાજ કે લિયે એક હજાર રૂપિયે... મૈ કહાં સે લાઉંગી?’ એવો ડાયલોગ આવતો હતો.

લોટરીનું પણ ઈકોનોમિક્સ કેટલું બદલાઈ ગયું છે. આજે IPLમાં તો રોજનું એક કરોડ અને બબ્બે કરોડનું ઈનામ હોય છે, જ્યારે ૧૯૬૬માં આવેલી ફિલ્મનું નામ જ ‘દસ લાખ’ હતું ! આ ‘દસ લાખ’ વડે ટિકિટબારી ઉપર કેટલા રૂપિયા જમા થયા હશે?

અંદાજ લગાવવો મુશ્કેલ છે કેમ કે ૧૯૭૩માં જ્યારે ઓ. પી. રાલ્હને પોતાની ‘બંધે હાથ’ (એમાં અમિતાભ બચ્ચનનો પહેલો ડબલ રોલ હતો) રિલીઝ કરેલી ત્યારે પબ્લિસિટી એ રીતે કરેલી કે આ ફિલ્મ બનાવવામાં ‘૧ કરોડ’ રૂપિયાનો ખર્ચ થયો છે!

હવે એની સામે બે જ વર્ષ પછી આવેલી ‘શોલે’ની વાત કરીએ તો એમાં પણ ખૂનખાર ડાકુ ગબ્બરને માથે કેટલા રૂપિયાનું ઈનામ હતું? ‘પૂરે પચાસ હજાર!’ તો આ સાંભળીને આપણને જરૂર વિચાર આવે કે એ જમાનામાં સરકાર ઈનામ બાબતે ઘણી કંજૂસાઈ કરતી હતી, નહીં? બે વરસ પહેલાં એક આખી ફિલ્મ બનાવવામાં ૧ કરોડ ખર્ચાઈ ગયા અને આ ખતરનાક ડાકુને જીવતો પકડવાનું ઈનામ માત્ર ૫૦ હજાર?!

‘દસ લાખ’ ફિલ્મમાં એક ગાયન હતું : ‘તુમ એક પૈસા દોગે, વો દસ લાખ દેગા!’ જો કે આ દસ લાખ તો ઉપરવાળો ભગવાન આપશે એવી વાત હતી, પણ આપણે ૧૯૬૭માં જઈએ તો એક ગાયન હતું ‘એક પૈસે કા સવાલ હૈ, મેરે દાતા... મેરે દાતા...’

ફિલ્મ ‘ઘર કા ચિરાગ’માં એ ભિક્ષુક બાળક આગળ કહે છે ‘એક રોટી ખા લુંગા, મૈં પ્યાસ બુઝા લુંગા...’ મતલબ કે ૧૯૬૭માં એક રોટી એક પૈસામાં મળી જતી હતી! (તો ગુજરાતી થાળીનો શું ભાવ ચાલતો હતો? કોઈ કહેશો?! )

આપણે ૧૯૭૫માં ગબ્બરને પકડવાનું જે ઈનામ હતું એનો ભાવ તો પચાસ હજાર સાંભળી ચૂક્યા હતા, છતાં ૧૯૮૭માં ફિલ્મ આવે છે જેનું નામ હતુંઃ ‘ઈનામ દસ હજાર...’ બોલો. એમાં બિચારા સંજય દત્તના માથે માત્ર દસ હજારનું ઈનામ હોય છે!

ફિલ્મ ‘શરાબી’માં જયા પ્રદા પોતાના માટે અમિતાભ આગળ ગાયન ગાતાં ડિમાન્ડ કરે છે. ‘મુઝે નૌલખા મંગા દે, ઓ સૈયા દિવાને...’ આમાં સામાન્ય સમજણ તો એવી જ હોય કે એ નેકલેસની કિંમત ‘નવ લાખ’ની જ હશે, પરંતુ ‘નૌલખા હાર’ તો એથી પણ જૂની નોન ફિલ્મી વાર્તાઓમાં આવતો રહેતો હતો.

તો આમાં આપણે નેકલેસનું વેલ્યુએશન શી રીતે કરાવવાનું? કેમ કે લગભગ ૧૦૦ વરસ પહેલાંની દંતકથામાં પણ ‘નવલખો’ હાર નવ લાખનો જ હતો અને ૧૯૮૭ની ફિલ્મ ‘શરાબી’માં પણ એની વેચાણ કિંમત (જીએસટી વિના) હજી નવ લાખ જ હોય? તો પૂરેપૂરી શક્યતા છે કે કાં તો હારની સાઈઝ નાની થઈ ગઈ હશે અથવા એમાં જે હીરા-મોતી જડેલા હશે તે સાવ સસ્તી ક્વોલિટીના હશે!

હવે તમે ફિલ્મી ફુગાવો જુઓ... જ્યાં ‘૬૦’, ‘૭૦’, કે ‘૮૦’ના દાયકાની ફિલ્મોમાં કિંમતો નવ લાખ કે દસ લાખની ઉપર નથી જતી ત્યાં ૨૦૧૪માં ‘હેપ્પી ન્યુ યર’ ફિલ્મમાં છેક દુબઈમાં જઈને પૂરા ૫૦૦ કરોડના હીરા ચોરવાનો પ્લાન બને છે! ફુગાવાની પણ હદ કહેવાયને? કેમ કે હજી ૧૯૭૮માં આવેલી ‘શાલીમાર’નો પેલો મહા-કિંમતી ડાયમન્ડ પણ માત્ર ૧ કરોડનો હતો.

ચાલો, હીરા મોતી જેવી મોંઘી ચીજોના ભાવમાં ના પડીએ તો ૨૦૧૪માં આવેલી ‘હંપ્ટી શર્મા કી દુલ્હનિયા’માં આલિયા ભટ્ટ પોતાના લગ્ન માટે ‘માત્ર’ કેટલા રૂપિયાના ‘લહેંગા’ માટે અંબાલાથી દિલ્હી ભાગી આવે છે? માત્ર ૧ લાખના લહેંગા માટે!

આવા મોટા મોટા આંકડાઓ વચ્ચે જ્યારે આપણે એક જૂનું ગાયન સાંભળીએ કે ‘દસ પૈસે મેં રામ લે લો, દસ પૈસે મેં રામ....’

ત્યારે સહેજે સવાલ થાય કે બોસ, આટલી બધી સસ્તાઈ ક્યારે હતી? માત્ર દસ પૈસામાં રામની મૂર્તિ તો જવાબ છે ૧૯૬૮! ફિલ્મ ‘એક ફૂલ, એક ભૂલ’ જેમાં આગળ કહે છે ‘દસ સિરવાલા રાવણ લે લો, દો પૈસૈ હૈં દામ!’ ■

# જન્નત જોવું હોય તો જાતે જ મરવું પડે, બરખુરદાર...!

## હઠ લઈને આવેલાં પુત્ર સમીરને પિતા ગીતકાર અનજાને આ સલાહ આપેલી!


ફિલ્મનામા
નરેશ શાહ

બનારસની સાઈઠ-સિત્તેરના દશકાની એક લાઈફસ્ટાઈલ ખબર છે? જમ્યાં પછી એકાદ ગ્લાસ ભાંગ પીવાની અને પછી ગલોફાંમાં બનારસી પાન ઠઠાડવાનું. બનારસના લાલજી પાંડે આ લાઈફ જીવેલાં અને એટલે જ ૧૯૭૫માં આવેલી 'ડોન' ફિલ્મમાં એમણે ગીતનું મૂખડું બાંધ્યું:

'ભંગ કા રંગ જમા હો ચકાચક, ફિર લો પાન ચબાવ, ઐસા ઝટકા, લગે હૈ જીયા પે, પુર્નજન્મ હોઈ જાએ...'

યસ, આ લાલજી પાંડે એટલે આપણા ગીતકાર અનજાન. દરઅસલ બનારસી પાનવાળું ગીત એમણે દેવસાહેબની ફિલ્મ 'બનારસી બાબુ' માટે લખેલું, જે પછીથી 'ડોન' ફિલ્મમાં વપરાયું.

આ અનજાનસાહેબ એટલે 'આશિકી' સહિતની ફિલ્મોનાં સુપરહિટ ગીત લખનારા ગીતકાર સમીરના પિતા. બનાસરમાં જન્મીને સમીર મોટા થતા હતા ત્યારે અનજાનસાહેબ મુંબઈમાં ગીતકાર બનવા માટે સ્ટ્રગલ કરતા હતા. ૧૯૬૦માં આવેલી 'જાલીનોટ'થી અનજાનસાહેબની ગીતકાર તરીકેની કારકિર્દી શરૂ થઈ અને એ પછી એમણે બસ્સો જેટલી હિન્દી ફિલ્મોનાં ગીતો લખ્યાં, જેમાં વચ્ચે વચ્ચે 'યાદગાર' (૧૯૭૧) જેવાં સુપરહિટ ગીતોવાળી ફિલ્મો આવતી રહી, પરંતુ સચ્ચાઈ એ છે કે અનેક સફળ ગીતો આપનારા અંજાનસાહેબે ૧૯૯૭માં છાંસઠ વરસની વયે વિદાય લીધી ત્યાં સુધીમાં એમને એકેય ગીત માટે 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યો નહોતો. એવોર્ડથી વંચિત રહ્યાનો (રાખી દેવાયાનો) આ ચચરાટ એમણે ૧૯૯૧ના ફિલ્મફેર એવોર્ડના ફંક્શનમાં જ ખુલ્લેઆમ વ્યક્ત કર્યો હતો. એ સમયે અનજાનસાહેબ દીકરા સમીરને 'આશિકી' ફિલ્મ માટે મળેલો એવોર્ડ લેવા એ પુત્રના જ આગ્રહથી સાથે આવ્યા હતા!



પિતા અનજાન અને પુત્ર સમીર

જોકે પોતાનો પુત્ર ફિલ્મોનો ગીતકાર બને એવું અનજાનસાહેબ ઈચ્છતાં નહોતા, પરંતુ બનારસમાં રહીને ગીતો- કવિતાઓ લખવા લાગેલા નાના પુત્ર સમીરને સિનેમાનાં ગીતો લખવાનું ઘેલું લાગેલું હતું. આ આકર્ષકનું મુખ્ય કારણ તો એ જ હતું કે ફિલ્મો ગીતો લખવાના કારણે જાણીતા બની ગયેલા અનજાનસાહેબ માટેનો આદર બનારસના ચોરે ને ચૌટે પથરાઈ ગયો હતો. આ કારણે પુત્ર સમીરને પણ મુંબઈ અને ફિલ્મો પ્રત્યે લગાવ થઈ ગયો હતો એટલે બેન્કે સામેથી આપેલી નોકરી સાત જ દિવસમાં છોડીને સમીર મુંબઈ આવી ગયા. એ વખતે એમની પાસે માએ આપેલા પાંચસો રૂપિયા હતા. રહેવા માટે મલાડના માલવણી વિસ્તારમાં ફૂઆ-ફૈબાનું ઘર હતું.

બહુ જલ્દી ગળે ઉતરે તેવી વાત નથી પણ સમીર ખુદ કહી ચૂક્યા છે એટલે સ્વીકારવું રહ્યું કે, પ્રથમ એક વરસ મુંબઈમાં જ રહેતા અનજાનસાહેબને કોઈએ જણાવ્યું જ નહોતું કે પુત્ર સમીર પણ મુંબઈમાં જ રહીને ગીતો લખવા માટેનો સંઘર્ષ કરી રહ્યો છે... તરત તો ફિલ્મોમાં લખવા ન મળે એટલે સમીરે ફિલ્મ પત્રકારત્વ (માધુરી સામયિક માટે) કર્યું, રેડિયો પર કામ કર્યું, સંગીતકાર શ્યામ સુંદરે એમનાં લખેલાં ગીતોની બુક વાંચીને ફેંકી દીધી. એને લઈને એ જ સંગીતકારે ભોજપુરી ફિલ્મ માટેનું ગીત પણ સમીર પાસે લખાવ્યું. દરમિયાન એકાદ વરસ પછી અનજાનસાહેબને ખબર પડી કે સુપુત્ર (જાણ બહાર જ) મુંબઈમાં છે એટલે બનેવીને ફોન કરીને ખખડાવ્યા અને પુત્રને રૂબરૂ મળવા બોલાવ્યો. એક હોટેલમાં પિતા-પુત્ર મળ્યાં. એ સમયે ફૂઆ પણ સાથે હતા. ઔપચારિક વાતની બદલે અનજાનસાહેબે પુત્રને લાગલું પૂછી લીધું:

'કદી પ્રેમ થયો છે તને?'

સમીરે પણ બેધડક હા પાડી. અંજાનસાહેબે ફરી પૂછ્યું:

'શું વિચારીને પ્રેમ કરેલો?'

'પ્રેમ વિચારીને થતો નથી...' એવો પુત્રનો જવાબ સાંભળ્યા પછી અનજાનસાહેબે પુત્ર સમીર સમક્ષ ત્રણ વાત મૂકી.

'એક, આ ફિલ્મલાઈનમાં એક જ વસ્તુ સ્થાયી છે અને એ છે સ્ટ્રગલ. પહેલા સફળ થવાની સ્ટ્રગલ. એ પછી સફળતા ટકાવી રાખવાની સ્ટ્રગલ. બાકી તારે પૈસા કે બીજી કોઈ હેલ્પની જરૂર હોય તો તું ગમે ત્યારે કહી શકે છે, પરંતુ ક્યારેય ગીતનો મુખડો કે અંતરો પણ લખી આપવાની વાત કરીશ તો આપણા સંબંધ ત્યાં જ પૂરા થઈ જશે.. - અને ત્રણ. મારી પાસેથી એવી અપેક્ષા ક્યારેય રાખતો નહીં કે, હું કોઈ નિર્માતા-નિર્દેશક કે સંગીતકારને તારા નામની ભલામણ કરું. હું બહુ સમજી વિચારીને તને કહું છું કે તારે જન્નત જોવું હોય તો તારે જ મરવું પડશે! આ ફિલ્મલાઈન બહુ અનોખી છે એ બહારથી અને અંદરથી જુદી છે. તેના પોતાના દાવપેચ અને ટાંટિયાખેંચ છે. આ તારે સમજવા પડશે અને કદાચ, શીખવા પણ પડશે..'

રસપ્રદ વાત તો એ છે કે પિતાની આ શિખામણ સાંભળ્યા પછી (પિતાએ પોતાના ઘેર આવવાનું કહેલું છતાં) સમીર પોતે લીધેલી ભાડાંની ઓરડીમાં રહેવા ચાલ્યા ગયા હતા.

જો કે એ પછી અનજાનસાહેબ બીમાર પડીને નાણાવટી હોસ્પિટલમાં દોઢેક મહિનો રહ્યા. અશક્ત થઈ ગયા હતા ત્યાર સમીર પિતા સાથે રહેવા ગયા હતા. એ વખતે બનારસથી એમનાં માતા અને ભાઈ-બહેન પણ મુંબઈ આવી ગયા હતા. જો કે સમીર પિતા કરતાં સવાયા ગીતકાર બન્યાં, તેની કથા જુદી છે. એ વિશે ચર્ચા કરીશું ક્યારેક.... ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

આ ડાયલોગ કઈ હીરોઈન કઈ ફિલ્મમાં બોલે છે ?

૧) મૈં મદિરા નહીં પીતી જી...

૨) થપ્પડ સે ડર નહીં લગતા સાબ, પ્યાર સે લગતા હૈ...

૩) મૈં અપની ફેવરિટ હું...

૪) ચલ ધન્નો આજ તેરી બસંતી કી ઇઝ્ઝત કા સવાલ હૈ...

૫ ) ફિલ્મે સિર્ફ તીન ચિઝો સે ચલતી હૈ : એન્ટરટેઈનમેન્ટ,એન્ટરટેઈનમેન્ટ ઔર એન્ટરટેઈનમેન્ટ.

૬) એક ચુટકી સિંદૂર કી કિંમત તુમ ક્યાં જાનો, રમેશ બાબુ...

૭) દોસ્તી કી હૈ નીભાની તો પડેગી હી...

## ક્વિઝ (બ)

આ ગીત કઈ ફિલ્મનું છે અને એમાં કયા ગાયકની સ્પેશિયલ એન્ટ્રી હતી જાણો છો?

૧) છૂપાના ભી નહીં આતા જતાના ભી નહીં આતા..

૨) એક તુંહી ભરોસા એક તુંહી સહારા..

૩) તેરે બીન મૈં યુ કૈસે જીયા, લેકર યાદે તેરી રાતે...

૪) મસ્તી ભરી રાત હૈ, હો સોની કુડી યો કા ભી સાથ હૈ

૫) ચિઠ્ઠી આયી હૈ આયી હૈ ચીઠ્ઠી આયી હૈ, બડે દીનો..

૬) જુગની નોટ્ટી નખરેવાલી, ઓ મેરેયા જુગની ભાઈ...


૭) યે દુઆ હૈ મેરી રબ સે તુજે આશિકો મેં મેરી...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

# બોલિવૂડ ને પાન-ઈન્ડિયા ફિલ્મ્સની પાક્કી દોસ્તી ક્યારે થશે?

## હિન્દી ફિલ્મ્સના નિર્માતાઓને પાન-ઈન્ડિયા ફિલ્મ્સ કેમ નથી ફળી રહી એ જાણવું જરૂરી છે

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા












હમણાં 'યશરાજ ફિલ્મ્સ'ની સ્પાય યુનિવર્સની 'વોર ૨' ફિલ્મનું ટીઝર રિલીઝ થયું. અયાન મુખર્જી દિગ્દર્શિત આ ફિલ્મમાં હૃતિક રોશન, જુનિયર એનટીઆર અને કિયારા અડવાણી મુખ્ય ભૂમિકામાં છે. જુનિયર એનટીઆરની હાજરી અને ફિલ્મનો રિલીઝ પ્લાન 'વોર ૨'ને એક પાન-ઇન્ડિયા ફિલ્મ બનાવે છે.

જોકે, પાછલાં કેટલાંક વર્ષોમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એક શબ્દ ખૂબ ચર્ચામાં રહ્યો છે. એ છે પાન-ઇન્ડિયા. જ્યાં પહેલાં હિન્દી ફિલ્મ્સ માત્ર ઉત્તર ભારતમાં અને દક્ષિણની ફિલ્મ્સ મુખ્યત્વે એમનાં પ્રદેશોમાં જ બોક્સઓફિસ પર ચાલતી હતી, ત્યાં હવે ફિલ્મ્સ બધી ભાષામાં ડબ કરી, આખા દેશમાં રિલીઝ કરવાની પરંપરા શરૂ થઈ છે. ખાસ કરીને દક્ષિણમાં જ્યારથી 'બાહુબલી', 'પુષ્પા', 'કે.જી.એફ.' અને 'આરઆરઆર' જેવી ફિલ્મ્સ હિન્દી તથા અન્ય ભાષાઓમાં રજૂ થઈ અને તેને જોરદાર સફળતા મળી ત્યારથી આ ચલણ વધ્યું છે.

આજે દક્ષિણના કલાકારો પણ હિન્દી ફિલ્મ્સમાં પણ વધુ કામ કરવા લાગ્યા છે અને બોલિવૂડના કલાકારો દક્ષિણની ફિલ્મ્સમાં કામ કરવા લાગ્યા છે. આ બધું જોઈને એવું લાગે કે હવે સાચે પાન-ઇન્ડિયા સિનેમા ઊભું થઈ રહ્યું છે. પણ શું એવું છે ખરું? પાન-ઇન્ડિયા ફિલ્મ 'બાહુબલી'ને દેશના કોઈ પણ ખૂણે બેઠેલા માણસને જોવાની મજા આવી હતી. 'કે.જી.એફ.' અને 'પુષ્પા' જેવી ફિલ્મ્સમાં પણ ધમાકેદાર એક્શન અને લોકપ્રિય પાત્રો હતા કે લોકો ફરીથી-ફરીને જોવા ગયા. દિગ્દર્શક એસ. એસ. રાજામૌલીની 'આરઆરઆર' તો આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ગાજી. આ બધું જોઈને હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના નિર્માતાઓએ પણ વિચાર્યું કે હવે અમારે પણ એવી ફિલ્મ્સ બનાવવી જોઈએ જે આખા દેશમાં રિલીઝ થાય અને બધે ચાલે, પણ અહીં યક્ષ પ્રશ્ન એ છે કે શું હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રી પણ એ રીતે આખા ભારતમાં ચાલવા લાયક ફિલ્મ્સ બનાવી શકે છે ખરી?

એક ઉદાહરણ જોઈએ, 'લાઇગર' (૨૦૨૨). આ પાન-ઇન્ડિયા ફિલ્મમાં વિજય દેવરકોંડા અને અનન્યા પાંડે હતા. બહુ પ્રમોશન કરવામાં આવ્યું, પણ ફિલ્મમાં કોઈ ખાસ કથાવસ્તુ ન હતી એટલે દક્ષિણના દર્શકોને પણ ન ગમી અને હિન્દી દર્શકોએ પણ તેને આવકારી નહીં.

બોલિવૂડની બીજી ઘણી ફિલ્મ્સ હતી જેને પાન-ઇન્ડિયા બનાવવાનો પ્રયાસ થયો, પણ હકીકતમાં એ પ્રયત્ન માત્ર કાગળ પર જ રહી ગયો. 'બ્રહ્માસ્ત્ર' જેવી ફિલ્મમાં નાગાર્જુન જેવા દક્ષિણના કલાકારને લઈને દેશભરમાં મોટી રિલીઝ પ્લાન થઈ હતી, પણ એ ફિલ્મ દક્ષિણમાં બહુ ચાલી નહીં. કુલ કમાણી પણ માંડ બજેટ જેટલી જ થઈ અને એટલે જ ત્રણ ભાગની ફ્રેન્ચાઈઝની જાહેરાત કરી હોવા છતાં હવે બીજા ભાગના કોઈ જ સમાચાર નથી.

દક્ષિણના દર્શકો પોતાનાં કલ્ચર અને પાત્રો જોવાનું વધુ પસંદ કરે છે. હિન્દી ફિલ્મ્સમાં જે ઓછું જોવા મળે છે. હિન્દી ફિલ્મ પ્રોડક્શન હાઉસિસના પ્રયાસો એટલા સફળ ન જવા પાછળ આ કારણ પણ જવાબદાર ખરું. દક્ષિણ અને ખાસ કરીને આખા દેશને પસંદ આવે તેવી માસ હીરોઇઝમ પ્રદર્શિત કરતી પાન-ઇન્ડિયા ફિલ્મ્સ બનાવવામાં હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની પૂરતી ફાવટ નથી એ વર્તાઈ રહ્યું છે. એમની પાન-ઇન્ડિયા ફિલ્મ્સ માત્ર ભવ્યતામાં સીમિત રહી જાય છે.

'આદિપુરુષ' જેવા કિસ્સાઓમાં તો બોલિવૂડના નિર્માતાઓએ પવિત્ર કથાઓને પણ બદલી નાખી અને એને પાન-ઇન્ડિયા બનાવી દેશભરમાં વેચવાનો મોટાપાયે પ્રયાસ કર્યો, પણ પરિણામે ફિલ્મ નિષ્ફળ થઈ. રામાયણ જેવી કથામાં જ્યાં સંવેદનશીલતા જોઈએ ત્યાં અતરંગી વિઝ્યુઅલ ઇફેક્ટસથી જ કામ લેવાનું વિચાર્યું. એટલું જ નહીં, ફિલ્મના ઢંગધડા વગરના સંવાદો મુદ્દે યોગ્ય રીતે જ લોકોએ વિરોધ ઉઠાવ્યો. આવી સ્થિતિમાં એ ફિલ્મ પાન-ઇન્ડિયા નહીં, પાન-ઇન્ટરનેટ મીમ બની ગઈ.

ટૂંકમાં જો કથાવસ્તુ ન હોય તો એ કોઈ પણ ફિલ્મ માત્ર ડબ કરીને દરેક ભાષામાં રિલીઝ થવાથી પાન-ઇન્ડિયા ન બની શકે. કલાકારો, સૌને અપીલ કરે તેવી વાર્તા, ગીતો, માર્કેટિંગ બધું જ ખરા અર્થમાં પાન-ઇન્ડિયા હોવું જરૂરી છે, જેમ કે એટલી દિગ્દર્શિત 'જવાન' ફિલ્મમાં શાહરુખ ખાન ઉપરાંત નયનતારાની હાજરી પણ હતી અને માસ અપીલ પણ હતી.

એ ફિલ્મ સફળ રહી હતી, પણ તેની સામે હમણાં જ આવેલી સલમાન ખાનની 'સિકંદર'માં પણ દક્ષિણ ભારતીય દિગ્દર્શક મુરુગાદોસ હતા અને દક્ષિણની જ અભિનેત્રી રશ્મિકા મંદાના હતી. પણ ફિલ્મની વાર્તા અને મેકિંગ સાવ ઉભડક હતા કે ફિલ્મ ન ચાલી. એનાથી સાબિત થાય છે કે દરેક પાસાંને યોગ્ય રીતે ગોઠવીને ફિલ્મ બનાવવામાં આવે તો દર્શકો ફિલ્મને સફળ બનાવે, નહીં તો પાન-ઇન્ડિયાના નામ પર કંઈ પણ ચાલી જાય એ શક્ય નથી.

નિતેશ તિવારીના દિગ્દર્શનમાં બની રહેલી 'રામાયણ' પર આધારિત ફિલ્મમાં રણબીર કપૂર ઉપરાંત 'કે.જી.એફ.' સ્ટાર યશ છે અને દક્ષિણના અન્ય કલાકારો પણ છે. જો આ ફિલ્મ સાચી લાગણી અને સંસ્કૃતિ સાથે બનાવવામાં આવશે તો એ શક્ય છે કે એ ખરા અર્થમાં પાન-ઇન્ડિયા ફિલ્મ બની શકશે.

આજે લોકો માત્ર મોટા નામોને કારણે ફિલ્મ જોવા જતાં નથી. એમને એવો વિષય જોઈએ છે જે હૃદયને સ્પર્શે.

ફિલ્મ ભાષા વગર પણ એમાં લાગણી અને કથાવસ્તુ હોય તો લોકો જોઈ શકે છે. પાન-ઇન્ડિયા બનાવવા માટે માત્ર અનેક ભાષામાં ડબિંગ કરી લેવું પૂરતું નથી. ■

**લાસ્ટ શોટ**

શાહિદ કપૂર અભિનીત 'દેવા'માં પણ દક્ષિણ ભારતીય દિગ્દર્શક અને અભિનેત્રી હતા, છતાં ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ સાબિત નહોતી થઈ શકી.

# બોલિવૂડનો ખરો વિલન પાયરસી...

ફોકસ
મનોજ પ્રકાશ

સોશીયલ મીડિયાના કાળમાં પાયરસી એક મુશ્કેલી બની ગઈ છે. મનોરંજનના બીજા સાધનો જેમ તેમ આ પાયરસીથી પોતાને બચાવે છે પરંતુ બોલિવૂડ એટલે કે ફિલ્મ જગત આ સોશીયલ મીડિયા પાયરસીથી બચી નથી શક્તું. થિયેટરોની સંખ્યા આમ પણ ઓછી છે બીજુ સોશીયલ મિડીયાએ મોબાઈલ પર પૂરો કબજો કર્યો છે જેનાથી દર્શકો થિયેટરોથી દૂર ભાગે છે.

આજે જ્યારે દેશના મોટાભાગના ઘરોમાં બે થી ત્રણ સ્માર્ટફોન છે. નાના બાળકથી લઈને પ્રૌઢ સુધી બધાં જ સ્માર્ટફોનના વ્યસની થઈ ચૂક્યાં છે ત્યારે મનોરંજનનું કેન્દ્રબિંદુ સિનેમા પાયરસીના જાળમાં ફસાઈ ગયું છે. આજથી બે દાયકા પહેલા રંગીન ટીવીનું ચલણ વધ્યું અને સેટેલાઈટ - કેબલના માધ્યમ દ્વારા ઘરે બેઠા જ ફિલ્મો જોઈ શકાતી હતી ત્યારે જ પાઈરસીની શરૂઆત થઈ ગઈ હતી. એક જમાનો હતો કે જ્યારે દર્શકોને ઘરે બેઠા જ બધી ફિલ્મો જોવા મળતી હતી ત્યારે બોલિવૂડને એમ લાગતું કે જ્યાં સુધી ફિલ્મો સિનેમાઘરોમાં પહોચે તેની પહેલા તો પાયરસીથી લોકોના ઘરે પહોંચી જાય છે. તે સમયે આખા બોલિવૂડે પાયરસીનો વિરોધ કર્યો હતો. ફિલ્મ ઉદ્યોગ પર સોશિયલ મીડિયાનો જબરદસ્ત પ્રભાવ છે. ફિલ્મ રિલીઝ થતાં જ તેની કોપી મોબાઈલ પર આવી જાય છે. થિયેટરમાં ફિલ્મ જોતા જોતા દર્શક પોતાના મનપસંદ ગીત કે સીનનું રેકોર્ડીંગ કરી રિલ્સ અને શોટસ બનાવી સોશિયલ મીડિયા પર એટલી વાઈરલ કરે છે કે દર્શકોની ફિલ્મ પ્રત્યેની રૂચી સાવ ઓછી થઈ જાય છે. એક સમયમાં આવતી સીડી, ફ્લોપી , કેસેટ અને રેકોર્ડ પ્લેયર કે જેનાથી ફિલ્મ જગતને કમાણી થતી હતી તે મોબાઈલ આવવાથી સાવ તૂટી પડી છે. ફેસબુક ,યુ ટ્યુબ અને ઓટીટી, વેબ સીરિઝ જેવા પ્લેટફોર્મ સોશિયલ મીડિયા પાયરસીને જ સપોર્ટ કરે છે અને અત્યાર સુધી એવું જોવામાં નથી આવ્યું કે, કોઈ ફિલ્મના દ્રશ્યો કે ગીતો જો સોશીયલ મીડિયા પર વાઈરલ થયા હોય તો તેને અટકાવવામાં આવ્યા હોય.

સોશિયલ મીડિયા પર જ્યારે ફિલ્મોની ચર્ચો શરૂ થાય છે ત્યારે ફિલ્મ જોવી કે નહીં તે નિર્ણય લેવો દર્શકો માટે ખૂબ જ આસાન થઈ જાય છે. આવી સ્થિતીમાં માઉથ પબ્લિસીટી પણ દર્શકોના મનને પ્રભાવિત નથી કરી શકતી. જેની સીધી અસર કમાણી પર થાય છે. ઘણી વખત તો ડાયરેક્ટર અને પ્રોડ્યુસરને ખર્ચો કાઢવો ભારે પડી જાય છે. આ વર્ષે જે ફિલ્મે સર્વાધિક કમાણી કરી છે તેમાં 'છાવા' ૧૨૧ કરોડ , 'રેડ- ૨'૭૩ કરોડ, 'સ્કાઈફોર્સ' ૭૩ કરોડ અને 'જાટ' ૪૧ કરોડ રૂપિયા જેટલી કમાણી પહેલા અઠવાડિયામાં કરી છે. ફિલ્મ ઉદ્યોગની આવી સ્થિતી પહેલા ક્યારેય નહતી. છાવા ફિલ્મને છોડીને બીજી કોઈ પણ ફિલ્મ ૧૦૦ કરોડની હરોળમાં આવવા માટે દર્શકોને આકર્ષિત નથી કરી શકી. બીજી ફિલ્મો કે જેમણે સફળતાના પરચમ લહેરાવ્યા છે તેમાં 'દંગલ' ૧૯૭૧ કરોડ , 'બાહુબલી' ૧૮૦૦ કરોડ, 'આરઆરઆર'૧૨૭૬ કરોડ તેમજ 'બજરંગી ભાઈજાન' અને 'એનિમલ ' એ ૯૦૦ કરોડથી પણ વધારે રૂપિયા ડાયરેક્ટર અને પ્રોડ્યુસરને કમાવી આપ્યા છે.

હાલમાં થયેલા વેવ્સ સમિટમાં જ્યારે મનોરંજન પર વાત થઈ ત્યારે લોકપ્રિય અભિનેતા આમિર ખાનનું પણ માનવું છે કે, મોટા ભાગના લોકો સિનેમાઘર સુધી પહોચી જ નથી શકતા. આનું મુખ્ય કારણ એ જ છે કે, સિનેમાઘરોમાં સ્ક્રિનની ઉણપને કારણે ફિલ્મ ઉદ્યોગને નુકશાન થઈ રહ્યું છે. આમિર આગળ જણાવતાં કહે છે કે, આપણે સિનેમાઘરોની સંખ્યા વધારવી જોઈએ. જેમાથી સિંગલ સ્ક્રિન બંધ કરવામાં આવી રહી છે અને મલ્ટિપ્લેક્સની સંખ્યા વધી રહી છે. મલ્ટિપ્લેક્સ તો એટલી સુવિધા દર્શકોને આપે છેકે , દર્શકો સુતા સુતા ફિલ્મ જોવે છે. આ મલ્ટિપ્લેક્સની કમાણી માત્ર ફિલ્મોથી જ નથી થતી પરંતુ ત્યાં થઈ રહેલી ઈતર પ્રવૃતિઓથી થાય છે.

સોશિયલ મીડિયાથી થનારા નુકસાનનું કારણ એ પણ છે કે , આ પ્લેટફોર્મ પર જે પણ પાયરેટેડ સામગ્રી હોય છે તે કોઈ કાળે ડિલીટ થતી નથી. જો એક સોર્સથી ડિલીટ કરવામાં આવે તો બીજા સોર્સ દ્વારા શેર થઈ જાય છે. આમ કરતા નવી રિલીઝ થયેલી ફિલ્મ એટલી ચવાઈ જાય છે કે તે ફિલ્મ જોવાનો કોઈ અર્થ જ નથી રહેતો. અને બીજી ફિલ્મ રિલીઝ થઈ જાય છે.આમ જોઈએ તો કોઈ પણ ફિલ્મની ઉંમર પહેલા અઠવાડીયામાં જ ખબર પડી જાય છે. જ્યારથી ફાઈ જી અને ઓનલાઈનનું ચલણ ચાલ્યું છેત્યારથી ત્રણ કલાકની ફિલ્મ ડાઉનલોડ થોડી જ મિનીટમાં થઈ જાય છે. આમિર ખાનની વાત ભલે સો ટકા સાચી હોય પરંતુ સિનેમાઘરોમાં જો દર્શકોની સંખ્યા વધારવી હોય તો સૌ પ્રથમ પાયરસી રોકવાના ઉપાયો કરવા પડશે. ■




# ક્રિકેટર દીપ્તિ શર્મા સાથે નજીકની મિત્રએ કરી 30 લાખ રૂપિયાની છેતરપિંડી

આગ્રા (ઉત્તર પ્રદેશ): મહિલાઓની વન-ડે તેમ જ ટી-૨૦માં બોલર અને ઑલરાઉન્ડર ખેલાડીઓના ટોચના પાંચ ક્રમમાં સ્થાન ધરાવતી દીપ્તિ શર્મા સાથે છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો બહાર આવ્યો છે. દીપ્તિના આગ્રા-સ્થિત ફ્લૅટમાં ચોરીનો મામલો છે અને એ કામ આરુષી ગોયલ નામની તેની જ ક્રિકેટર-દોસ્તે કર્યું હોવાનો આક્ષેપ છે. તેની એ મિત્ર દિલ્હી વતી ક્રિકેટ રમી ચૂકી છે અને તેની જુનિયર છે.



દીપ્તિ શર્માનો આક્ષેપ છે કે તેની એ મિત્રએ આગ્રા ખાતેના તેના ફ્લૅટમાંથી ૨,૫૦૦ ડૉલર, લાખો રૂપિયાનું ઝવેરાત તેમ જ રોકડ રકમની ચોરી કરી છે.

એ ઉપરાંત, આરોપીએ પચીસ લાખ રૂપિયા પણ પોતાના અકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હોવાનો આક્ષેપ છે.

આ મામલામાં દીપ્તિના ભાઈ સુમિત શર્માએ પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધાવડાવી છે જેને પગલે પોલીસે તપાસ શરૂ કરી છે. ■

# ભારત સાથે ઘર્ષણ ચાલે છે, નીરજ વિશે નથી બોલવું: નદીમ

લાહોર: ભાલાફેંકમાં ભારતના વર્લ્ડ ચૅમ્પિયન ઍથ્લીટ નીરજ ચોપડાએ તાજેતરમાં પોતાના નામની ટૂર્નામેન્ટમાં પાકિસ્તાનના અર્શદ નદીમને આમંત્રિત કરવા સંબંધમાં જે ખુલાસો કર્યો હતો એના અનુસંધાનમાં નદીમને અહીં ગુરુવારે પત્રકારો દ્વારા સવાલ પૂછવામાં આવતાં નદીમે કહ્યું, ' હમણાં ભારત સાથે ઘર્ષણ ચાલી રહ્યું છે એટલે મારે નીરજ વિશે કંઈ જ નથી કહેવું. તેના વિશે હું કંઈ જ ટિપ્પણી નથી કરવા માગતો.'

જોકે નીરજને ગયા અઠવાડિયે જ્યારે નદીમ સાથેની મૈત્રી વિશે અને તેણે (મોકૂફ રાખવામાં આવેલી નીરજ ચોપડા ક્લાસિક સ્પર્ધા)માં નદીમને આપેલા આમંત્રણ વિશે એક ઇન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું ત્યારે ભારતીય લશ્કરના લેફ્ટનન્ટ કર્નલ નીરજે કહ્યું હતું કે 'અમારી વચ્ચે ક્યારેય ગાઢ દોસ્તી હતી જ નહીં અને છે પણ નહીં. હવે તો પાકિસ્તાન સાથે જંગ થઈ ગયો એટલે તેની સાથે થોડી દોસ્તી પણ નહીં રહે.'

નદીમે ગુરુવારે પત્રકારોને એવું પણ કહ્યું હતું કે ' હું એક ગામડામાંથી ઉપર આવ્યો છું અને ફક્ત એટલું જ કહીશ કે હું અને મારો પરિવાર હંમેશાં અમારા લશ્કરની પડખે રહીશું.' ■

# નવો નિયમ અમારી મૅચ વખતે કેમ ન લાવ્યા?: કેકેઆર

કોલકાતા: ભારત-પાકિસ્તાનના ટૂંકા યુદ્ધ બાદ હવે મેઘરાજા આઈપીએલની મૅચો ખોરવી રહ્યા છે એવામાં બીસીસીઆઈએ મંગળવાર, ૨૦મી મેથી નવો નિયમ લાગુ કર્યો છે કે બાકીની લીગ મૅચો વરસાદને કારણે અધૂરી કે અનિર્ણિત ન રાખવી પડે એ માટે દરેક લીગ મૅચને વધારાની ૧૨૦ મિનિટ આપવામાં આવશે કે જેથી પૂરી મૅચનું પરિણામ લાવી શકાય. જોકે ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ના ફ્રૅન્ચાઇઝીની ફરિયાદ છે કે તેઓ પ્લે-ઑફની રેસમાંથી બહાર થઈ ગયા એ પહેલાં આ નિયમ કેમ નહોતો લાવવામાં આવ્યો?

સામાન્ય રીતે આઈપીએલની દરેક લીગ મૅચમાં વધારાની ૬૦ મિનિટ રાખવામાં આવતી હોય છે કે જેથી મૅચનું પરિણામ લાવી શકાય. જોકે મંગળવારે જાહેર કરવામાં આવેલા નવા નિયમ મુજબ મંગળવારની રાજસ્થાન-ચેન્નઈ મૅચથી દરેક મૅચને વધારાની ૧૨૦ મિનિટ આપવામાં આવી છે.

એક જાણીતી વેબસાઈટના અહેવાલ મુજબ કેકેઆરના ચીફ એક્ઝિક્યૂટિવ વેન્કી માયસોરે કહ્યું છે કે 'ભારત-પાકિસ્તાન યુદ્ધ બાદ ૧૭મી મેએ આઇપીએલનો નવો રાઉન્ડ શરૂ થયો એ દિવસથી જ દરેક મૅચને વધારાની ૧૨૦ મિનિટ ફાળવવાનો નવો નિયમ લાગુ થવો જોઈતો હતો.'

૧૭મી મેએ કોલકાતા અને બેંગલૂરુ વચ્ચેની નવા રાઉન્ડની પહેલી જ મૅચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. બંને ટીમને એક-એક પોઇન્ટ આપી દેવામાં આવ્યો હતો. કોલકાતાને એ એક જ પોઇન્ટ મળતાં એ ૨૦૨૪ની એ ચૅમ્પિયન ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ.

નવા નિયમ પ્રમાણે વરસાદને લીધે મૅચ ખોરવાઈ જાય તો ૨૦-૨૦ ઓવરની મૅચ રાખવા માટે રાત્રે ૯.૩૦ સુધી રાહ જોઈ શકાય. એટલું જ નહીં મૅચનું પરિણામ લાવવા માટે પાંચ-પાંચ ઓવર પણ રાખવી હોય તો રાત્રે ૧૧.૫૬ સુધી રાહ જોઈ શકાય. ૧૭ મેની કોલકાતા-બેંગ્લૂરુ મૅચમાં કટ-ઑફ ટાઈમ જૂના નિયમ પ્રમાણે રાત્રે ૧૦.૫૬ સુધીનો જ હતો.

વેન્કીનું કહેવું છે કે જો ૧૭મી મેના દિવસથી જ વધારાની ૧૨૦ મિનિટની સગવડનો નિયમ લાગુ કરાયો હોત તો અમે પ્લે-ઑફમાં કદાચ પહોંચી શક્યા હોત. ■

# માર્શની 'ફાસ્ટેસ્ટ સેન્ચુરી' પછીના થ્રિલરમાં લખનઊ જીત્યું

અમદાવાદ: લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ અહીં સર્વોચ્ચ ક્રમાંકિત ટીમ ગુજરાત ટાઇટન્સ (જીટી) સામેની લીગ મૅચમાં ૩૩ રનથી વિજય મેળવીને રહ્યુંસહ્યું ગૌરવ મેળવવાની શરૂઆત કરી હતી. પ્લે-ઑફની રેસમાંથી બહાર થઈ ગયેલા લખનઊએ બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં માત્ર બે વિકેટે ૨૩૫ રન બનાવ્યા હતા જેના જવાબમાં ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૨૦૨ રન બનાવી શકી હતી. ગુજરાતના ખેલાડીઓ કૅન્સર સામેની લડતમાં લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી ખાસ બનાવાયેલા લેવેન્ડર કલરના ડ્રેસમાં રમ્યા હતા.

ગુજરાતના ફેમસ ટૉપ-ઑર્ડરે સાધારણ પર્ફોર્મ કર્યા બાદ રુધરફર્ડ (૩૮ રન, ૨૨ બૉલ, ત્રણ સિક્સર, એક ફો) અને એમ. શાહરુખ ખાન (૫૭ રન, ૨૯ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ની જોડીએ ફટકાબાજીથી ગુજરાતની ટીમને વિજયની નજીક લાવવાની કોશિશ કરી હતી. જોકે તેમની વચ્ચેની ૮૬ રનની ભાગીદારી તૂટ્યા પછી ગુજરાતે રુધરફર્ડ, તેવાટિયા, અર્શદ, શાહરૂખની વિકેટ ગુમાવી હતી. ઓ'રુરકેએ ત્રણ અને આવેશ ખાને તેમ જ બદોનીએ બે વિકેટ લીધી હતી. લખનઊનો ઓપનર મિચલ માર્શ (૧૧૭ રન, ૬૪ બૉલ, આઠ સિક્સર, દસ ફોર) આ મૅચનો સુપરસ્ટાર હતો. તે આઇપીએલની આ સીઝનનો સાતમો અને લખનઊનો પ્રથમ સેન્ચુરિયન બન્યો હતો. તેણે ૫૬ બૉલમાં સદી ફટકારી હતી અને એલએસજી વતી સેન્ચુરી ફટકારી ચૂકેલા ખેલાડીઓમાં તેની આ સદી ફાસ્ટેસ્ટ છે. ■

# પત્નીની મીઠી ટકોર પછી સૂર્યકુમાર જીત્યો અવૉર્ડ

## અણનમ ૭૩ રનની ઈનિંગ્સ સાથે મુંબઈને જિતાડ્યા પછી પુરસ્કાર દેવિશાને ડેડિકેટ કર્યો

મુંબઈ: બુધવારે વાનખેડેમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેની મહત્ત્વની મૅચમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ને વિજય અપાવીને પ્લે-ઑફમાં પહોંચાડનાર સૂર્યકુમાર યાદવને પ્લેયર ઑફ ધ મૅચનો જે પુરસ્કાર આપવામાં આવ્યો એ તેણે પત્ની દેવિશાને ડેડિકેટ કર્યો હતો અને એ અવસરે તેણે જણાવ્યું કે દેવિશાએ તેને એક ખાસ વાત કરી છે જે તેને ખૂબ સ્પર્શી ગઈ અને એટલે જ અવૉર્ડ તેને અર્પણ કર્યો છે.


સૂર્યકુમાર યાદવ અને તેની પત્ની દેવિશા.

મુંબઈએ આપેલા ૧૮૧ રનના લક્ષ્યાંક સામે દિલ્હીની ટીમ ૧૨૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને મુંબઈનો ૫૯ રનથી વિજય થયો હતો. એ પહેલાં, મુંબઈએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે જે ૧૮૦ રન બનાવ્યા હતા એમાં સૂર્યકુમાર (૭૩ અણનમ, ૪૩ બૉલ, ચાર સિક્સર, સાત ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. નમન ધીરે અણનમ ૨૪ રન, તિલક વર્માએ ૨૭ રન અને રાયન રિકલ્ટને પચીસ રન કર્યા હતા. વિલ જૅક્સનો એમાં ૨૧ રનનો ફાળો હતો.

મૅચમાં મેઘરાજાના વિઘ્નો નહોતા આવ્યા, પણ મૅચ પૂરી થયા બાદ વરસાદ શરૂ થયો હતો અને ઇનામ-વિતરણ સમારોહમાં સૂર્યકુમાર છત્રી સાથે આવ્યો હતો. તેણે કહ્યું, 'એમઆઇની ૧૩ મૅચ થઈ ગઈ. મારી પત્ની દેવિશાએ મને એક રસપ્રદ વાત કરી. તેણે મને કહ્યું હતું કે તમે દરેક પુરસ્કાર જીત્યા છો, પણ પ્લેયર ઑફ ધ મૅચનો અવૉર્ડ એક પણ નથી. આજે હું આ પુરસ્કાર પણ જીત્યો એનો મને બેહદ આનંદ છે અને આ અવૉર્ડની ટ્રોફી હું તેના (દેવિશાના) નામે કરું છું. ટીમના દૃષ્ટિકોણથી પણ આ જીત અને મારો પર્ફોર્મન્સ સ્પેશિયલ છે.'

સૂર્યાએ આ સીઝનમાં ૧૩ મૅચમાં કુલ ૫૮૩ રન બનાવ્યા છે જે ગુરુવારની સાંજે આ સીઝનના તમામ બૅટ્સમેનોમાં ત્રીજા નંબરે હતા. મુંબઈ ઇન્ડિયન્સની ૧૪મી અને છેલ્લી લીગ મૅચ ૨૬મી મેએ જયપુરમાં પંજાબ કિંગ્સ સામે રમાશે. ત્યાર બાદ ૨૯મી મેએ પ્લે-ઑફ રાઉન્ડ શરૂ થશે. ■

# ઈંગ્લૅન્ડ-ઝિમ્બાબ્વેની બે ટેસ્ટ-સિરીઝ વચ્ચે ઍન્ડરસનની આખી કરીઅર પસાર થઈ ગઈ!

## બાવીસ વર્ષ પછી ફરી બાવીસમી મે આવી અને બન્ને દેશ વચ્ચે શરૂ થઈ ટેસ્ટ

નૉટિંગહૅમ: ઇંગ્લૅન્ડ અને ઝિમ્બાબ્વે વચ્ચે ગુરુવારે ફરી એક વખત ટેસ્ટ મૅચ રમાવાની શરૂ થઈ, પરંતુ એમાં બહુ મોટો ફરક છે, કારણકે બન્ને દેશ બરાબર બાવીસ વર્ષ બાદ ફરી એક વખત ટેસ્ટના મુકાબલામાં સામસામે આવી ગયા છે. નૉટિંગહૅમમાં ઇંગ્લૅન્ડની બૅટિંગ સાથે શરૂ થયેલી આ એકમાત્ર ટેસ્ટમાં બેન સ્ટૉક્સ ઇંગ્લૅન્ડનો અને ક્રેગ ઇરવિન ઝિમ્બાબ્વેનો સુકાની છે. સૌથી મોટી નવાઈની વાત એ છે કે છેલ્લે ૨૦૦૩માં આ બે દેશ વચ્ચે જે ટેસ્ટ-સિરીઝ રમાઈ હતી એ ઇંગ્લૅન્ડના પેસ લેજન્ડ જેમ્સ ઍન્ડરસનની ડેબ્યૂ ટેસ્ટ-શ્રેણી હતી અને ત્યાર પછીના બે દાયકામાં ઍન્ડરસનની આખી કરીઅર પૂરી થઈ ગઈ હતી. ઍન્ડરસને તેની એ પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં પાંચ વિકેટની સિદ્ધિ મેળવી હતી.

૨૦૦૩ની બાવીસમી મેએ શરૂ થયેલી ટેસ્ટ ત્રણ દિવસ ચાલી હતી અને એમાં ઇંગ્લૅન્ડે એક દાવ અને ૯૨ રનથી વિજય મેળવ્યો હતો. નાસિર હુસેન ઇંગ્લૅન્ડનો અને હીથ સ્ટ્રીક ઝિમ્બાબ્વેનો કૅપ્ટન હતો. હીથ સ્ટ્રીકનું કૅન્સરના મહારોગ સામે લડ્યા બાદ સપ્ટેમ્બર, ૨૦૨૩માં અવસાન થયું હતું. ૨૦૦૩ની એ સિરીઝની પહેલી ટેસ્ટના પ્રથમ દાવમાં ૧૩૭ રન કરનાર ઇંગ્લૅન્ડના માર્ક બુચરને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો. ઇંગ્લૅન્ડની વર્તમાન ટીમનો સુકાની બેન સ્ટૉક્સ ત્યારે ૧૨ વર્ષનો હતો અને ઝિમ્બાબ્વેનો વર્તમાન સુકાની ક્રેગ ઇરવિન ૧૮ વર્ષનો હતો. ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ પ્રમુખ રોબર્ટ મુગાબેના શાસનકાળ દરમ્યાન આઇસીસી સાથેના ઝિમ્બાબ્વેના ક્રિકેટ-સંબંધો સારા ન હોવાને લીધે ઝિમ્બાબ્વેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહેવું પડ્યું હતું.

૨૦૦૩માં ઝિમ્બાબ્વે સામે રમીને ટેસ્ટ-ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર જેમ્સ ઍન્ડરસન હાલમાં ૪૨ વર્ષનો છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયો છે. તેણે ૨૦૦૩થી ૨૦૨૪ સુધીની ટેસ્ટ-કારકિર્દીમાં ૭૦૪ વિકેટ લીધી હતી અને ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લઈ ચૂકેલા બોલર્સમાં તે ત્રીજા નંબરે તથા ઇંગ્લૅન્ડના બોલર્સમાં અવ્વલ છે. મુથૈયા મુરલીધરન (૮૦૦ વિકેટ) પ્રથમ નંબરે અને શેન વૉર્ન (૭૦૮ વિકેટ) બીજા નંબરે છે. ઍન્ડરસને ૨૦૦૩માં ઝિમ્બાબ્વે સામે રમીને ટેસ્ટ-ક્રિકેટમાં આગમન કર્યું હતું, પરંતુ ઝિમ્બાબ્વે સામેની એ અંતિમ ટેસ્ટ-શ્રેણી હતી અને ત્યાર બાદ છેક ગુરુવાર, ૨૨મી મેએ બન્ને રાષ્ટ્ર વચ્ચે ટેસ્ટ રમાવાની શરૂ થઈ. ૨૦૦૩ અને ૨૦૨૫ દરમ્યાન ઍન્ડરસનની આખી કારકિર્દી પસાર થઈ ગઈ જેમાં તેણે કુલ ૧૮૮ ટેસ્ટના ૩૫૦ દાવમાં બોલિંગ કરી, કુલ મળીને ૪૦,૦૩૭ બૉલ ફેંક્યા અને એમાં તેણે ૧૮,૬૨૭ રનના ખર્ચે ૭૦૪ વિકેટ લીધી હતી.

### ત્રણ બ્રિટિશરની સેન્ચુરી

નૉટિંગહૅમમાં ઇંગ્લૅન્ડે ઝિમ્બાબ્વે સામેની એકમાત્ર ટેસ્ટમાં પ્રથમ દિવસે બૅટિંગ મળ્યા બાદ આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં બેન સ્ટૉક્સની ટીમે બે વિકેટે ૪૫૩ રન કર્યા હતા. ઓપનરો ઝૅક ક્રૉવ્લીએ ૧૨૪ રન અને બેન ડકેટે ૧૪૦ રન કર્યા હતા. તેમની વચ્ચે ૨૩૧ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર બાદ ક્રૉવ્લી અને ઑલી પોપ વચ્ચે ૧૬૭ રનની પાર્ટનરશિપ થઈ હતી. પોપ ૧૩૩ રને રમી રહ્યો હતો. ■



## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| फन | ખીર |
| फना | નિરર્થક |
| फिजूल | અંતર |
| फीरनी | ખુવારી |
| फासला | કૌશલ |

### ઓળખાણ પડી?

400થી વધુ ફિલ્મોમાં અભિનય કરનારા હાસ્ય અભિનેતાની ઓળખાણ પડી? ફિલ્મમાં કોમેડિયન ને ચરિત્ર અભિનેતાના રોલ કરવા સિવાય ગીતો પણ ગાયા હતા.



અ) ગોપ બ) સુંદર ક) ધુમાલ ડ) રાજેન્દ્રનાથ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દૂ | ર | ૨ સુ | ૩ દૂ | ૪ ર | | ૫ પ્ર | ૬ જા | તં | ૭ ત્ર |
| રં | | ૮ ગા | મ | ત | ૯ રું | | કા | | સ્ત |
| ૧૦ દે | ૧૧ વ | ળ | | ૧૨ વા | ડ | | ૧૩ રો | ૧૪ ડ | |
| ૧૫ શી | ખ | વું | | | ૧૬ મા | સ | | ૧૭ બા | ૧૮ ગ |
| | ત | | ૧૯ ડ | ફો | ળ | | ૨૦ અ | | ણ |
| ૨૧ પ્ર | | ૨૨ ક | મ | | | ૨૩ સં | ગ | | ત |
| ૨૪ તિ | સ | મા | ર | ખાં | | ૨૫ વા | ર | ૨૬ ક | રી |
| ભા | | વ | | | ૨૭ સા | દ | | લ | |
| ૨૮ વા | ૨૯ ર | ત | હે | ૩૦ વા | ર | | ૩૧ શ | ર | ૩૨ મ |
| ૩૩ ન | જ | ર | | દ | | ૩૪ ગો | ઠ | વ | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | | | | ૧૦ | | | | | |
| | | | | ૧૧ | | | | ૧૨ | |
| ૧૩ | ૧૪ | | ૧૫ | | | | ૧૬ | | |
| | ૧૭ | | | | | ૧૮ | | | |
| ૧૯ | | | | | ૨૦ | | ૨૧ | | |
| | | ૨૨ | | ૨૩ | | | | | ૨૪ |
| | | | | ૨૫ | | ૨૬ | | ૨૭ | |
| ૨૮ | | | | | ૨૯ | | | | |

**આડી ચાવી**

૧. અભ્યાસનું ધામ (૫)
૪. બાળકનો અવાજ (૪)
૭. --- મારા વીરાને - ગુ.ફિલ્મ (૨)
૮. ધર્મ, ફરજ (૩)
૯. --- ને કોઇ છેતરી ના શકે (૩)
૧૦. સહાય, મદદ, મલાઇ (૨)
૧૧. ચંચલ, હોંશિયાર, ચાલાક (૩)
૧૨. સાહેબ (૨)
૧૩. આંગળીથી --- વેગળા (૨)
૧૬. કાર્ય, કર્મ (૩)
૧૭. જલસા કરવાની વૃત્તિ (૪)
૧૮. અમુકતમુક વિચારનો અભિગ્રહ (૪)
૧૯ અંગરખું ભીડવાની નાની દોરી (૨)
૨૧. અંધારું (૨)
૨૨. પાનખર (૪)
૨૫. રડવાના સ્વભાવવાળું (૩)
૨૭. ડરથી પાડેલી બૂમ (૨)
૨૮. એક સંગીતનું વાદ્ય (૪)
૨૯. દિવાળીના દિવસે થાય (૫)

**ઊભી ચાવી**

૧. બેસેલું (૫)
૨. નખરાં કરનારી (૪)
૩. બધાના---અણગમા અલગ હોય (૨)
૪. પોપટ (જો. છૂ.) (૨)
૫. કપાળ નીચે કાન પાસેનો ભાગ (૩)
૬. બૂમાબૂમ, હોકારા (૬)
૮. ધીરજ, સંતોષ (૪)
૧૦. સત્ય (૨)
૧૨. સંગીતનો કક્કો (૪)
૧૪. રાક્ષસ, માથા વિનાનો પિશાચ (૩)
૧૫. વારસો (૪)
૧૬. દુખાવો (૪)
૧૯. કઠણપણું (૪)
૨૦. મજબૂત, કસરતી (૪)
૨૨. પથ્થરો (૩)
૨૩. ઝરણ, ઝરવું તે (૨)
૨૪. બેસવાની જગા, ઔષધિ (૩)
૨૬. ધનની દેવી (૨)
૨૭. વસ્તુ, દૂધની બનાવટ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મોના બે અગ્રણી અભિનેતા હિતેન કુમાર અને મલ્હાર ઠાકરે સાથે કામ કર્યું હતું એ ફિલ્મ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) આગંતુક બ) ધૂઆંધાર ક) શુભ યાત્રા ડ) ઝમકુડી

### જાણવા જેવું

'ચંદ્રહાસ' ફિલ્મના કલાકારની યાદીમાં એક નામ છે મેહબૂબ ખાનનું. 'મધર ઈન્ડિયા' જેવી અદભુત અને બીજી કેટલીક નોંધપાત્ર ફિલ્મો આપનાર મેહબૂબ ખાન. તેમણે શરૂઆત અભિનયથી કરી હતી અને નાના મોટા જે રોલ મળતા એ કરી લેતા. 'વૈર કા બદલા- વેંજીયન્સ ઈઝ માઈન'માં તેમણે નાયિકાના પિતાનો રોલ કર્યો હતો. જોકે, ત્યારબાદ મેહબૂબ ખાન દિગ્દર્શક બની ગયા એ વાત અલગ છે

### સુડોકુ-૮૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૨ | | | ૬ | | |
| ૬ | ૫ | | ૧ | | ૮ | | | |
| ૯ | | | ૬ | ૪ | | | | |
| ૭ | | | | ૬ | | ૧ | | ૨ |
| ૨ | | ૩ | ૪ | ૧ | ૭ | ૯ | | ૬ |
| ૫ | | ૧ | | ૩ | | | | ૪ |
| | | | | ૯ | ૪ | | | ૧ |
| | | | ૭ | | ૬ | | ૪ | ૯ |
| | | ૬ | | | ૧ | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૮૦૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૮ | ૬ | ૨ | ૫ | ૧ | ૯ | ૩ |
| ૧ | ૫ | ૨ | ૩ | ૯ | ૪ | ૭ | ૮ | ૬ |
| ૩ | ૬ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૪ |
| ૮ | ૪ | ૭ | ૨ | ૫ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૬ | ૯ | ૧ | ૮ | ૪ | ૩ | ૨ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૩ | ૭ | ૧ | ૬ | ૮ | ૪ | ૯ |
| ૭ | ૧ | ૫ | ૯ | ૩ | ૨ | ૪ | ૬ | ૮ |
| ૯ | ૮ | ૪ | ૫ | ૬ | ૧ | ૩ | ૭ | ૨ |
| ૨ | ૩ | ૬ | ૪ | ૮ | ૭ | ૯ | ૧ | ૫ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

65 વર્ષની લાંબી કારકિર્દીમાં ધર્મેન્દ્રએ અનેક ફિલ્મોમાં વિવિધ હિરોઈન સાથે કામ કર્યું છે. કઈ ફિલ્મમાં ધરમજી સાથે કોઈ હિરોઈનની જોડી નહોતી એ જણાવો.

અ) લોહપુરુષ બ) કહાની કિસ્મત કી ક) યાદોં કી બારાત ડ) લોફર

### નોંધી રાખો

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ફિલ્મના કલાકાર કે ફિલ્મની વાર્તા જ જો બદલી નાખે તો? મધુબાલાની જગ્યાએ માધુરી દીક્ષિતને ફિટ કરી દે તો?

### માઈન્ડ ગેમ

માલા સિંહાએ તેની કારકિર્દીમાં મોટાભાગના ટોચના એક્ટરની હિરોઈન તરીકે કામ કર્યું. કયા દિગ્ગજ અભિનેતાની હિરોઈન બનવાની તક નહોતી મળી?

અ) મનોજ કુમાર બ) રાજ કુમાર ક) દિલીપ કુમાર ડ) દેવ આનંદ

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| द्रश्यम | અજય દેવગન |
| खिलाडी | અક્ષય કુમાર |
| गुमनाम | મનોજ કુમાર |
| इत्तेफाक | રાજેશ ખન્ના |
| अंधाधुन | આયુષ્માન ખુરાના |

ઓળખાણ પડી? — ઓમકારા

માઈન્ડ ગેમ — દિલ સે

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — અપનાપન

ગુજરાત મોરી મોરી રે — ગુણસુંદરી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) હર્ષા મહેતા (૯) નુતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ દોશી (૨૫) અંજુ ટોલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જગદીશ ઠક્કર (૨૮) કિશોર બી. સંઘરાજકા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) પ્રવીણ વોરા (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન જયંતીલાલ બજરિયા (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) હિના દલાલ (૪૧) અંબરીષ ઓઝા (૪૨) દિપીકા દોશી (૪૩) મહેશ સંઘવી (૪૪) અલ્કા વાણી (૪૫) જયવંત પદમશી ચિખલ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) (અ) : ૧) ચાલબાઝ - શ્રી દેવી ૨)દબંગ - સોનાક્ષી સિન્હા ૩)જબ વી મેટ -કરીના કપૂર ૪) શોલે - હેમા માલિની ૫)ડર્ટી પિક્ચર -વિદ્યા બાલન ૬)ૐ શાંતિ ૐ- દીપિકા પદુકોણ ૭) મૈને પ્યાર કિયા-ભાગ્યશ્રી

ક્વિઝ (બ) ૧) બાઝીગર - વિનોદ રાઠોડ ૨) પુકાર - લતા મંગેશકર ૩) બસ એક પલ - આતીફ અસ્લમ ૪) મૃત્યુદાતા - દલેર મેહંદી ૫) નામ- પંકજ ઉદાસ ૬) તનુ વેડ્સ મનુ- મિકા સિંહ ૭) સપને સાજન કે - કુમાર સાનુ- અલકા યાજ્ઞિક

## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ બિકાનેર વચ્ચે સુપર ફાસ્ટ એક્સપ્રેસ શરૂ થશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | આ તારીખથી શરૂ થશે | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૨૧૯૦૩ | બાંદ્રા ટર્મિનસ - બિકાનેર (સાપ્તાહિક) | ૨૬.૦૫.૨૦૨૫ | ૨૩.૨૫ ક. (સોમવાર) | ૨૦.૪૦ ક. (બીજા દિવસે) |
| ૨૧૯૦૪ | બિકાનેર - બાંદ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | ૨૮.૦૫.૨૦૨૫ | ૦૮.૫૦ ક. (બુધવાર) | ૦૬.૪૫ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, વાપી, સૂરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, પાલી મારવાડ, જોધપુર, મેર્તા રોડ, નાગૌર, નોખા અને દેશનોક સ્ટેશન બંને દિશામાં

સંરચનાઃ AC 3 - ટાયર (ઈકોનોમી) અને AC ચેર કાર કોચેસ

સમય, થોભવાના અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૨૧૯૦૩ માટે બુકિંગ ૨૩.૦૫.૨૦૨૫થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખૂલશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly
અમને ફોલો કરોઃ X.com/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો


# સેન્સેક્સ ૧૧૦૦ પોઇન્ટના તળિયે જઇને અંતે ૬૪૫ પોઇન્ટના ઘટાડે સ્થિર થયો, ૮૧,૦૦૦ની સપાટી ગુમાવી

મુંબઇઃ ટેરિફ વોર અને ઇન્ડો-પાક લશ્કરી અથડામણ શાંત થયા પછી શેરબજારને માંડ કળ વળી હતી અને સુધારાના પંથે આગળ વધી રહ્યું હતું ત્યાં ફરી મોટા ગાબડાં અને કડાકા શરૂ થયા હોવાથી રોકાણકારો મૂંઝાયા છે. ગુરુવારના સત્રમાં સેન્સેક્સ ખૂલતા સત્રથી જ ગબડતો રહ્યો હતો અને એક તબક્કે ૧૧૦૦ પોઇન્ટની નીચ સપાટીએ સરકી ગયો હતો. જોકે, બેન્ચમાર્કે સારો એવો ઘટાડો પચાવ્યો છે અને લગભગ ૪૦૦ પોઇન્ટ રિકવર થયો હતો. અંતે સેન્સેક્સ ૬૪૪.૬૪ પોઇન્ટ અથવા તો ૦.૭૯ ટકાના કડાકા સાથે ૮૦,૯૫૧.૯૯ની અને નિફ્ટી ૨૦૩.૭૨ પોઇન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૨૪,૬૦૯.૭૦ની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, ટેક મહિન્દ્રા, પાવર ગ્રીડ, આઇટીસી, હિન્દુસ્તાન યુનિલિવર, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને મારુતિ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, ભારતી એરટેલ અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ ગેઇનર્સની યાદીમાં હતા.

અમેરિકાની રાજકોષીય ચિંતા અને વધતી ટ્રેઝરી યીલ્ડને કારણે વૈશ્વિક સ્તરે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ખૂબ જ નકારાત્મક અસર પડી હોવાથી આગામી યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણી અને સંભવિત ફેડરલ રિઝર્વ રેટ નિર્ણયોને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સાવચેતી જોવા મળી હતી. આ ઉપરાંત ક્રૂડ ઓઇલનો ભાવવધારો પણ ભારતીય અર્થતંત્ર માટે નકારાત્મક પરિબળ છે.

ઇન્ડિગોના શેર ચોથા ક્વાર્ટરમાં ૬૨ ટકાની વાર્ષિક વૃદ્ધિ બાદ લગભગ છ ટકા તૂટ્યા હતા, જોકે પાછળથી રિકવર થઇને ઘટાડો બે ટકા સુધી પહોંચ્યો હતો. જ્યારે ચોથા ત્રિમાસિકમાં ૧૪ ટકાનો વાર્ષિક ઘટાડો નોંધાવનાર ઇર્કોન ઇન્ટરનેશનલના શેરમાં પાંચ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. એલ્યુમિનિયમના મજબૂત ભાવને કારણે ચોથા ત્રિમાસિકનો નફો બમણો થઈને રૂ. ૨,૦૬૭ કરોડ થયા પછી નાલ્કોના શેરમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. ચોથા ત્રિમાસિકમાં ૩૫ ટકાના વાર્ષિક ઘટાડા પછી ઓએનજીસીના શેરમાં એક ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે. આવતી ૨૬મી મેના રોજ બે ભરણાં આવી રહ્યાં છે, જેમાં એજિસ વોપેક ટર્મિનલ્સ અને સ્કલોસ બેંગોલર લિમિટેડનો સમાવેશ છે. બ્લુ વોટર લોજિસ્ટિક્સ લિમિટેડ ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ ધોરણે ત્રીસ લાખ ઈકવિટી શેરના જાહેર ભરણાં સાથે ૨૭મી મેના રોજ મૂડી બજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૨ થી રૂ. ૧૩૫ પ્રતિ શેર નક્કી થઇ છે. લઘુત્તમ લોટ સાઇઝ ૧૦૦૦ ઇક્વિટી શેરની છે. આ કંપનીના શેરનું લિસ્ટિંગ ત્રીજી જૂને થવાની સંભાવના છે. એસબીસી એક્સપોર્ટ આઇપીઓ લાવવાની યોજના ધરાવે છે.

એનએસઇના આઇપીઓ અંગે સેબી ચીફે જણાવ્યું છે કે બાકી રહેલા તમામ મુદ્દાનો ટૂંક સમયમાં જ હલ કાઢવામાં આવશે. ક્રાફ્ટ પેપરની ઉત્પાદક કંપની નિકિતા પેપર્સ લિમિટેડ, એન્કર ઇન્વેસ્ટર્સ માટે ૨૬ મેએ અને અન્યો માટે ૨૭ મેના રોજ ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. કંપની રૂ. ૬૭.૫૪ કરોડ એકત્ર કરવા ધારે છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૫થી રૂ. ૧૦૪ પ્રતિ શેર નક્કી થઇ છે. લોટ સાઇઝ ૧,૨૦૦ ઇક્વિટી શેર છે. ઓએનજીસીએ ૩૫ ટકાના વધારા સાથે રૂ. ૬૪૪૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. રેવેન્યુ એક ટકાના વધારા સાથે રૂ. ૩૪,૯૮૨ કરોડ નોંધાઇ છે.

ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગમાં અગ્રણી, પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડએ રૂ. ૨૪.૭૭ કરોડના મૂલ્યના રિપીટ વર્ક ઓર્ડરની પ્રાપ્તિની જાહેરાત કરી છે. આ ઓર્ડર રાજસ્થાનના ઉદયપુર એર ટર્મિનલ ખાતે એક વ્યાપક પાવર સપ્લાય સિસ્ટમની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ, કમિશનિંગ અને ક્લાયન્ટ હેન્ડઓવર સાથે સંબંધિત છે.

ટાટા મોટર્સે આજે ફેસલિફ્ટેડ અલ્ટ્રોઝ એક્સ શોરૂમ રૂ. ૬.૮૯ લાખની પ્રારંભિક કિંમતે લોન્ચ કરી છે. ૨૦૨૦ની શરૂઆતમાં લોન્ચ થયા પછી આ અલ્ટ્રોઝમાં પહેલું મોટું અપડેટ છે. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિમિટેડ અને ટાટા પેસેન્જર ઇલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના એમડી શૈલેષ ચંદ્રાના જણાવ્યા અનુસાર, પાછલા ત્રણ વર્ષમાં ૧૦ લાખથી વધુ પ્રીમિયમ હેચબેકનું વેચાણ થયું છે અને હેચબેક ભારતના ઓટો ઉદ્યોગનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

ટીસીએસને જાહેર ક્ષેત્રની ટેલિકોમ કંપની બીએસએનએલ તરફથી રૂ. ૨૯૦૩.૨૨ કરોડનો એડ ઓન એડવાન્સ પરચેઝ ઓર્ડર પ્રાપ્ત થયો છે. ટેક્સટાઇલ અને ગાર્મેન્ટ મશીનરી અને ટેકનોલોજી, ફેબ્રિક્સ ઇનોવેશન, ડિજીટલ સ્ક્રિન પ્રિન્ટિંગ વગેરે પર કેન્દ્રિત ગ્રેટેક્સ ટેક્સ પ્રોસેસ ઇન્ડિયા મુંબઇ ૨૦૨૫માં ભારત ઉપરાંત ચીન, ઇટલી, જાપાન, કોરિઆ, સિંગાપોર અને તાઇવાન સહિતના ૧૨૫ એક્ઝિબિટર્સ સહભાગી થયા હતા. કાપડ ખાતાના પ્રધાન સંજય સાવકારે કહ્યું હતું કે વૈશ્વિક ક્ષેત્રે ભારતીય ટેક્સ્ટાઇલ ઉદ્યોગ ધ્યાન ખેંચી રહ્યો છે. જાહેર ક્ષેત્રની હાઇડ્રોપાવર ડેવલપર, એનએચપીસીએ ચોથા ક્વાર્ટરમાં ૫૨ ટકાના વધારા સાથે રૂ. ૯૧૯ કરોડનો નફો નોંધાવ્યો છે. જોકે, ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં તેનો નફો ૧૫ ટકા ઘટ્યો છે. કોન્ટિનેન્ટલ પેટ્રોલિયમનો નફો ૭૬ ટકા ઘટીને રૂ. ૩૪ લાખ નોંધાયો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ નીચા સ્તરે સ્થિર થયા. યુરોપના બજારો નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ કરી રહ્યા હતા. બુધવારે યુએસ બજારો તીવ્ર ઘટાડા સાથે બંધ થયા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૩૭ ટકા ઘટીને ૬૪.૦૨ ડોલર પ્રતિ બેરલ થયો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ એક દિવસના વિરામ પછી બુધવારે ફરી લેવાલી નોંધાવી હતી. એક્સચેન્જ ડેટા અનુસાર, તેમણે રૂ. ૨,૨૦૧.૭૯ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. બુધવારે સેન્સેક્સ ૪૧૦.૧૯ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૮૧,૫૯૬.૬૩ પર અને નિફ્ટી ૧૨૯.૫૫ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૨૪,૮૧૩.૪૫ પર બંધ થયો હતો. સેન્સેક્સ ૮૧,૦૦૦ પોઇન્ટની સપાટીની નીચે સરકી ગયો હતો. સ્મોલકેપ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ બજારમાં લિસ્ટેડ તમામ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલમાં રૂ. ૨.૨૦ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

### અમેરિકન દેવાની ચિંતા સપાટી પર આવતા વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચેથી પાછું ફર્યું

# સ્થાનિક સોનામાં ₹ ૨૦૭ની આગેકૂચ, ચાંદીમાં ₹ ૮૧૩ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી સરકારના વધી રહેલા દેવા અને ૨૦ વર્ષીય ટ્રેઝરી બૉન્ડમાં નબળી માગ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગને ટેકે એક તબક્કે ભાવ વધીને બે સપ્તાહની ટોચે પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલી નીકળતાં બન્ને કીંમતી ધાતુઓમાં પીછેહઠ જોવા મળી હતી.

જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા તૂટ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૭ની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે ચાંદીમાં મધ્યસત્ર દરમિયાન રૂ. ૧૧૬૦નો ઉછાળો આવ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં અંતે ભાવ કિલોદીઠ રૂ. ૮૧૩ના ઘટાડા સાથે બંધ રહ્યા હતા. .

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે સ્થાનિકમાં વેરા રહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીમાં મધ્યસત્ર દરમિયાન સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬૦ વધીને રૂ. ૯૮,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે, ત્યાર બાદ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૮૧૩ ઘટીને વેરા રહિત ધોરણે રૂ. ૯૬,૫૧૯ના મથાળે બંધ રહ્યા હતા.

તેમ જ આજે વેરા રહિત ધોરણે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૭ વધીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૧૩૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૫,૫૧૬ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર એક તબક્કે સોનાના હાજરમાં ભાવ વધીને ગત નવમી મે પછીની સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સ બે સપ્તાહની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને અમેરિકી ૨૦ વર્ષીય બૉન્ડમાં માગ મર્યાદિત રહેતાં દેવાની ચિંતા સપાટી પર આવતા સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ ૦.૩ ટકા અને વાયદામાં ભાવ ૦.૪ ટકા સુધી વધ્યા બાદ ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૦૩.૮૨ ડૉલર અને ૩૩૦૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી અર્થતંત્રમાં વૃદ્ધિ સ્થગિત થઈ જવાના જોખમોને ધ્યાનમાં લેતા સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં વેરા અને ખર્ચનું બિલ પસાર થઈ ગયું હતું. જોકે, અમેરિકી ટ્રેઝરી વિભાગે જણાવ્યું હતું કે ૧૬ અબજ ડૉલરનાં અમેરિકી ૨૦ વર્ષીય બૉન્ડનાં વેચાણને નબળો પ્રતિસાદ મળ્યો છે. નોંધનીય બાબત એ છે કે મૂડીઝે અમેરિકાનાં રેટિંગમાં ઘટાડો કર્યો હોવાથી બૉન્ડના વેચાણને નબળો પ્રતિસાદ મળવાની સાથે ડૉલર ઈન્ડેક્સ પણ દબાણ હેઠળ આવ્યો છે.

તાજેતરમાં વૈશ્વિક સોનું ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરથી નીચેની સપાટી જાળવી ન શક્યું હોવાથી આગામી લાંબા સમયગાળા દરમિયાન અથવા તો આ વર્ષના અંત સુધીમાં ભાવ વધીને ઔંસદીઠ ૩૪૫૦થી ૩૫૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચી શકે છે, એમ ટેસ્ટીલિવના ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પાઈવેકે જણાવ્યું હતું.

# ચીનને પછાડી ભારત બીજા ક્રમનું સૌથી મોટું ડાયમંડ માર્કેટ બન્યુંઃ ડી બીયર્સ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારત ચીનને પાછળ છોડીને બીજા ક્રમનું સૌથી મોટું ડાયમંડ માર્કેટ બન્યું હોવાનું જણાવતાં યુકે સ્થિત વિશ્વની સૌથી મોટી ડાયમંડ કંપની, ડી બીયર્સ ગ્રુપના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અલ કૂકે બ્લૂમબર્ગ સાથેની એક મુલાકાતમાં નોંધ્યું હતું કે ચીનનું લક્ઝરી બજાર હાલમાં મંદીનો સામનો કરી રહ્યું છે. કુદરતી હીરાના ઝવેરાતની માગ માટે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા બજાર તરીકે આગળ વધી રહ્યું હોવાનું જણાવતાં ભારતની તાજેતરની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું હતું કે ચીનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે બીજા ક્રમનું સૌથી મોટું બજાર બન્યું છે. ભારતીય ઉદ્યોગ પહેલા ભારતમાંથી અને ભારત દ્વારા હીરા, પર ધ્યાન કેન્દ્રિત કરતો હતો પરંતુ હવે તે ભારત માટે અને ભારતમાં હીરા વિશે વધુને વધુ છે. તેમણે કહ્યું કે, બે હજાર વર્ષથી વધુ સમયથી ભારત વિશ્વના હીરા ઉદ્યોગના કેન્દ્રમાં રહ્યું છે. મેં મુંબઈ અને સુરતમાં પાછલા ત્રણ દિવસમાં તે ઇતિહાસ જાતે જોયો છે. પરંતુ મેં એ પણ જોયું છે કે ભારતમાં હીરાનું ભવિષ્ય ભૂતકાળ કરતાં પણ વધુ સારું હશે. મેં ભારતમાંનવીનતા જોઈ છે, સહકાર અને દૃઢ નિશ્ચય જોયો છે. ભારતમાં કુદરતી હીરાની માગ ઝડપથી વધતી જાય છે. એલજીડી હોલસેલ વેલ્યુ પ્રતિ કેરેટ ૬૦ થી નીચે આવી રહી છે, એમ જણાવતાં તેમણે ટેકનોલોજી-સક્ષમ હીરા પરીક્ષણ અને ડાયમંડપ્રૂફ ઇન્સ્ટ્રુમેન્ટના મહત્વ પર ભાર આપ્યું હતું.

# તાજેતરના વરસાદથી મુખ્ય પાકને નુકસાન થવાની શક્યતા નથી, ઉત્પાદન વધશેઃ કૃષિ સચિવ

નવી દિલ્હીઃ ભારે ગરમી પશ્ચાત્ તાજેતરમાં દેશનાં અમુક હિસ્સાઓમાં પડેલા વરસાદને કારણે કોઈપણ મુખ્ય પાકને નુકસાન નથી થયું, પરંતુ તેના કારણે ઉનાળુ પાકના ઉત્પાદનમાં વધારો થશે, એમ કૃષિ સચિવ દેવેશ ચતુર્વેદીએ જણાવ્યું હતું. અત્રે હવામાનની પેટર્ન અંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું હતું કે સામાન્યપણે આ સમયગાળામાં ભારે ગરમીની સ્થિતિ અને પછી વરસાદ, કરા અને તોફાની પવન જોવા મળે છે. જોકે, તેમણે આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ)ને કારણે આવી અણધારી પરિસ્થિતિ સર્જાતી હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે અત્યાર સુધીમાં આ વરસાદને કારણે પાકને નુકસાન થયું હોય તેવા કોઈ અહેવાલ નથી, પરંતુ તેને કારણે મગ, મકાઈ અને ડાંગર જેવા ઉનાળુ પાકને લાભ થવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ અને બિહારના અમુક હિસ્સાઓમાં કરા અને તોફાની પવનોને કારણે પાકેલી કેરીઓ અને લિચી જેવાં ફળો પડી ગયાં હશે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા આકારણી કરવાની બાકી છે અને આકારણી થયા બાદ મંત્રાલયને અહેવાલ આપવામાં આવશે. આગામી ખરીફ મોસમ અંગે તેમણે જણાવ્યું હતું કે આગામી જુલાઈથી શરૂ થનારા ડાંગરના વાવેતરની તૈયારીઓ પૂરજોશમાં થઈ રહી છે.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ અનુક્રમે રૂ. ૪૫ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. તેમ જ તેની આગેવાની હેઠળ બ્રાસ, કોપરની અમુક વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર કોપર કેબલ સ્ક્રેપમાં વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને વપરાશકાર ઉદ્યોગની તથા સ્થાનિક ડીલરોની માગ પણ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૫ ઘટીને રૂ. ૨૮૪૩ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશી માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૫૮૦ અને રૂ. ૧૮૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૪૮ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૨૪, રૂ. ૮૮૫ અને રૂ. ૨૪૪ના મથાળે રહ્યા હતા.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૩ સેન્ટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૩ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં કામકાજો પાંખાં રહ્યા હતા. તેમ જ મલયેશિયા પાછળ ખાસ કરીને આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ દેશી તેલમાં સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૧૧ અને રૂ. ૧૨૩૧, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦થી ૧૨૩૫ તથા ગોલ્ડન એગ્રી અને રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ.૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૪૧૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો તથા સ્ટોકિસ્ટોની માગ જળવાઈ રહેતા તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ લાખ ગૂણી સોયાસીડની આવક થઈ હોવાનું તેમ જ જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૫૦થી ૬૫૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**ટુ લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ**

**ઈ -ટેન્ડર સૂચના નંબર CPMGS-ADI-ROB27_25-26-1** ભારતના યુનિયનના પ્રમુખ માટે અને તેમના વતી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ગતિ શક્તિ), પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **1. કામનું નામ અને તેનું સ્થાન: ઇ-ટેન્ડર નં.** CPMGS- ADI-ROB27 _25 -26-1 ગતિ શક્તિ યુનિટ, પશ્ચિમ રેલવે હેઠળ અમદાવાદ ડિવિઝન અમદાવાદ-વિરમગામ સેક્શન પર છારોડી અને વાસણ ઇયાવા વચ્ચે રેલવે કિમી 530/9-11 પર LC નં. 27 ના બદલે વાયડક્ટ અને RE દિવાલો સાથે 1x 51 મીટર કમ્પોઝિટ સ્ટીલ ગર્ડર સાથે ટુ લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ. **2. કામની અંદાજિત કિંમત:** ₹44,86,81,266.16 **3 . જમા કરાવવાની અર્નેસ્ટ મની:** ₹23,93,400/- **4. ટેન્ડર ફોર્મ ફી:** શૂન્ય **5.કામ પૂર્ણ કરવાની અવધિ:** ચોમાસા સહિત 18 (અઢાર) મહિના. **6. ઈ-ટેન્ડરની છેલ્લી તારીખ અને સમય:** તારીખ: 17.06.2025 સમય: 15:00 કલાકે **7. વેબસાઈટ વિગતો નોટીસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું: વેબસાઈટ: www.ireps.gov.in** મુખ્ય પ્રોજેક્ટ મેનેજર/ગતિ શક્તિનું કાર્યાલય, "A" વિંગ, 4થો માળ, નિર્માણ ભવન, DRM ઓફિસ પાસે, પશ્ચિમ રેલવે, અમદાવાદ-382345.
047

Like us on: facebook.com/WesternRly


# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૧૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સાધારણ ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
નં. E.E. મિકે. (S)/૧૧૩૦/ M & E તા. ૨૨/૫/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ BMCની વેબસાઈટ પર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખિત છે.

| ક્ર.નં. | | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_ ૧૧૮૨૭૬૩_૧ | મ્યુનિસિપલ વર્કશોપ ખાતે સુથારીકામમાં વિવિધ પ્રકારના પુનઃસ્થાપન કામ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લેવાની રહેશે.

સહી/-
PRO/488/ADV./2025-26 Ex.ENG.MECH (સાઉથ)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ
- પબ્લિક નોટીસ -

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૨૮ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-Iમાં 'A' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ & ઝોન-IIમાં 'F/નોર્થ વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ, કુલ ૦૩ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે ટ્રી ઓથોરિટી/મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી mcgm વેબસાઈટ - www.mcgm.gov.in - About us ward / Department - Department manuals - Gardens & Tree Authority-૧૦૨૨ (A વોર્ડ), ૧૦૨૩ (F/નોર્થ), ૧૦૨૪ (F/નોર્થ) ઉપર ઉપલબ્ધ છે.

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી
પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ
વીરમાતા જીજાબાઈ ભોસલે ઉદ્યાન
ડૉ. આંબેડકર રોડ, ભાયખલા (પૂ),
મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. - ૨૩૭૪૨૧૬૨
ઈ-મેલ - sg.gardens@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર
PRO/492/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જીનિયરનો વિભાગ)

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૮૨૫૫૦_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | AE (મેઈન્ટ.) WW શહેરની સેક્શન હેઠળ શહેર વિસ્તારમાં ભંડારવાડા હિલ રિઝર્વોયરના કમ્પાર્ટમેન્ટ-Iના ઈનલેટ પર સ્થાપિત BFV સાથે ૯૦૦ mm dia, SVની બદલી અને જૂની BHR ઈનલેટને કાઢી નાખવું. |
| ટેન્ડર ફિ | રૂ. ૪૨૮૩.૪૦ (રૂ. ૩,૬૩૦.૦૦+૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૧૧,૬૮,૭૬૮.૨૫ (GST@૧૮%ની સહિત) |
| બિડ સિક્યોરિટી ડિપોઝિટ / બારડી | રૂ. ૧૨,૦૦૦.૦૦ (URL https://mahatenders.gov.in પર GOMના પેમેન્ટ ગેટવે દ્વારા |
| સમયગાળો | ૦૬ મહિના (ચોમાસા સિવાય) |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૩/૦૫/૨૦૨૫ ૧૧:૦૦ કલાકથી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૨૮/૦૫/૨૦૨૫ના ૧૬.૦૦ કલાક સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) અને બીડ સિક્યુરીટી ડિપોઝિટની પ્રાપ્તી | ૨૮/૦૫/૨૦૨૫ના ૧૬:૦૦ કલાક સુધી |
| પ્રિ-બિડ મિટિંગ | લાગુ પડતું નથી |
| પેકેટ A ખુલશે | ૨૯/૦૫/૨૦૨૫ ૧૬.૦૫ કલાક પછી |
| પેકેટ B ખુલશે | ૩૦/૦૫/૨૦૨૫ ૧૨.૧૦ કલાક પછી |
| પેકેટ C ખુલશે | ૦૬/૦૬/૨૦૨૫ ૧૫.૦૦ કલાક પછી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | ૧. શ્રી A.B. દેસાઈ (SE):- ૯૯૩૦૨૬૦૪૯૭ ૨. શ્રી N.M.ધોંડગે (AE):- ૯૯૩૦૨૬૦૫૬૯ |
| સંચાર માટે સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (જાળવણી) મિટર વર્કશોપ, BMC, ૫૬૬, N. M. જોષી માર્ગ, 'S' બ્રિજ પાસે, ભાયખલા (પ), મુંબઈ- ૪૦૦૦૧૧ની ઓફિસ. Email ID - aewwmcity01.he@mcgm.gov.in |
| બિડ ખોલવાનું સ્થળ | એક્ષીક્યુટીવ એન્જિનિયર (જાળવણી) મીટર વર્કશોપ, BMC, ૫૬૬, એન.એમ. જોશી માર્ગ, 'એસ' બ્રિજ નજીક, ભાયખલા (પ), મુંબઈ- ૪૦૦૦૧૧ની ઓફિસમાં ઓનલાઈન |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરપાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
PRO/489/ADV./2025-26 ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## સલમાન ખાનના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરનારાં યુવક-યુવતી પકડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા ત્રણ દિવસમાં બનેલી બે અલગ અલગ ઘટનામાં બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરવા બદલ યુવક-યુવતીને પકડી પાડવામાં આવ્યાં હતાં. અભિનેતાનો ફૅન હોવાનો દાવો કરનારા છત્તીસગઢના યુવાને સુરક્ષા માટે તહેનાત પોલીસે સમજાવીને પાછો મોકલી દીધા છતાં ચોરીછૂપીથી ફરી બિલ્ડિંગમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે બીજી ઘટનામાં ખારમાં રહેતી મૉડેલ

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ-થાણેમાં બે દિવસ ઓરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજથી બે દિવસ મુંબઈ, થાણે સહિત પાલઘર માટે હવામાન વિભાગે ઓરેન્જ અલર્ટની ચેતવણી જાહેર કરીને ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. તો રાજ્યમાં રાયગઢ અને રત્નાગિરી માટે રેડ તેમ જ બાકીના જિલ્લા માટે ઓરેન્જ એલર્ટ આપીને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

લો પ્રેશરની અસર હેઠળ મુંબઈ સહિત થાણેમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વાદળિયું વાતાવરણ રહેવાની સાથે સાંજ બાદ વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી રહ્યો છે. મંગળવારે મોડી સાંજે મુંબઈ સહિતના મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તામાં ભારે વરસાદ રહ્યા બાદ બુધવારે મોડી રાતે પણ ભારે વરસાદ પડયો હતો. ગુરુવારે થાણેમાં વરસાદ રહ્યો હતો તો મુંબઈના અમુક વિસ્તારમાં દિવસ દરમ્યાન વરસાદના મધ્યમ સ્વરૂપના ઝાપટાં પડી ગયા હતા.મુંબઈમાં આજથી બે દિવસ ઓરેન્જ એલર્ટની ચેતવણી હોઈ પાલિકા પ્રશાસન સહિત જુદી જુદી સરકારી એજન્સી એલર્ટ મોડમાં આવી ગઈ છે. રાજ્યના હવામાન વિભાગે રવિવાર સુધીની ચેતવણી જાહેર કરી છે, તે (જુઓ પાનું ૪) ▶▶

### દહેજ ઉત્પીડન-આત્મહત્યા કેસ

## આરોપી પિતા-પુત્રની એનસીપીમાંથી હકાલપટ્ટી



### સંપૂર્ણ મામલો શું છે?

વૈષ્ણવીના પતિ, સાસુ અને ભાભીની ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણેય પર વૈષ્ણવીને દહેજ માટે હેરાન કરવાનો અને તેને આત્મહત્યા કરવા માટે ઉશ્કેરવાનો આરોપ છે.

વૈષ્ણવીના સસરા રાજેન્દ્ર હગવણે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની પાર્ટી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા છે. બવધન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં, વૈષ્ણવીના પિતા

(જુઓ પાનું ૪) ▶▶

પુણે: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ ગુરુવારે જણાવ્યું હતું કે દહેજ ઉત્પીડન અને આત્મહત્યા માટે ઉશ્કેરણીના કેસમાં નામ આવ્યા બાદ પાર્ટીના એક સ્થાનિક નેતા અને તેમના પુત્રને પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.પુણે જિલ્લા એનસીપીના વડા શિવાજી ગર્જેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હાલમાં ફરાર બંને રાજેન્દ્ર હગવણે અને તેમના પુત્ર સુશીલને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.

પક્ષના પ્રમુખ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર તાજેતરમાં ધરપકડ કરાયેલા હગવણેના બીજા પુત્રના લગ્નમાં હાજર હતા, તેમણે કહ્યું હતું કે, પોલીસને પિતા-પુત્રની જોડીને પકડવાનો નિર્દેશ આપ્યો છે અને તે માટે જો જરૂરી હોય તો વધારાની ટીમો તહેનાત કરવા જણાવ્યું છે. એનસીપીના સ્થાનિક નેતા રાજેન્દ્રની પુત્રવધૂ

(જુઓ પાનું ૪) ▶▶

### હું કેવી રીતે જવાબદાર?: અજિત પવાર

બારામતીમાં એક પાર્ટી કાર્યક્રમમાં બોલતા, અજિત પવારે વૈષ્ણવી અને શશાંકના લગ્નનો ઉલ્લેખ કર્યો હતો જ્યાં તેમણે દંપતીને એસયુવીની ચાવીઓ સોંપી હતી.

તેમણે કન્યાના પિતાને પૂછ્યું હતું કે શું કાર સ્વેચ્છાએ ભેટમાં આપવામાં આવી રહી છે કે વરરાજાના પરિવારના દબાણ હેઠળ માગી છે?

‘તમે બધા મને લગ્નોમાં આમંત્રણ આપો છો અને હું તેમાં હાજરી આપવાનો પ્રયાસ કરું છું, પરંતુ જો હું કોઈ પાર્ટી કાર્યકરના પુત્રના લગ્નમાં હાજરી આપું છું અને તે પછીથી તેની પુત્રવધૂ સાથે ખરાબ વર્તન કરે છે, તો મને કેવી રીતે જવાબદાર ઠેરવી શકાય? શું અજિત પવારે તેમને આવું કરવા કહ્યું હતું? એમ તેમણે પૂછ્યું હતું.

‘ઘટના વિશે જાણ્યા પછી તરત જ મેં પિંપરી ચિંચવડના

(જુઓ પાનું ૪) ▶▶

## મધ્ય મુંબઈમાં મ્હાડાની ૯૬ ઈમારત અતિ જોખમી જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસા દરમ્યાન જર્જરીત બિલ્ડિંગ તૂટી પડવાનું જોખમ વધી જતું હોય છે, તેથી દર વર્ષે મુંબઈ મહાનગરપાલિકા સહિત મ્હાડા દ્વારા મુંબઈની જોખમી ઈમારતોનું સર્વેક્ષણ કરીને અતિજોખમી બિલ્ડિંગોને ખાલી કરવા માટે નોટિસ આપવામાં આવતી હોય છે. આ વર્ષે મ્હાડાએ જૂની અને તૂટવાને આરે આવેલી સેસ બિલ્ડિંગમાંથી ૯૬ બિલ્ડિંગને

(જુઓ પાનું ૪) ▶▶

### કટોકટી માટે કંટ્રોલ નંબર

મ્હાડાએ કટોકટીના સમય માટે અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક માટેનો કંટ્રોલ નંબર જાહેર કર્યો છે. ૦૨૨-૨૩૫૩ ૬૯૪૫ અને ૯૩૨૧૬ ૩૭૬૯૯ નંબર પર કટોકટીમાં સંપર્ક કરવો. તો મુંબઈ મહાનગરપાલિકાએ પણ કંટ્રોલ નંબર જાહેર કર્યા છે, જેમાં મદદ માટે ૨૨૬૩૪૭૨૫/૨૭ નંબર પર સંપર્ક કરી શકાશે. ■

### મુંબઈમાં ૧૩૪ જોખમી બિલ્ડિંગ:પાલિકા

ચોમાસા પહેલા સર્વેક્ષણમાં પાલિકાએ મુંબઈમાં ૧૩૪ બિલ્ડિંગ અત્યંત જોખમી હોવાનું જાહેર કર્યું છે. ગયા વર્ષે આ આંકડો ૧૮૮નો હતો. જોખમી બિલ્ડિંગમાંથી ૫૭ બિલ્ડિંગ ખાલી કરાવી દેવામાં આવી છે અને તેને તોડી પાડવાની કામગીરી ચાલી રહી છે. ૭૭ બિલ્ડિંગ હજી લોકોએ ખાલી કરી નથી, તેમાંથી અમુક બિલ્ડિંગના કેસ ચાલી રહ્યા છે. પાલિકાના સર્વેક્ષણ મુજબ સૌથી જોખમી બિલ્ડિંગ બાન્દ્રા, ખાર અને સાંતાક્રુઝ(પશ્ચિમ) અને ગોરેગામમાં છે જયાં સરેરાશ ૧૫ બિલ્ડિંગો જોખમી છે. ત્યારબાદ જોગેશ્વરી, અંધેરી (પૂર્વ) અને ઘાટકોપરમાં ૧૧-૧૧ બિલ્ડિંગો જોખમી છે. ■

## ‘મેઈડ ઇન પાકિસ્તાન’ ઉત્પાદનો વેચનારાઓ પર તવાઈ

### એફઆઈઆર દાખલ કરીને કાર્યવાહી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પાકિસ્તાનમાં બનેલા ઉત્પાદનો વેચતા ઓનલાઈન પ્લેટફોર્મ સામે કડક વલણ અપનાવ્યું છે. એક ન્યૂઝ ચેનલ પર સરકારનું વલણ સ્પષ્ટ કરતાં ફડણવીસે કહ્યું હતું કે પાકિસ્તાની સામાન ઓનલાઈન વેચતા તમામ પોર્ટલ સામે એફઆઈઆર દાખલ કરીને કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે કહ્યું કે બુધવારે અમે બતાવ્યું હતું કે કેવી રીતે એમેઝોન અને મીશો જેવા પ્લેટફોર્મ પર પાકિસ્તાની ઉત્પાદનોનું મોટા પાયે વેચાણ થઈ રહ્યું છે. દિલ્હી, મેરઠ, માલેગાંવમાં પાકિસ્તાની ઉત્પાદનોના ડીલરો છે જેઓ ઓનલાઈન ઓર્ડર મળતાં સમગ્ર દેશમાં માલ સપ્લાય કરે છે. અહીં ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ ખાતાના પ્રધાન પ્રહલાદ જોશીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ)એ પાકિસ્તાની ધ્વજ અને સંબંધિત વસ્તુઓના વેચાણ અંગે એમેઝોન ઇન્ડિયા, ફ્લિપકાર્ટ, યુબાય ઇન્ડિયા, એટ્સી, ધ (જુઓ પાનું ૪) ▶▶

## પાકિસ્તાનના ₹ ૧૫,૦૦૦ના ડ્રોનને રોકવા માટે ₹ ૧૫ લાખની મિસાઈલોનો ઉપયોગ કેમ?: કૉંગ્રેસ

નાગપુર: મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે બુધવારે ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન ૧૫,૦૦૦ રૂપિયાની કિંમતના પાકિસ્તાન દ્વારા ચલાવવામાં આવેલા ચાઇનીઝ ડ્રોનને રોકવા માટે ૧૫ લાખ રૂપિયાની મિસાઇલોનો ઉપયોગ કરવાનું કારણ પુછીને તેની યોગ્યતા પર સવાલ ઉપસ્થિત કર્યો હતો.

નાગપુરમાં પત્રકારો સાથે વાત કરતા રાજ્યના ભૂતપૂર્વ પ્રધાને જાણવાનો પ્રયાસ કર્યો કે શું સરકારને પાકિસ્તાન

(જુઓ પાનું ૪) ▶▶

## ૧૧મા ધોરણની પ્રવેશ પ્રક્રિયા માટે અરજી હવે ૨૬ મેથી કરાશે

મુંબઈ: ૧૧મા ધોરણની પ્રવેશ પ્રક્રિયાની વેબસાઇટ પર ટેકનિકલ મુશ્કેલીઓને પગલે શિક્ષણ નિયામકમંડળે જાહેરાત કરી હતી કે અરજી નોંધણી અને પસંદગી ક્રમ ભરવાની પ્રક્રિયા હવે ૨૬ મેના રોજ સવારે ૧૧ વાગ્યાથી શરૂ થશે. ૨૧ મેના રોજ પ્રવેશ પ્રક્રિયામાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ, શિક્ષણ નિયામક દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે ટૂંક સમયમાં સુધારેલ સમયપત્રક જાહેર કરવામાં આવશે.

ધોરણ ૧૦ના પરિણામો પછી શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ ધોરણ ૧૧ની

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

## વિધાનસભાની સમિતિને લાંચનો પ્રયાસ: રાઉત

### એસઆઈટી તપાસનો આદેશ

મુંબઈ: શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે એવો આરોપ લગાવ્યો હતો કે તેમના પક્ષના કાર્યકરોએ ધુળે જિલ્લાની મુલાકાત દરમિયાન રાજ્ય વિધાનસભાની અંદાજ સમિતિને ‘લાંચ’ આપવાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો, જેને પગલે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સમગ્ર પ્રકરણની એક ખાસ ટીમ (એસઆઈટી) દ્વારા તપાસનો આદેશ આપ્યો હતો.

સમિતિના અધ્યક્ષ અર્જુન ખોતકરે આ ઘટનાને તેમના અંગત સહાયક (પીએ) સાથે સાંકળતા આરોપોને ફગાવી દીધા હતા. ખોતકર નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**